દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 153 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ સુદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 June 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૩૦ જૂન ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦

ધર્મતેજ પૂર્તિ

## પહેલી જુલાઈ, ૨૦૨૫ના સમગ્ર એશિયાનું સૌથી જૂનું અખબાર "મુંબઈ સમાચાર" પ્રવેશે છે ૨૦૪ વર્ષમાં...




### મુંબઈ સમાચાર adani ધન્વંતરિ અવૉર્ડ ૨૦૨૫

સન્માનિત ડૉક્ટરો




'૫૧ ગુજરાતીઓ' કૉફીટેબલ બુકનું વિમોચન



મુખ્ય અતિથિ
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
મુખ્ય પ્રધાન, ગુજરાત


ડૉ. અમિત વોરા
MBBS, MD, DM, DNB (Cardiology)


ડૉ. જગદીશ પરીખ
MBBS, MD (Internal Medicine), DM (Cardiology)


ડૉ. નિલેશ ડૉક્ટર
MBBS, MS, DNB (General Surgery), MNAMS, FRCS


ડૉ. સમ્રાટ શાહ
MBBS, MD (Internal Medicine)


ડૉ. જી પી રત્નપારખી
MBBS, MD (Medicine), DM (Cardiology), FESC, FCSI, FSCAI


ડૉ. સોનલ ચૌહાણ
MBBS, MD, DMRE


ડૉ. વશિષ્ઠ મણિયાર
MBBS, MD (Medicine), DM (Oncology)


ડૉ. દિન્યાર દારૂવાલા
MBBS, MD (Medicine), DM (Cardiology)


ડૉ. મમતા મંગલાની
MBBS, M.D.(Ped.), DCH, USMLE, FRCPCH


ડૉ. ભાસ્કર શાહ
MBBS, MD Medicine, DM Cardiology


ડૉ. સિદ્ધાર્થ લાખાણી
MBBS, MD, DM, DNB (Nephrology)



ડૉ. હાર્દિક પરીખ
MBBS, MS (Ophthalmology)


ડૉ. જીવન જૈન
MBBS


ડૉ. કિશોર દવે
MBBS, MD (Psychiatry), DPM



ગીત-સંગીતની ધૂમ મચાવશે બોલિવૂડ સિંગર ભૂમિ ત્રિવેદી


ડૉ. શરદ શાહ
MBBS, MD Homoeopathy


ડૉ. બટુક ડિયોરા
MBBS, MS (General Surgery), DNB (Neurosurgery)

**તારીખ :** ૧ જુલાઈ ૨૦૨૫
**સમય :** સાંજે ૭.૦૦ વાગ્યે
**સ્થળ :** નહેરુ સેન્ટર ઑડિટોરિયમ, વરલી, મુંબઈ.

visit: www.bombaysamachar.com

સંચાલનઃ મિલન ત્રિવેદી

વાચકમિત્રોએ પાસ મેળવવા આજે બપોરે ૧ થી ૪ દરમિયાન મુંબઈ સમાચારની વેબસાઈટ પર ધન્વંતરિ અવૉર્ડ-૨૦૨૫ આઈકન પર ક્લિક કરવું

**I NEED TICKET** મેસેજ મોકલ્યા બાદ આવેલા ગૂગલ ક્યૂઆર કોડ પર રૂા. ૧૫૦/- (ટિકિટદીઠ) ગૂગલ-પે કરવાના રહેશે. અમને ગૂગલ-પેનું કન્ફર્મેશન મળતાં જ તમને તમારા વૉટ્સઍપ પર સીટ નંબર પ્રાપ્ત થશે. પાસ બુક કર્યા બાદ ગેરહાજર રહેનારને રિફંડ નહીં મળે.
(કાર્યક્રમના તમામ હક્ક મુંબઈ સમાચારને આધિન છે.)

63 SATS Cybertech

સહ પ્રાયોજકઃ
MICL MAN INFRACONSTRUCTION LIMITED LIVE BETTER
NSE
DOSTI FRIENDS FOR LIFE
NEELYOG DREAMS TO REALITY
JAIN JAGRUTI CENTRE JJC 1975
JJC NORTHEAST
Suru Kirlian
GAJRA Adorning Mother Earth ISO 9001:2015 CERTIFIED COMPANY
21+ years | 65+ projects | 5000+ happy families
Bunty's JINAL studio the creative people... Estd 1983
CORONA

સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
# દૈનિક મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 153 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ સુદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 June 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૩૦ જૂન ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હિંદી ભાષા ફરજિયાત કરવાને મુદ્દે રાજ્ય સરકારની પીછેહઠ

## ▸ આખરે બંને જીઆર રદ ▸ ત્રિભાષી પદ્ધતિ લાગુ કરવી કે નહીં તેનો અભ્યાસ કરવા સમિતિની રચના

**પ્રાથમિક શાળામાં ત્રીજી ભાષા તરીકે હિન્દી ફરજિયાત કરવાના રાજ્ય સરકારના નિર્ણય સામે સામાન્ય નાગરિકોની સાથે જ રાજકીય સ્તરે પણ તેનો જબરદસ્ત વિરોધ જાગ્યો હતો.**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શાળાઓમાં પહેલાથી પાંચમા ધોરણમાં હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત કરવાના મુદ્દે ફાટી નીકળેલા વિરોધને પગલે આખરે ફડણવીસ સરકારને નમતું જોખવું પડ્યું છે. રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પ્રાથમિક શાળામાં ત્રિભાષા પદ્ધતિ લાગુ કરવાના મુદ્દે બહાર પાડેલા બંને ગવર્નમેન્ટ ઓર્ડર (જીઆર)ને રવિવારે રદ કરવાની ફરજ પડી હતી.

રાજ્યમાં ત્રિભાષી સૂત્ર લાગુ કરવું કે નહીં તે માટે ડૉ. નરેન્દ્ર જાધવની અધ્યક્ષતામાં એક સમિતિ નીમવામાં આવવાની છે અને તેનો અહેવાલ આવ્યા બાદ આ બાબતે નિર્ણય લેવામાં આવશે એવી જાહેરાત રવિવારે મુંબઈમાં એક પત્રકાર પરિષદમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કરી હતી.

પ્રાથમિક શાળામાં ત્રીજી ભાષા તરીકે હિન્દી ફરજિયાત કરવાના રાજ્ય સરકારના નિર્ણય સામે સામાન્ય નાગરિકોની સાથે જ રાજકીય સ્તરે પણ તેનો જબરદસ્ત વિરોધ જાગ્યો હતો. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે બંને પિતરાઈભાઈઓ આ મુદ્દે એક થઈને રાજ્ય સરકારના આ નિર્ણય સામે વિરોધ પણ દર્શાવ્યો હતો. ચોતરફથી વિરોધ થવાની સાથે ઓછામાં પાછું સોમવારથી રાજ્યનું ચોમાસું અધિવેશન શરૂ થવાનું હોવાથી વિરોધપક્ષોને એક મુદ્દો મળી જશે અને અધિવેશન ગજાવી મૂકશે એવો ડર પણ હોવાને કારણે રાજ્ય સરકારને ઝુકવું પડ્યું હોવાનું રાજકીય સ્તરે ચર્ચાઈ રહ્યું છે અને તેથી જ રવિવારે ઉતાવળે મુખ્ય પ્રધાને હિન્દી ભાષાને લગતા જીઆર રદ કરવાની જાહેરાત કરવી પડી હોવાનું માનવામાં

(જુઓ પાનું ૨) ▸▸



## કટોકટી સામે લડનારા લોકોને સદાય યાદ રખાશેઃ મોદી

### સોશિયલ સિક્યોરિટી સ્કીમનો લાભ ૯૫ કરોડ લોકો લે છે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હાલમાં વિવિધ ધાર્મિક યાત્રાએ જઇ રહેલા લોકોને 'મન કી બાત' નામના માસિક રેડિયો કાર્યક્રમમાં શુભેચ્છા પાઠવી હતી અને જણાવ્યું હતું કે દેશમાં ભૂતકાળમાં કોંગ્રેસના શાસન વખતે લદાયેલી કટોકટી સામે લડત આપનારા રાજકારણીઓને હંમેશાં યાદ રખાશે. દેશમાં હાલમાં વિવિધ સોશિયલ સિક્યોરિટી સ્કીમનો લાભ લેનારા લોકોની સંખ્યા વધીને અંદાજે ૯૫ કરોડ થઇ ગઇ છે. એક સમયે આસામનો 'બોડોલેન્ડ ટેરિટરિયલ રિજિયન' ઉગ્રતાવાદ માટે કુખ્યાત હતો, પરંતુ આજે આ વિસ્તાર ત્યાંના યુવાન ફૂટબૉલ ખેલાડીઓથી જાણીતો છે.

મોદીએ જણાવ્યું હતું કે દેશમાં કૉંગ્રેસના શાસન વખતે લદાયેલી કટોકટીની સામે લડનારા તે સમયના વિપક્ષના રાજકારણીઓએ લોકોને દેશના બંધારણની જાળવણી માટે

(જુઓ પાનું ૨) ▸▸

## પુરીની રથયાત્રામાં ધક્કામુક્કીઃ ત્રણનાં મોત, પચાસ ઘાયલ

### ▸ મરનારા લોકોના સગાને ₹ પચીસ લાખ અપાશે ▸ કલેક્ટર, પોલીસ અધિકારીની બદલી કરાઇ

પુરીઃ ઓડિશાના પુરીમાં રવિવારે પરોઢ પહેલાં શ્રી ગુંડિચા મંદિર પાસે થયેલી ધક્કામુક્કીમાં બે મહિલા સહિત ઓછામાં ઓછા ત્રણ જણ માર્યા ગયા હતા અને આશરે પચાસ જણ ઘાયલ થયા હતા. ઘાયલોમાંના અંદાજે છ જણની તબિયત ગંભીર હોવાથી મરણાંક વધવાની શક્યતા છે.

રથયાત્રા વખતે માર્યા ગયેલા લોકોના નજીકના સગાંને રૂપિયા પચીસ લાખ આપવાની જાહેરાત ઓડિશાના મુખ્ય પ્રધાન મોહનચરણ માઝીએ કરી હતી.

દુર્ઘટનાને પગલે પુરીના કલેક્ટર સિદ્ધાર્થ એસ. સ્વૈન અને પોલીસ સુપરિન્ટેન્ડન્ટ વિનીત અગરવાલની બદલી કરાઇ હતી. આ ઉપરાંત, પુરીના ડીસીપી વિષ્ણુચરણ પટી અને પોલીસ કમાંડન્ટ અજય પાધીને સસ્પેન્ડ કરાયા હતા.

રથયાત્રાના દર્શનાર્થે રાતના ચાર વાગ્યે સેંકડો લોકો ભેગા થયા હતા અને ત્યારે ધક્કામુક્કી થઇ હતી. ઘાયલોને સારવાર માટે નજીકની હૉસ્પિટલોમાં દાખલ કરાયા હતા.

ધાર્મિક વિધિની સામગ્રી લઇને બે ટ્રક મંદિર ખાતે આવી ત્યારે ભીડમાં ધક્કામુક્કી શરૂ થઇ હતી. ભગવાન જગન્નાથ, ભગવાન બળભદ્ર અને દેવી સુભદ્રાના ચહેરા પરથી કપડું દૂર કરાય ત્યારે તેમના દર્શન કરવા સેંકડો લોકો મંદિર ખાતે ભેગા થયા હતા.

મરનારા શ્રદ્ધાળુઓમાં બોલાગઢની વાસંતી સાહુ (૩૬ વર્ષ) અને બલિપટનાના પ્રેમાકાંત મહંતી (૮૦ વર્ષ) તેમ જ પાર્વતી દાસ (૪૨)નો

(જુઓ પાનું ૨) ▸▸

## ઉત્તરકાશીમાં વાદળ ફાટવાથી અને ભેખડ ધસી પડવાથી નવ શ્રમિક ગુમ

### ચારધામ યાત્રા એક દિવસ માટે સ્થગિત

ઉત્તરકાશી (ઉત્તરાખંડ) : રવિવારે વહેલી સવારે ઉત્તરકાશી જિલ્લામાં યમનોત્રી નેશનલ હાઈવેમાં વાદળ ફાટવાને લીધે મજૂરોની છાવણી પર ભેખડ ધસી આવતા નવ મજૂર ગૂમ થવાની માહિતી પોલીસે આપી હતી. ડિઝાસ્ટર કંટ્રોલ રૂમે અહીં કહ્યું હતું કે શ્રમિકો હોટેલ બાંધવાનું કામ કરતા હતા અને તેઓ નેપાળ મૂળના છે. જિલ્લા મેજિસ્ટ્રેટ પ્રશાંત આર્યાએ કહ્યું હતું કે ઉત્તરકાશીના પાલિગડથી ચાર કિલોમીટરના અંતરે આવેલા બારકોટ વિસ્તારમાં સિલાઈ બેન્ડની નજીક ભેખડ ધસી પડી હતી. મજૂરો હોટેલનું બાંધકામ કરી રહ્યા હતા. આને લીધે હોટેલની નજીક ભૂસ્ખલનની નવી ઝોન વિકસી છે,

તેમણે કહ્યું હતું કે ભૂસ્ખલન થતાં હાઈવેનો દસ મીટરનો ભાગ ધોવાઈ ગયો હતો. હોટેલની સાઈટમાં

(જુઓ પાનું ૨) ▸▸

## કેરળ સરકાર શાળાઓમાં ઝુમ્બાને લઈને અડગ, ટીકાઓ નકારી કાઢી

તિરુવનંતપુરમઃ કેરળના સામાન્ય શિક્ષણ પ્રધાન વી. શિવનકુટ્ટીએ રવિવારે શાળાઓમાં ઝુમ્બા શરૂ કરવાના રાજ્ય સરકારના નિર્ણયનો ભારપૂર્વક બચાવ કર્યો હતો. તેમજ કેટલાક મુસ્લિમ ધાર્મિક સંગઠનોની ટીકાઓને નકારી કાઢી હતી. તેમણે શૈક્ષણિક પ્રવૃત્તિને સાંપ્રદાયિક રંગ આપવા સામે ચેતવણી આપી હતી.

શિવનકુટ્ટીએ પત્રકારોને જણાવ્યું કે ઝુમ્બા રાષ્ટ્રીય કક્ષાએ માન્યતા પ્રાપ્ત રમત છે, જેમાં દેશભરમાં લાખો લોકો ભાગ લે છે. આ કાર્યક્રમ સામે કેટલાક ધાર્મિક જૂથો દ્વારા કરવામાં આવેલી ટીકાનો ઉલ્લેખ કરતા પ્રધાને આરોપ લગાવ્યો કે રમતમાં ભાગ લેનારા બધા લોકોનું અપમાનજનક ટિપ્પણીઓ દ્વારા અપમાન કરવામાં આવ્યું છે. શિવનકુટ્ટીએ કહ્યું કે જેમણે આવી ટિપ્પણીઓ કરી છે તેમણે તેને પાછી ખેંચી લેવી જોઇએ અને જાહેરમાં માફી માંગવી જોઇએ.

પ્રધાન કેટલાક ધાર્મિક જૂથો દ્વારા શાળાના અભ્યાસક્રમમાં ઝુમ્બાનો સમાવેશ કરવાના વધી રહેલા વિરોધ વચ્ચે મીડિયાના પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા. ડ્રગ વિરોધી જાગૃતિ અભિયાનના ભાગરૂપે શરૂ કરાયેલા આ કાર્યક્રમને રાજકીય ક્ષેત્રના તમામ વર્ગો તરફથી સમર્થન અને ટીકા બંને મળી રહ્યા છે. રવિવારે રાજ્ય સચિવાલયની સામે કાર્યક્રમના સમર્થકો દ્વારા આયોજિત ઝુમ્બા પ્રદર્શનમાં ભાગ લઇને શિવનકુટ્ટીએ આ મુદ્દે ડાબેરી સરકારનું વલણ સ્પષ્ટ કર્યું છે.

તેમની હાજરીથી એક મજબૂત સંદેશ મળ્યો કે સરકાર પોતાનો નિર્ણય પાછો ખેંચશે નહીં. તેમણે કહ્યું કે શાળાઓમાં શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક પ્રવૃત્તિઓ સંબંધિત તમામ નિર્ણયો ચૂંટાયેલી સરકાર દ્વારા લેવામાં આવે છે. બીજા કોઇને આવા આદેશો જારી કરવાનો અધિકાર નથી. તેમણે કહ્યું કે જો કોઇ ચિંતા છે તો સરકાર ચર્ચા માટે તૈયાર છે. ■



**ઝુમ્બા ડાન્સઃ** કેરળના તિરુવનંતપુરમમાં રાજ્યના સચિવાલય સમક્ષ ઝુમ્બા ડાન્સ કરતા વિદ્યાર્થીઓને જોતા શિક્ષણ પ્રધાન વી. શિવનકુટ્ટી. કેરળ સરકાર શાળાઓમાં ઝુમ્બા ડાન્સ શરૂ કરવા માટે મક્કમ છે. (પીટીઆઇ)

## સુરતમાં ડુપ્લિકેટ સોનાના દાગીના બનાવતી ગેંગ ઝડપાઈઃ ૧૨ આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના સરથાણા વિસ્તારમાં ઝોન - ૧ એલસીબી અને સરથાણા પોલીસે સંયુક્ત ઓપરેશન પાર પાડી ડુપ્લિકેટ સોનાના દાગીના બનાવતી એક મોટી ગેંગનો પર્દાફાશ કર્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે ૧૨ આરોપીઓની ધરપકડ કરી હતી અને બનાવટી સોનાના દાગીના બનાવવામાં વપરાતી સામગ્રી સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઝડપાયેલા ૧૨ શખ્સો પૈકી ૫ અમરેલી જિલ્લાના, ૪ ભાવનગર જિલ્લાના, ૧ ગીર સોમનાથનો અને ૨ મહારાષ્ટ્રના હોવાની વિગતો મળી હતી.

પોલીસને મળેલી ગુપ્ત બાતમીના આધારે, ઉત્રાણ પોલીસ મથકની હદમાં આવેલા વેલંજાની રૂદ્રાક્ષ સોસાયટીમાં એક ઘરમાં ડુપ્લિકેટ સોનાના દાગીના બનાવવાનું કારખાનું ચલાવવામાં આવતું હતું. આ ગેંગ ચેઈનના માત્ર હુકમાં ૨૩% સોનું ઉમેરી દાગીના બનાવતી હતી અને તેના પર હોલમાર્કનો સિક્કો મારીને વેચાણ કરતી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે આ કારખાનું છેલ્લા બે વર્ષથી કાર્યરત હતું.

આ સમગ્ર રેકેટનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે મુખ્ય આરોપી વિવેક વાઘેલા સહિતના આરોપીઓ યોગી ચોક ખાતે આવેલા શિવ મંદિર જ્વેલર્સમાં ડુપ્લિકેટ સોનાની ચેઇન વેચવા ગયા હતા. જ્વેલર્સના માલિકને સોનું ડુપ્લિકેટ હોવાનો ખ્યાલ આવતા તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જોકે, આરોપી હરીશ ખટાણા અને વિમલ નામના બે આરોપીઓ ડુપ્લિકેટ સોનું આપીને ફરાર થઈ ગયા હતા.

જ્વેલર્સના માલિકની ફરિયાદના આધારે પોલીસે અલગ અલગ ટીમો બનાવીને આરોપીઓ સુધી પહોંચી દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી ચાર ચેઈન, ચેઈન બનાવવાનું મશીન, અને હોલમાર્કનો સિક્કો સહિતની સામગ્રી જપ્ત કરી છે. પોલીસે કુલ ૧૨ આરોપીઓની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે અને આ મામલે ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. આ કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે. ■

### ગુજરાતમાં અષાઢ જામ્યોઃ

## ૧૬૦ તાલુકામાં મેઘમહેર, કડી-વિરમગામમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અષાઢ મહિનાના પ્રારંભે જ અનરાધાર મેઘમહેર થઈ રહી છે. રાજ્યમાં ભારે વરસાદની આગાહીના પગલે મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, આણંદ, તાપી અને નવસારી જિલ્લામાં એક ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. ૨૯ જૂનના રોજ સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યમાં ૧૬૦ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ કડી અને વિરમગામમાં અનુક્રમે ૩.૫૮ ઇંચ અને ૩.૩૧ ઇંચ વરસાદ પડ્યો હતો.

સ્ટેટ ઇમરજન્સી સેન્ટર, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર ૨૯ જૂનના રોજ સાંજે ૬ વાગ્યા સુધી રાજ્યના ૧૬૦ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ કડી અને વિરમગામમાં અનુક્રમે ૩.૫૮ ઇંચ અને ૩.૩૧ ઇંચ વરસાદ પડ્યો હતો.

તે ઉપરાંત કલોલમાં ૨.૦૫, ઉમરપાડામાં ૧.૯૩ ઇંચ, દેત્રોજમાં ૧.૮૫ ઇંચ, સાવલી ૧.૬૧ ઇંચ, પેટલાદ ૧.૩૪ ઇંચ, બાવળા ૧.૨૨ ઇંચ, વ્યારા ૧.૨૨ ઇંચ, સોનગઢમાં ૧.૧૪ ઇંચ, ખેરગામમાં ૧.૧ ઇંચ, માણસામાં ૧.૦૬ ઇંચ તેમજ આણંદ, કુકરમુંડા અને નવસારીમાં ૧.૦૨ ઇંચ વરસાદ પડ્યો હતો.

દસાડા, નિઝર, પલસાણા, ડોલવણ, કાલોલ, જલાલપોર, ગાંધીનગર, દેડિયાપાડા, ભિલોડા, ધાનેરા, માંડલ, વાંસદા સહિત રાજ્યના ૨૯ તાલુકાઓમાં અડધા ઇંચથી એક ઇંચ સુધીનો વરસાદ પડ્યો હતો. અમદાવાદ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. વિરમગામ અને માંડલમાં દોઢ કલાકમાં બે ઈંચથી વધુ વરસાદ પડતાં પાણી ભરાયા હતા.

વિરમગામ શહેરના ભરવાડી દરવાજા, ગોલવાડી દરવાજા, પરકોટા સહિત રસ્તાઓ પર પાણી ભરાયા હતા. સામાન્ય વરસાદમાં જ પાણી ભરાય જતાં વિરમગામ નગરપાલિકાની પ્રિ-મોન્સૂન પ્લાન કામગીરીની પોલ ખુલી પડી ગઈ હતી.

વિરમગામ શહેર ઉપરાંત તાલુકાના ગામડાઓમાં મેઘરાજાએ પધરામણી કરી હતી. વિરમગામના ભોજવા, ડુમાણા, હાંસલપુર, જૂનાપાધર, નીલકી, સોકલી, વલાણા કોકતા સહિત ગ્રામ્ય વિસ્તારમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો.

માંડલમાં સતત વરસાદથી મામલતદાર કચેરી બહાર, દસાડા રોડ ઉપરની સોસાયટીમાં, ચબૂતરા ચોક અને નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. ■

## હિમાચલઃ સોલનમાં ભારે વરસાદ-ભૂસ્ખલન, શિમલા-કાલકા રેલ લાઇન બંધ, વાહનવ્યવહાર ખોરવાયો


શિમલાઃ હિમાચલ પ્રદેશના સોલન જિલ્લામાં રાતભર પડેલા વરસાદને કારણે પાટા પર પથ્થરો અને વૃક્ષો પડી જવાથી રવિવારે શિમલા-કાલકા રેલ લાઇન પર સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. જ્યારે ભૂસ્ખલનને કારણે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કલાકો સુધી વાહનવ્યવહાર ખોરવાયો હતો.

સોલનના બરોટીવાલા ઔદ્યોગિક વિસ્તારમાં એક પુલ ધોવાઇ ગયો હતો. શિમલા અને ચંદીગઢને જોડતા શિમલા-કાલકા રાષ્ટ્રીય ધોરીમાર્ગ(એનએચ-૫) પર કોટી નજીક ભૂસ્ખલનથી રસ્તાના કેટલાક ભાગને નુકસાન થયું હતું. જેના કારણે કલાકો સુધી બેથી ત્રણ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ રહ્યો હતો.

સોલનના પોલીસ અધિક્ષક(એસપી) ગૌરવ સિંહે રવિવારે જણાવ્યું કે એનએચ પાંચ પર ચક્કી મોડ નજીક દ્વિમાર્ગી ટ્રાફિક પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. જે ભૂસ્ખલનને કારણે ક્ષતિગ્રસ્ત થયો હતો અને પોલીસ ટીમો ટ્રાફિકની અવરજવરમાં મદદ કરી રહી છે. એસપીએ જણાવ્યું કે કાટમાળને કારણે જંગેશુ રોડ થઇને જતો વૈકલ્પિક માર્ગ પણ બંધ છે, જેને સાફ કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે કાટમાળ સાફ થયા પછી કસૌલીથી ચંદીગઢ તરફ જતાં ટ્રાફિકને જંગેશુના રસ્તે મોકલવામાં આવશે.

યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ શિમલા-કાલકા રેલવે લાઇન પર રવિવારે ભારે વરસાદને કારણે પથ્થરો અને વૃક્ષો પાટા પર પડી જવાથી ટ્રેન સેવા ખોરવાઇ હતી. જેનું સમારકામ ચાલી રહ્યું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. સોલન જિલ્લાના બરોટીવાલા ઔદ્યોગિક વિસ્તારમાં ટ્રક યુનિયન પાસે હિમુડા કોમ્પ્લેક્સ તરફ જતા રસ્તા પરનો પુલ ધોવાઇ ગયો છે અને હિમુડા કોમ્પ્લેક્સ મંધાલા અને બગ્ગુવાલા તરફ જતો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે. જિલ્લાના બદ્દી વિસ્તારમાં ઝાડમજરી પાસે બાલ્ડ નદી ઉફાણ પર છે અને ભયંકર રૂપ ધારણ કરી રહી છે.

રાજ્ય કટોકટી કામગીરી કેન્દ્રના જણાવ્યા અનુસાર ૨૦ જૂને રાજ્યમાં ચોમાસાની શરૂઆત થઇ ત્યારથી અત્યાર સુધીમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૭ લોકોનાં મોત થયાં છે. સ્થાનિક હવામાન વિભાગે સોમવાર માટે રાજ્યના વિવિધ ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. તેમજ ૫ જુલાઇ સુધી રાજ્યમાં વરસાદ ચાલુ રહેવાની આગાહી કરી છે. ■



**ભેખડઃ** હિમાચલ પ્રદેશના સોલન જિલ્લામાં કોટી ખાતે ભારે વરસાદને પગલે રેલવે પાટા પર પડેલી ભેખડ. રાજ્યમાં અનેક સ્થળે ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન ખોરવાયું હતું. (પીટીઆઇ)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**એકસ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મુસ્લિમ સંગઠનોને ઝુમ્બા ક્લાસ સામે પણ વાંધો

ભારતમાં મુસ્લિમોનો એક વર્ગ પોતે તો પછાત રહેવા માગે જ છે પણ પોતાની ભાવિ પેઢીને પણ પછાતપણામાં જ રાખવા માગે છે. આ વર્ગને કંઈ પણ નવું થાય તેની સામે વાંધો પડી જાય છે ને એ વાંધો પણ એવો હોય છે કે, જે સાંભળીને હસવું આવે. આ વિરોધ કરનારની માનસિકતાની પણ દયા આવે. કેરળની સ્કૂલોમાં શરૂ થયેલા ઝુમ્બા ક્લાસ સામેનો વિરોધ તેનો તાજો પુરાવો છે.

કેરળમાં આ વર્ષથી શાળાઓમાં ઝુમ્બાના વર્ગો શરૂ કરવામાં આવશે એવી જાહેરાત કરાઈ હતી. આ ઝુમ્બા ક્લાસ ડ્રગવિરોધી અભિયાનના ભાગરૂપે શરૂ કરાયા છે ને તેની પાછળનો ઉદ્દેશ શાળાઓમાં ભણતાં બાળકોની ફિટનેસ વધારવાનો છે. કેરળના શિક્ષણ વિભાગે જ આ ક્લાસ શરૂ કર્યા છે તેથી મોટા ભાગની સ્કૂલોએ ઝુમ્બાની તાલીમ આપવાનું શરૂ કરી દીધું છે પણ તેની સામે મુસ્લિમ સંગઠનોને વાંધો પડી ગયો છે.

મુસ્લિમ સંગઠનોનું કહેવું છે કે, ઝુમ્બા ક્લાસના બહાને છોકરા અને છોકરીઓ એકબીજાને મળે અને નાનાં કપડાં પહેરીને નાચે તેના કારણે અશ્લીલતાને પ્રોત્સાહન મળશે તેથી અમને આ ક્લાસ માન્ય નથી. મુસ્લિમ સંગઠનો વતી વિરોધની આગેવાની વિઝડમ ઇસ્લામિક ઓર્ગેનાઇઝેશને લીધી છે. આ સંગઠનનું કહેવું છે કે, આ બધું ધર્મવિરોધી છે તેથી અમને માન્ય નથી.

મુસ્લિમ સંગઠનોએ ભેગાં થઈને મુસ્લિમ સંગઠન સમસ્તા બનાવ્યું છે. તેના નેતા નાસર ફૈઝી કુદથાઈના કહેવા પ્રમાણે તો ઝુમ્બા ક્લાસ વ્યક્તિગત સ્વતંત્રતા અને મૂળભૂત અધિકારોનું પણ ઉલ્લંઘન છે. અમારાં નૈતિક મૂલ્યો પણ અમને ઝુમ્બા ક્લાસ કરવાની મંજૂરી આપતા નથી કેમ કે શારીરિક તંદુરસ્તીના નામે અશ્લીલતા લાદવામાં આવી રહી છે. ઝુમ્બામાં લોકો ઓછાં કપડાં પહેરીને સાથે ડાન્સ કરે છે તેથી અમને માન્ય નથી. નાનાં બાળકો ઝુમ્બા કરે તો વાંધો નથી પણ સરકારે મોટાં છોકરાંને પણ ઝુમ્બા ડાન્સ કરવાની સૂચના આપી હોય તો વાંધાજનક છે. નાસર ફૈઝીના કહેવા પ્રમાણે તો સરકાર ફિટનેસ માટેની ટ્રેઈનિંગમાં સુધારો કરવાને બદલે છોકરાંને અશ્લીલતા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે.

કેરળમાં ડાબેરી મોરચાની સરકાર છે ને આ સરકાર ઝુમ્બા ક્લાસ ચાલુ રાખવા માગે છે એવું કેરળના શિક્ષણમંત્રી વી. શિવનકુટ્ટીએ તડ ને ફડ કરીને કહી દીધું છે. શિવનકુટ્ટીનું કહેવું છે કે, આવી વિચારસરણી સમાજમાં ઝેર ફેલાવશે અને આ વિચારસરણી ડ્રગ્સ કરતાં પણ વધુ ઘાતક છે. શિવનકુટ્ટીએ સરકારના નિર્ણયનો બચાવ કરીને વિરોધ કરી રહેલાંની દલીલોના ધજાગરા કાઢતાં ફેસબુક પર એક વીડિયો પણ શેર કર્યો છે કે જેમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ સ્કૂલમાં ઝુમ્બા ડાન્સ કરી રહી છે.

કાસરગોડની થાનબીહુલ ઇસ્લામ ઉચ્ચ માધ્યમિક શાળાની વિદ્યાર્થિનીઓ સલવાર-કમીઝ અને હિજાબ પહેરીને ઝુમ્બા ડાન્સ કરી રહી છે અને એન્જોય પણ કરી રહી છે. શિવનકુટ્ટીએ લખ્યું છે કે, બાળકોને રમવા દો, હસવા દો, મજા કરવા દો. કેમ કે આ પ્રકારના વાંધા સમાજમાં ઝેર ફેલાવશે અને ડ્રગ્સ કરતાં પણ વધુ ઘાતક સાબિત થશે. શિક્ષણમંત્રીએ એ સ્પષ્ટતા પણ કરી છે કે, કોઈ છોકરીને કે છોકરાને ટૂંકાં કપડાં પહેરવાનું કહેવાયું નથી કે છોકરા-છોકરીઓને સાથે ડાન્સ કરવાનું પણ કહેવાયું નથી તેથી વાહિયાત વાંધા કાઢવા બંધ કરવા જોઈએ.

શિક્ષણમંત્રીએ સ્પષ્ટતા કરી એ પછી પણ વાંધાવચકા તો ચાલુ જ છે ને બીજી તરફ સોશિયલ મીડિયા પર મુસ્લિમ છોકરીઓના ઝુમ્બા ડાન્સ કરતા વીડિયો વાયરલ થઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પરના આ વીડિયો જોયા પછી કહી શકાય કે, કેરળમાં બહુમતી મુસ્લિમ સમાજની છોકરીઓ આ વાંધાવચકાને અવગણીને ઝુમ્બા ડાન્સની મજા માણી રહી છે. જેને જે કહેવું હોય એ કહે, છોકરીઓ પોતાની મસ્તીમાં મસ્ત છે ને એ સારું પણ છે કેમ કે જે વાંધા ઉભા કરાયા છે એ બકવાસ છે.

આ ઘટના કેરળની છે ને પ્રમાણમાં નાની છે પણ આ દેશમાં મુસ્લિમોના બની બેઠેલા ઠેકેદારો મુસ્લિમ સમાજને હજુય સાતમી સદીમાં જ જીવતો રાખવા માગે છે તેનું તેમાં પ્રતિબિંબ છે. સાતમી સદીમાં મુસ્લિમ સમાજમાં જે નિયમો હતા એ જ નિયમો હજુ એ લોકો લાગુ કરવા માગે છે. મુસ્લિમ છોકરાં-છોકરીઓને ધાર્મિક માન્યતાઓના નામે ગુલામ બનાવીને રાખવા માગે છે. તેના કારણે ડાન્સ જેવી સારી બાબત સામે પણ વાંધા કાઢીને ઊભા રહી જાય છે.

આપણે ત્યાં ઝુમ્બા એક પ્રકારનો ડાન્સ હોવાની માન્યતા છે પણ વાસ્તવમાં ઝુમ્બા એક ફિટનેસ પ્રોગ્રામ છે. કાર્ડિયો અને લેટિન અમેરિકાનાં નૃત્યોનો સંગમ કરીને ૨૦૦૧માં કોલંબિયન નૃત્યાંગના અને કોરિયોગ્રાફર બેટો પેરેઝે ઝુમ્બા ક્લાસની શરૂઆત કરી હતી. અત્યારે ઝુમ્બા આખી દુનિયામાં ફેલાઈ ચૂક્યાં છે અને યંગ જનરેશનને તેનો ક્રેઝ છે. ઝુમ્બા ભલે ફિટનેસ પ્રોગ્રામ હોય પણ તેની લોકપ્રિયતાનું કારણ એ છે કે, તેમાં ડાન્સ છે.

ડાન્સ શ્રેષ્ઠ એક્સરસાઈઝ છે અને તેના કારણે ફિટનેસ સારી રહે છે તેમાં બેમત નથી. ડાન્સ યંગ જનરેશનને ગમે પણ છે. ગમે તે ધર્મ હોય કે સમાજ હોય, છોકરાં-છોકરીઓને ડાન્સ કરવામાં રસ પડી જ જાય છે તેથી કેરળની સરકારે છોકરાંની ફિટનેસ માટે ડાન્સનો રસ્તો અપનાવવાનું નક્કી કર્યું એ સારું છે. સ્કૂલમાં બીજી કોઈ ડ્રીલ કરાવો કે ફરજિયાત સ્પોટ્ર્સ ક્લાસ રાખો તો બધાંને રસ ના પડે પણ ડાન્સમાં ભાગ્યે જ કોઈ યંગસ્ટરને રસ ના પડે એ જોતાં કેરળની સરકારનું પગલું એવું છે કે જેનું અનુકરણ બીજાં રાજ્યોએ પણ કરવું જોઈએ.

મુસ્લિમ સંગઠનોને ઝુમ્બા સામે વાંધો છે અને તેમને ઝુમ્બા અનૈતિક લાગે છે. તેનો વિરોધ કરવા સંગઠનો કૂદી પડે છે પણ ઈસ્લામમાં જેનો નિષેધ છે એવી ઘણી પ્રવૃત્તિઓ સામે આ જ સંગઠનો ચૂપ રહે છે. ઈસ્લામમાં આતંકવાદને ધર્મવિરોધી ગણાવાયું છે પણ કોઈ મુસ્લિમ સંગઠન આતંકવાદનો ઉગ્રતાથી વિરોધ કરતું નથી કે તેની સામે આ રીતે કૂદી પડતું નથી. ઈસ્લામમાં વ્યાજ ખાવાનો ને શરાબનો પણ નિષેધ છે. સંખ્યાબંધ મુસ્લિમ બુટલેગરો ગેરકાયદેસર દારૂનો ધંધો કરે છે પણ કોઈ મુસ્લિમ સંગઠન તેની સામે બોલતું નથી કે વિરોધ પણ કરતું નથી.

આ તો થોડાંક ઉદાહરણ આપ્યાં પણ આવું તો ઘણું બધું ગેરઈસ્લામી ચાલ્યા કરે છે પણ મુસ્લિમ સંગઠનો તેની સામે ચૂપ જ રહે છે. ખાલી છોકરાં થોડીક મોજમસ્તી કરી લે તેની સામે જ તેમને વાંધો છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ,
સોમવાર, તા. ૩૦-૬-૨૦૨૫, દ્વારકાધીશ પાટોત્સવ, સ્કંદ પંચમી

- ભારતીય દિનાંક ૯, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૧મો બેહમન,સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૫મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર મઘા સવારે ક. ૦૭-૨૦ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ બપોરે ક. ૧૫-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૮ (તા. ૧)
- ઓટઃ સવારે ક. ૦૮-૫૭, રાત્રે ક. ૨૨-૧૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ શુક્લ – પંચમી. સ્કંદ પંચમી, દ્વારકાધીશ પાટોત્સવ (કાંકરોલી), વલ્લભાચાર્ય વૈકુંઠગમન, હેરાપંચમી (ઓરિસ્સા), કુમારષષ્ઠી,
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, પિતૃપૂજા, વડનું પૂજન, પીપળાનું પૂજન, ખાખરાનું વૃક્ષ વાવવું, મહાલક્ષ્મી માતાનું પૂજન, વિદ્યારંભ, નૌકા બાંધવી, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ, ઘર-ખેતર, જમીન, મકાન સ્થાવર લેવડદેવડ.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન યુતિ સ્વપ્નદષ્ટા, ચંદ્ર-મંગળ યુતિ માથા ફરેલ ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન યુતિ, ચંદ્ર-મંગળ યુતિ, મંગળ પૂર્વાફાલ્ગુની પ્રવેશ
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# ઝારખંડમાં પાણીમાં ડૂબી ગયેલી શાળામાં ફસાયેલા ૧૬૨ વિદ્યાર્થીઓને પોલીસે બચાવ્યા

જમશેદપુરઃ ઝારખંડના પૂર્વ સિંઘભૂમ જિલ્લામાં ભારે વરસાદને કારણે પાણીમાં ડૂબી ગયેલી એક આવાસી શાળામાં ફસાયેલા ઓછામાં ઓછા ૧૬૨ વિદ્યાર્થીઓને રવિવારે પોલીસે બચાવી લીધા હતા. આ જાણકારી એક વરિષ્ઠ અધિકારીએ આપી હતી. ભારે વરસાદને કારણે શાળા સંકુલમાં પાણી ભરાઇ ગયા બાદ શનિવાર રાતથી વિદ્યાર્થીઓ શાળામાં ફસાયેલા હતા. પોલીસ અધિક્ષક(ગ્રામીણ)ઋષભ ગર્ગે જણાવ્યું કે અમને માહિતી મળી હતી કે ભારે વરસાદને કારણે શાળા સંકુલમાં પાણી ભરાઇ જવાથી લવ કુશ આવાસી શાળાના ૧૬૨ વિદ્યાર્થીઓ ફસાયા છે. શાળાની ઇમારત પાણીમાં ડૂબી ગઇ હોવાથી શિક્ષકોએ બધા વિદ્યાર્થીઓને છત પર મોકલી દીધા હતા. જ્યાં તેઓએ રાત વિતાવી હતી.

તેમણે વધુમાં જણાવ્યું કે રવિવારે સવારે લગભગ ૫-૩૦ વાગ્યે માહિતી મળતાં પોલીસ અધિકારીઓ અને ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમજ ગ્રામજનોની મદદથી એક પછી એક વિદ્યાર્થીઓને બચાવ્યા હતા. તેમણે કહ્યું કે બચાવ કામગીરી માટે બોટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને એનડીઆરએફની મદદ લેવામાં આવી હતી. જો કે એનડીઆરએફની ટીમ પહોંચે તે પહેલા જ પોલીસ ટીમે વિદ્યાર્થીઓને બચાવી લીધા હતા. ■

## ઝારખંડમાં એક જુલાઈ સુધી ભારે વરસાદની સંભાવના, હવામાન વિભાગે જાહેર કર્યું ઓરેન્જ એલર્ટ

રાંચી : ભારતીય હવામાન વિભાગ (આઇએમડી) એ 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે, જેમાં રાંચી સહિત ઝારખંડના ઘણા ભાગોમાં ૧ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. એક અધિકારીએ શનિવારે આ માહિતી આપી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે રવિવાર સવારથી રાજધાની રાંચીમાં હળવાથી મધ્યમ વરસાદ પડી રહ્યો છે અને આગામી દિવસમાં ભારે વરસાદની સંભાવના છે. રવિવારે હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા બુલેટિન અનુસાર, ખૂંટી, રાંચી, સરાયકેલા-ખરસાવા, પૂર્વ સિંહભૂમ અને પશ્ચિમ સિંહભૂમ જિલ્લાઓ માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

રાંચી હવામાન કેન્દ્રના નાયબ નિયામક અભિષેક આનંદે જણાવ્યું હતું કે, ''બંગાળની ખાડીમાં બનેલા ઓછા દબાણવાળા ક્ષેત્ર અને ઝારખંડ તરફ ધીમે ધીમે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશાને કારણે વરસાદ પડશે.''

હવામાન વિભાગે ૩૦ જૂને ખૂંટી, રાંચી, રામગઢ, બોકારો, ધનબાદ, સરાયકેલા-ખરસાવા અને પશ્ચિમ સિંહભૂમ માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. ૧ જૂલાઈએ ગુમલા, ગઢવા, પલામુ, ચતરા, લાતેહાર અને લોહરદગા જિલ્લાઓ માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. ૧ જૂનથી ૨૮ જૂન દરમિયાન રાજ્યમાં સામાન્ય ૧૭૦.૩ મિ.મી વરસાદની સરખામણીમાં ૩૦૬.૫ મિ.મી વરસાદ નોંધાયો છે. ■

# કાનપુરમાં સગીર છોકરા સાથે ભયંકર અત્યાચાર

કાનપુર (ઉત્તર પ્રદેશ) : ઉત્તર પ્રદેશના કાનપુરના ગુજૈની વિસ્તારમાં એક સગીર વયના છોકરા સાથે થયેલા અત્યાચાર જાણીને દિલ દ્રવી ઊઠશે. ત્રણ યુવાનોએ સગીર વયના છોકરાને ફોન કરીને બોલાવ્યો. તેને કારમાં બેસાડીને પોતાની રૂમમાં લઈ ગયા. ત્યાં તેના નાણાં પડાવી લીધા. તેને નિર્દયતાથી માર્યો. આરોપીઓએ પહેલાં મારપીટ કરી, પછી ચંપલ પર થૂંકીને તેને ચાટવાની ફરજ પાડી. આટલું જ નહીં, પરંતુ તેને નગ્ન કરીને પેશાબ પીવાની ફરજ પાડી. આ પૂરી ઘટનાનો આરોપીએ વીડિયો બનાવ્યો જે સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. પોલીસે તપાસ શરૂ કરી છે.

કાનપુરના ડીસીપી (સાઉથ) ડી. કે. ચૌધરીએ માહિતી આપી કે ઘટના ૨૫ જૂનની છે. આનો વીડિયો ૨૮ જૂને વાઈરલ થયો. આના આરોપી દીપક પાલ, શાંતનું અને ડીકે છે. આરોપી પર ભારતીય ન્યાય સંહિતા અને પોક્સોની કલમો લગાડવામાં આવી છે. પોલીસ આરોપીની શોધ ચલાવી રહી છે. પીડિત છોકરાએ કહ્યું હતું કે મને ફોન કરીને પાર્કની નજીક બોલાવવામાં આવ્યો. આરોપીએ મને ફોન પર કહ્યું કે મને ઘરથી કાઢી મૂકવામાં આવ્યો છે અને હું એકલો છું. છોકરો ત્યાં પહોંચે ત્યારે તેના બે સાથીદાર પણ હાજર હતા. ત્રણે આરોપીએ તેને બળજબરીથી કારમાં બેસાડ્યો. તેના ખિસ્સામાં રહેલા છ હજાર રૂપિયા લૂંટી લીધા. તેને ચંપલ પર થુંકીને ચાટવાનું કહેવામાં આવ્યું. આ ત્રણેય યુવાનો પહેલાં પણ તેને હેરાન કરતા હતા. આરોપીએ વીડિયો બનાવીને તેને પોસ્ટ કર્યો. આ વીડિયો વાયરલ થતાં તરખાટ મચી ગયો. ■

# અમેરિકામાં કરવેરા, ખર્ચમાં કાપ મૂકતો ખરડો સેનેટમાં પસાર

વૉશિંગ્ટનઃ અમેરિકામાં કરવેરા અને ખર્ચમાં કાપ મૂકવાની જોગવાઇ ધરાવતો ખરડો સેનેટમાં શનિવારે મોડી રાતે ઉગ્ર ચર્ચા બાદ મતદાનથી પસાર કરાયો હતો. સેનેટમાં આ ખરડાની તરફેણમાં ૫૧ અને વિરુદ્ધમાં ૪૯ મત મળ્યા હતા.

બે રિપબ્લિકન આ ખરડાનો વિરોધ કરવામાં ડેમોક્રેટ્સની સાથે જોડાયા હતા.

અમેરિકામાં કરવેરા અને ખર્ચમાં કાપ મૂકવાની તેમ જ ગેરકાયદે વસાહતીઓનો દેશનિકાલ કરવા માટેના ભંડોળ (ફંડ)ની જોગવાઇ ધરાવતા ખરડાને પસાર કરાવવા માટે ચોથી જુલાઇની મહેતલ નક્કી કરાઇ હતી.

મેડિકએઇડ, ફૂડ સ્ટેમ્પ્સ અને અન્ય કાર્યક્રમોના સંબંધમાં ખર્ચ ઘટાડવાની દરખાસ્ત છે.

અગાઉ, ટ્રમ્પના એક સમયના મિત્ર ગણાતા અબજોપતિ ઉદ્યોગપતિ ઇલૉન મસ્કે સંબંધિત પૅકેજને ગાંડપણભર્યું અને વિનાશક ગણાવીને તેની ટીકા કરતા જણાવ્યું હતું કે સેનેટના ખરડાના મુસદ્દાનો અમલ થશે, તો તેનાથી અમેરિકામાં લાખો લોકોની નોકરી જતી રહેશે અને તેનાથી અમેરિકાને જ નુકસાન થશે. ૯૪૦ પાનાંના ખરડાની વિગતને શુક્રવારે મધરાત બાદ થોડા સમયમાં જ જાહેર કરાઇ હતી. ખરડો સેનેટમાં પસાર થયા બાદ તેના પર હાઉસમાં મતદાન થશે અને તેમાં પસાર થાય, તો છેવટે તેને વાઇટ હાઉસ મોકલાશે. (એજન્સી) ■

# તાન્ઝાનિયામાં બે બસ ટકરાતાં ૩૭નાં મોત

દાર એ સલામ (તાન્ઝાનિયા) : ઉત્તર તાન્ઝાનિયાના અંતરિયાળ વિસ્તારમાં બે બસ અથડાઈને જવાળામાં લપેટાઈ જતાં ઓછામાં ઓછા ૩૭ જણ મરણ પામ્યાં હતાં અને બીજા ૩૭ જણને ઈજા થઈ હતી, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. આ બે બસની અથડામણ બાદ પ્રમુખ સમિઆ સલુહુ હસને રવિવારે શોક વ્યક્ત કરતું નિવેદન આપ્યું હતું.

કિલિમાંજરોના સબાસબા વિસ્તારમાં મોશી-ટાંગા હાઈવેમાં બે બસની અથડામણ થઈ હતી. મૃતકોની ઓળખાણ અને નાગરિકત્વની તત્કાળ ખબર પડી નથી.

હસને એક નિવેદનમાં કહ્યું હતું કે મારી સંવેદના કિલિમાંજરોના કમિશનર નુરદિન બાબુ અને મૃતકોનાં કુટુંબો, સગાવહાલા અને મિત્રોને મોકલું છું. પ્રભુ મૃતકોના આત્માને શાંતિ અર્પે અને ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય. આ વિકટના સમયે તેમના કુટંબોને દિલાસો આપે. ■

# રશિયાએ યુક્રેન પર કર્યો અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો, ૪૭૭ ડ્રોન અને ૬૦ મિસાઈલો છોડ્યા

કીવ : રશિયાએ યુક્રેન સામેના યુદ્ધમાં અત્યાર સુધીનો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો છે. રશિયાના આ હુમલા બાદ ત્રણ વર્ષ લાંબા યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસોને મોટો ફટકો પડ્યો છે. યુક્રેનિયન અધિકારીઓએ જણાવ્યું હતું કે આ હુમલો અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો હતો. આના કારણે યુક્રેનને મોટું નુકસાન થવાની ધારણા છે. પ્રાથમિક અહેવાલો અનુસાર, ૧ વ્યક્તિનું મૃત્યુ થયું હોવાના અહેવાલ છે. યુક્રેન એરફોર્સના જણાવ્યા અનુસાર, આ હુમલા દરમિયાન રશિયાએ કિવ પર કુલ ૪૭૭ ડ્રોન અને ૬૦ મિસાઇલ છોડી હતી. જોકે, યુક્રેનિયન સેનાએ આમાંથી ૨૪૯ ડ્રોનને તોડી પાડવાનો દાવો કર્યો હતો. ■

પહેલા પાનાનું ચાલુ

## હિંદી ભાષા ફરજિયાત

આવે છે. રવિવારે પત્રકાર પરિષદમાં મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું હતું કે અમે ભાગી છૂટનારા નથી. વિરોધપક્ષે અમારી સાથે ચર્ચા કરવી અમે તેમને જવાબ આપવા સક્ષમ છીએ. અમારી માટે મરાઠી ભાષા મહત્ત્વની છે. વિદ્યાર્થી કેન્દ્રીત અમારી નીતિ હશે. અમે આ મુદ્દા પર કોઈ રાજકારણ કરવા માગતા નથી. ડૉ. નરેન્દ્ર જાધવ સમિતિ દ્વારા આ અગાઉની સમિતિ માશેલકર અહેવાલનો અભ્યાસ કરવામાં આવશે. એ સાથે જ સહુ કોઈનો મત પણ સમિતિ જાણશે અને ત્યારબાદ જ રાજ્ય સરકાર તેમનો નિર્ણય સ્વીકારશે એવું પણ ફડણવીસે કહ્યું હતું.

મરાઠી ભાષાની અને મરાઠીઓની તરફેણ કરતા મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું હતું કે રાજ્યમાં ત્રિભાષા સૂત્ર લાગુ નહીં કર્યું તો આપણા છોકરાઓને ઍકેડમિક બૅંક ઑફ ક્રેડિટ અનુસાર માર્ક મળશે નહીં અને તેમાં છોકરાઓ પાછળ પડી જશે. તેની સામે અન્ય ભાષાના વિદ્યાર્થીઓને માર્ક મળશે. એટલે કે ગુજરાતી, અંગ્રેજી પહેલી ભાષા હશે તેમને વધુ ફાયદો થશે.

ફડણવીસે વધુમાં કહ્યું હતું કે સ્કૂલમાં કયા ધોરણથી હિન્દીને લાગુ કરવી? કે પછી પસંદગી માટેનો વિકલ્પ આપવો? તે બાબતે મંત્રીમંડળમાં ચર્ચા કરવામાં આવી હતી અને ત્યારબાદ ડૉ. નરેન્દ્ર જાધવ સમિતિના નેતૃત્વમાં એક સમિતિની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમાં અન્ય સભ્યો પણ હશે. આ સમિતિના આધારે ત્રિભાષા સૂત્ર લાગુ કરવામાં આવશે. તેથી હાલ બંને સરકારી જીઆર રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ દરમ્યાન શિવસેના (યુબીટી) નેતા ઉદ્ધવ ઠાકરેના હિન્દી ભાષાને ફરજિયાત લાગુ કરવાને મુદ્દે વિરોધ કરવા બાબતે ફડણવીસે કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરે જયારે રાજ્યના મુખ્ય પ્રધાન હતા ત્યારે તેમણે માશેલકર સમિતિના અહેવાલનો સ્વીકાર કર્યો હતો. તે અહેવાલને મંત્રીમંડળે સ્વીકાર્યો હતો અને હવે તેઓ આ મુદ્દે રાજકારણ કરી રહ્યા છે. ■

## કટોકટી સામે લડનારા

જાગૃત કર્યા હતા. કટોકટી વખતે કૉંગ્રેસ દ્વારા ન્યાયતંત્રને પણ પોતાની કઠપૂતળી બનાવી દીધું હતું.

મોદીએ દેશની કટોકટી બાદ વડા પ્રધાન બનેલા મોરારજી દેસાઇની ઑડિયો ટેપ સંભળાવી હતી, જેમાં મોરારજીએ જણાવ્યું હતું કે કટોકટી વખતે જનતાના મૂળભૂત અધિકાર અને અખબારો તેમ જ અદાલતોની સ્વતંત્રતા છીનવી લેવાઇ હતી. સરમુખત્યાર શાસકોએ અંદાજે એક લાખ લોકોને પકડીને જેલમાં ધકેલ્યા હતા. મોદીએ ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી અને ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન જગજીવન રામના પ્રવચન પણ સંભળાવ્યા હતા. જ્યાર્જ ફર્નાન્ડીસે પણ કટોકટી વખતે જણાવ્યું હતું કે કટોકટી વખતે 'મેન્ટેનન્સ ઑફ ઇન્ટરનલ સિક્યોરિટી ઍક્ટ' હેઠળ કોઇ પણ વ્યક્તિની કારણ આપ્યા વિના ધરપકડ કરી શકાતી હતી. મોદીએ જણાવ્યું હતું કે દેશમાં ૨૦૧૫ સુધી સરકારી યોજનાઓનો લાભ પચીસ કરોડથી ઓછા લોકોને જ મળતો હતો, પરંતુ હાલમાં ૯૫ કરોડ લોકો સોશિયલ સિક્યોરિટી સ્કીમ અને અન્ય સરકારી યોજનાનો લાભ લઇ રહ્યા છે. વડા પ્રધાને જણાવ્યું હતું કે વિશ્વ આરોગ્ય સંગઠને ભારતને 'ટ્રકોમા-ફ્રી' (આંખમાં પોપચા પર થતાં ખીલની બીમારીથી મુક્ત) દેશ જાહેર કર્યો છે.મોદીએ જણાવ્યું હતું કે દેશમાં હાલમાં અનેક ઠેકાણે ધાર્મિક યાત્રા યોજાઇ રહી છે. તેમાં ભાગ લેનારાઓને મારી શુભેચ્છા. આ યાત્રાને સલામત બનાવવા માટે મહેનત કરતા લોકોનું કાર્ય પ્રશંસનીય છે. (એજન્સી) ■

## ઉત્તરકાશીમાં વાદળ ફાટવાથી

નીચેની છાવણીમાં ૧૯ શ્રમિકો હતા. આમાંથી આઠ-નવ ગુમ છે.

ડિસ્ટ્રિક્ટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટરે કહ્યું હતું કે તંબુમાં રહેતા બીજા ૧૦ મજૂરને સલામતીપૂર્વક બહાર કાઢવામાં આવ્યા હતા,. જ્યારે નવ શ્રમિક ગુમ છે. ભેખડ ધસી પડવાને લીધે બીજા બે સ્થળે પણ હાઈવે બાધીત હતો.

તેમણે માહિતી આપી હતી કે યમનોત્રીથી પાછા ફરી રહેલા શ્રદ્ધાળુને હાઈવે બંધ હોવાથી સલામત સ્થળે રહેવાની સૂચના આપવામાં આવી છે. હાઈવેને ફરી ખોલવામાં થોડા કલાકો જશે. જાહેર બાંધકામની ટુકડી હાઈવે ફરી શરૂ કરવા કામ કરી રહી છે. મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામીએ કહ્યું હતું કે સાઈટ પર રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. હું લાગતાવળગતા અધિકારીઓ સાથે સંપર્કમાં છું.

બારકોટ સ્ટેશન હાઉસ ઑફિસર દીપક કાથૈતે કહ્યું હતું કે ગુમ થયેલા શ્રમિકો નેપાળી મૂળના છે. વરસાદ અને ભૂસ્ખલનના ડરને લીધે ચાર ધામની યાત્રા એક દિવસ માટે સ્થગિત કરવામાં આવી છે. હવામાન ખાતાએ ઉત્તરાખંડના વિવિધ જિલ્લામાં ૨૯ જૂન અને ૩૦ જૂન માટે ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. જિલ્લા દેહરાદૂન, તેહરી, પૌડી, હરિદ્વાર, નૈનીતાલ, ચંપાવત અને ઉધમસિંહ નગરમાં ભારે વરસાદની આગાહી છે. આ આગાહીને લીધે અગમચેતીના પગલાં તરીકે ચારધામ યાત્રા એક દિવસ માટે સ્થગિત કરવામાં આવી છે.

ગઢવાલના કમિશનર વિનય શંકર પાંડેએ કહ્યું હતું કે ભાવિકોની સલામતી અતિ મહત્ત્વની હોવાથી ચાર ધામ યાત્રા અગમચેતીના પગલાં તરીકે એક દિવસ સ્થગિત કરવામાં આવી છે.

પાંડેએ કહ્યું હતું કે ચારધામના રૂટ પર રઝળી ગયેલા ભાવિકોને સલામત સ્થાને લઈ જવામાં આવી રહ્યા છે. એ જિલ્લાઓને એલર્ટ પર મૂકવામાં આવ્યા છે અને બચાવ અને રાહત કામગીરી ચાલુ છે. સોમવારનું હવામાન જોયા બાદ યાત્રા અંગેની નવી સૂચના આપવામાં આવશે. પાંડેએ કહ્યું હતું કે ભાવિકોને વહીવટીતંત્રની માર્ગદર્શિકાનો અમલ કરવાનું કહેવામાં આવ્યું છે. તેમને હવામાન સામાન્ય ન થાય ત્યાં સુધી પોતાના મુકામ ન છોડવાની સૂચના અપાઈ છે.

ઉત્તરકાશી જિલ્લાના કુથનોર ગામમાં ભારે વરસાદથી ખેતરને નુકસાન થયું છે. ઓઝરી નજીક રોડ સંપૂર્ણપણે તૂટી ગયો છે. ખેતરો કાટમાળથી ભરાઈ ગયા છે. સ્યાનચટ્ટીનો ત્રિખીલી પુલ ભયમાં છે અને ભારે વરસાદને લીધે યમુનાની જળસપાટી વધી ગઈ છે. (એજન્સી) ■

## પુરીની રથયાત્રામાં

સમાવેશ થાય છે.

મુખ્ય પ્રધાન મોહનચરણ માઝીએ આ દુર્ઘટના માટે સરકાર વતી શ્રદ્ધાળુઓની માફી માગી હતી અને જણાવ્યું હતું કે અમે આ દુર્ઘટનામાં સલામતી વ્યવસ્થામાંની ખામી અને બેદરકારીની તપાસ કરાવીશું.

ઓડિશાના કાયદા પ્રધાન પૃથ્વીરાજ હરિચંદને જણાવ્યું હતું કે ડીજીપી વાય. બી. ખુરાનિયા આ દુર્ઘટનાની તપાસ કરી રહ્યા છે અને જવાબદાર વ્યક્તિઓ સામે કડક પગલાં લેવાશે.

તેમણે જણાવ્યું હતું કે મંદિર ખાતેની દુર્ઘટના બાદ હવે પરિસ્થિતિ સામાન્ય છે અને શ્રદ્ધાળુઓએ મોટી સંખ્યામાં દર્શન કરીને પૂજા કરી હતી.

દરમિયાન, ઓડિશા વિધાનસભામાંના વિપક્ષના નેતા અને બીજુ જનતા દળના વડા નવીન પટનાયકે જણાવ્યું હતું કે આ દુર્ઘટના દર્શાવે છે કે રાજ્ય સરકાર શ્રદ્ધાળુઓ માટે શાંતિથી રથયાત્રા યોજવા પણ સક્ષમ નથી. કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ આ દુર્ઘટના માટે રાજ્ય સરકારનો ગેરવહીવટ જવાબદાર ગણાવ્યો હતો. (પીટીઆઇ) ■

# ગુજરાતનાં ૨૦૬ જળાશયમાં સરેરાશ જળસ્તર વધીને ૪૬.૨૧ ટકા થયું, ૧૩ છલોછલ, ૧૮ હાઈએલર્ટ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં મેઘરાજાએ ધમાકેદાર શુભારંભ કર્યો છે, રાજ્યમાં સાર્વત્રિક વરસાદથી ૨૦૬ જળાશયોમાં સરેરાશ જળસ્તર વધીને ૪૬.૨૧ ટકા થઈ ગયું છે. હાલ રાજ્યનાં ૧૩ જળાશયો ૧૦૦ ટકા ભરાઈ ગયાં છે, જ્યારે કુલ ૧૮ જળાશયો હાઈએલર્ટ પર છે. વર્ષ ૨૦૨૪માં ૨૮ જૂનના ગુજરાતના જળાશયોમાં સરેરાશ જળસ્તર માત્ર ૩૮.૨૪ ટકા હતું. બીજી તરફ અમદાવાદમાં વરસાદે ૧૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે.

સરદાર સરોવર નર્મદા ડેમમાં પણ પણીની આવક વધી છે. ઉપરવાસમાંથી ૫૪૦૩૨ ક્યુસેક પાણીની આવક થયાની માહિતી પ્રાપ્ત થઇ છે. મધ્ય પ્રદેશમાં સતત વરસાદ વરસતા નર્મદા ડેમમાં નવાનીરની આવક થઈ હતી. હાલમાં નર્મદા ડેમની સપાટી ૧૧૮.૦૮ મીટર છે. પાણી આવક થતા સીએચપીએચ-૧ અને આરબીપીએચના ૪ પાવર હાઉસ ચાલુ થયા હતા.

પાવર હાઉસ ચાલુ થતા નિગમને કરોડો રૂપિયાની આવક થઈ હતી. નર્મદાની મેન કેનાલમાં ૧૨,૨૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. નર્મદા ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે.

મળતી માહિતી અનુસાર, ગુજરાતનાં જે જળાશયો ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યાં છે, તેમાં અમરેલીના ધાતરવાડી-સૂરજવાડી, ભાવનગરના રોજકી-બોગાડ, બોટાદના ગોમા-ભીમાદ, દાહોદના કાલી-૨, જામનગરના વાગોડિયા, કચ્છના કાલાઘોઘા, સુરેન્દ્રનગરના વાંસલ-લીમ ભોગાવો ૧-સુબરી, તાપીના દોસવાડાનો સમાવેશ થાય છે. હાલની સ્થિતિ પ્રમાણે ૩૧ જળાશયો ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૩૫ જળાશયો ૫૦ ટકાથી ૭૦ ટકા, ૫૯ જળાશયો ૨૫ ટકાથી ૫૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૬૮ જળાશયોમાં ૨૫ ટકાથી ઓછું છે.

રિજિયન પ્રમાણે જોવામાં આવે તો સૌરાષ્ટ્રમાંથી ૧૦, મધ્ય ગુજરાત-દક્ષિણ ગુજરાત-કચ્છમાંથી ૧-૧ જળાશય સંપૂર્ણ ભરાયેલાં છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં હાલનો સંગ્રહ ૧૬,૪૬૫૦ મિલિયન ક્યુબિક છે, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૪૯.૨૮ ટકા જેટલી છે.

# અમદાવાદ જિલ્લામાં સિઝનનો ૨૫ ટકા વરસાદ, ધોળકા અને ધોલેરામાં સિઝનનો સૌથી વધુ 30 ટકા વરસાદ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર અને જિલ્લામાં સતત વરસાદથી જનજીવન પર અસર પડી છે. અત્યાર સુધીમાં અમદાવાદ જિલ્લામાં સરેરાશ ૨૪ ટકા વરસાદ વરસી ચૂક્યો છે, જે છેલ્લા ૧૦ વર્ષ કરતાં પણ વધુના સમયમાં સૌથી વધુ છે. વર્ષ ૨૦૨૪માં ૨૮ જૂન સુધી અમદાવાદ જિલ્લામાં સરેરાશ ૪.૭૪ ટકા વરસાદ પડ્યો હતો.

અમદાવાદ જિલ્લામાંથી હાલ અમદાવાદ શહેરમાં સરેરાશ ૮ ઈંચ સાથે ૨૭ ટકા વરસાદ નોંધાયો છે. વર્ષ ૧૯૯૫થી ૨૦૨૪ એમ ૩૦ વર્ષની સરેરાશ જોવામાં આવે તો અમદાવાદ શહેરમાં દર વર્ષે ચોમાસામાં ૩૨ ઈંચ જેટલો વરસાદ પડતો હોય છે. ૨૧ જૂનના એટલે કે એક અઠવાડિયા પહેલા અમદાવાદમાં સરેરાશ ૧૬ ટકા વરસાદ નોંધાયો હતો. આમ એક જ અઠવાડિયામાં સિઝનનો વધુ ૧૦ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. વર્ષ ૨૦૨૪ અમદાવાદ શહેરમાં સિઝનનો સરેરાશ માત્ર ૫ ટકા વરસાદ હતો. જેની સરખામણીએ અત્યારે પાંચ ગણો વધુ વરસાદ છે.

હાલની સ્થિતિ પ્રમાણે અમદાવાદ જિલ્લાના ધંધુકામાં સૌથી વધુ ૩૭ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. ધંધુકામાં અત્યાર સુધી ૧૦.૯૨ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ધોળકા અને ધોલેરામાં સિઝનનો સૌથી વધુ ૩૦ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં ધોળકામાં ૮.૬૨ ઈંચ અને ધોલેરામાં ૮.૧૮ ઈંચ વરસાદ નોંધાયો છે. બીજી તરફ સાણંદમાં હજુ સુધી સિઝનનો સૌથી ઓછો ૧૩.૨૧ ટકા વરસાદ વરસ્યો છે. છેલ્લા ૧૦ વર્ષની જ વાત કરવામાં આવે તો અગાઉ ૨૮મી જૂન સુધી ૨૦૧૫માં સૌથી વધુ ૧૮ ટકા વરસાદ નોંધાયો હતો. વાવણીલાયક વરસાદથી ખેડૂતોમાં ખૂશી વ્યાપી ગઈ છે.

# અમદાવાદ પ્લેન ક્રેશ મામલે 'ષડયંત્ર'ના એંગલથી પણ તપાસ ચાલી રહી છે, નાગરિક ઉડ્ડયન રાજ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાને ૧૭ દિવસ વીતી ગયા છે અને હજુ સુધી આ અકસ્માતમાંથી મળી આવેલા બ્લેક બોક્સની તપાસ કરવામાં આવી રહી છે. જોકે, હજુ સુધી તેનો કોઈ રિપોર્ટ સામે નથી આવ્યો. એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના અંગે તમામ પ્રકારની સંભાવનાઓ પર તપાસ કરવામાં આવી રહી છે. આ અકસ્માતની અલગ-અલગ એન્ગલથી તપાસ કરવામાં આવી રહી છે. આ દરમિયાન નાગરિક ઉડ્ડયન રાજ્ય પ્રધાન મુરલીધર મોહોલે જણાવ્યું હતું કે, તપાસ એજન્સી આ અકસ્માતને ષડયંત્રના એન્ગલથી પણ તપાસ કરી રહી છે.

મુરલીધર મોહોલે જણાવ્યું હતું કે, એર ઈન્ડિયાનું ક્રેશ થયેલા વિમાનનું બ્લેક બોક્સ એઆઈબી પાસે છે, તેની તપાસ માટે તેને વિદેશ મોકલવામાં આવ્યું નથી. એઆઇબી આ અકસ્માતના અલગ-અલગ એન્ગલની તપાસ કરી રહી છે કે ક્યાંક આ અકસ્માત જાણી જોઈને કરવામાં આવેલી ગડબડ તો નથી ને? હાલ, તપાસ એજન્સી સીસીટીવી કેમેરાની ફૂટેજ ચેક કરી રહી છે કે, ક્યાંક પ્લેન ટેક ઑફ કરે તે પહેલાં તો કંઈ તોડફોડ કરવામાં નથી આવી ને? આ અકસ્માતને લઈને અનેક એજન્સીઓ એકસાથે તપાસ કરી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના અમદાવાદમાં ૧૨ જૂને એક ભયાનક અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં વિમાનમાં સવાર ૨૪૧ અને મેડિકલ કોલેજની બિલ્ડિંગની અંદર તેમજ આસપાસ હાજર આશરે ૩૩ લોકોનું મોત નિપજ્યું હતું. આ અકસ્માતમાં વિમાનમાં સવાર એક શખસનો જીવ બચી ગયો હતો. અકસ્માત બાદથી સતત તપાસ શરૂ છે. જોકે, હજુ સુધી અકસ્માતને લઈને કોઈપણ રિપોર્ટ સામે નથી આવ્યો.

# અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર પાંચ કિલોમીટર લાંબો ટ્રાફિકજામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યભરમાં ચાલી રહેલા વરસાદી માહોલને કારણે રસ્તાઓની સ્થિતિ બગડી રહી છે અને અકસ્માતોની ઘટનાઓમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. અમદાવાદથી મુંબઈ તરફ જતા નેશનલ હાઈવે પર બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ ઘટનાને પગલે લગભગ પાંચ કિલોમીટર લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો.

પ્રાથમિક વિગતો અનુસાર, અમદાવાદથી મુંબઈ તરફ જતા નેશનલ હાઈવે પર બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો અને બંને ટ્રકના ચાલકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જેના કારણે હાઈવે પર વાહનોનો ખડકલો થઈ ગયો હતો. પરિસ્થિતિ વણસતા હાઈવે ઑથોરિટીના અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચીને માંડ-માંડ મામલો થાળે પાડ્યો હતો. આશરે બે કલાક સુધી ટ્રાફિક જામની સ્થિતિ રહી હતી, જેના કારણે પાંચ કિલોમીટર સુધી વાહનોની લાંબી કતારો જોવા મળી હતી અને વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# મને જીતાડવામાં ભાજપના લોકોનો સહકાર મળ્યો: ગોપાલ ઈટાલિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિસાવદરના નવા ચૂંટાયેલા 'આપ'ના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જૂનાગઢમાં મીડિયા સાથેની વાતચીતમાં એકરાર કર્યો હતો કે તેમની જીત પાછળ ભાજપના પણ કેટલાક લોકોનો સહકાર મળ્યો હતો. આ ઘટસ્ફોટથી ભાજપની શીર્ષસ્થ નેતાગીરીમાં પોતાના પક્ષના અસંતુષ્ટો મુદ્દે હડકંપ મચી ગયો છે.

ઈટાલિયાએ ઘટસ્ફોટ કરતા કહ્યું હતું કે, ચૂંટણીમાં મને ભાજપમાંથી પણ ઘણા સારા લોકોએ મદદ કરી. કારણ કે ભાજપના લોકો પણ જાણતા હતા કે કયો માણસ કેવો છે અને કોણ કેવી વિચારધારા ધરાવે છે. તેની સાથે સાથે સરકારી તંત્રમાં રહેલા નાના નાના અધિકારીઓએ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવી હતી. ઘણા સરકારી કર્મચારીઓએ મારી તરફ નહીં અને બીજાના વિરોધમાં નહીં પરંતુ બંધારણને ધ્યાનમાં રાખીને પોતાની ફરજ બજાવી તે ખૂબ જ સારી બાબત છે. મારી જીતમાં આમ આદમી પાર્ટીના લોકો, ભાજપના સારા લોકો સહિત વેપારીઓ, ખેડૂતો અને સારા અને ઈમાનદાર કર્મચારીઓની ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

આ ઉપરાંત ઈટાલિયાએ નામ નહીં પણ કામને મહત્ત્વ આપી વિસાવદરની પ્રજાનો પ્રશ્ન વિધાનસભામાં ઉઠાવીશ. એવા દાવા સાથે તેણે ઉમેર્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારના લોકોને સરકારી કચેરીઓમાં ધક્કા થઈ રહ્યા છે તે ન થાય તે માટે બેન્ક, સરકારી કચેરી, વન વિભાગ સહિતના સરકારી કચેરીઓના લગતા કાર્ય એક જ સ્થળે કરી અપાશે. શપથ વિધિ બાદ સરકારી બેઠકો અને કચેરીમાં અધિકારીઓને મળી પ્રજા તરફથી મળેલી વિગતો અને લોકપ્રશ્નો અંગે રજૂઆત કરી નિકાલ કરવા કાર્ય કરાશે તેનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# સાયબર ફ્રોડના ૧૦ કેસમાં ગુજરાત, મુંબઈ અને જયપુરમાંથી ૩૫ લોકોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના નવસારી જિલ્લામાં નોંધાયેલા સાયબર ફ્રોડના ૧૦ કેસોમાં ત્રણ રાજ્યોમાંથી ૩૫ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. નવસારી પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ સુશીલ અગ્રવાલે આ અંગે જણાવ્યું હતું કે, નવસારી પોલીસે ૩ કરોડ રૂપિયાથી વધુની રકમના સાયબર છેતરપિંડીના ૧૦ કેસ નોંધ્યા હતા અને આરોપીઓને પકડવા માટે ''ઓપરેશન સાયબર સ્ટોર્મ'' હેઠળ સંકલિત તપાસ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મોબાઇલ લિંક્સ, નકલી ફેસબુક આઈડી, શેરબજારમાં રોકાણ અને ઓનલાઈન ટ્રેડિંગ સંબંધિત કેસોમાં સંડોવણી બદલ આરોપીઓની તાજેતરમાં ગુજરાતના વિવિધ ભાગો, રાજસ્થાનના જયપુર અને મુંબઈમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

આવા ગુનાઓની ઝડપી અને સુસંગત તપાસ માટે ૧૦ કેસ પસંદ કરવામાં આવ્યા હતા. આ તપાસના ભાગ રૂપે, પોલીસે ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના સાત જિલ્લાઓમાં ઝુંબેશ હાથ ધરી હતી. અગ્રવાલે વધુમાં જણાવ્યું હતું કે, સુરત, ભરૂચ, ભાવનગર, રાજકોટ, અમદાવાદ, જયપુર અને મુંબઈમાંથી ૩૫ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

આ કાર્યવાહીના ભાગ રૂપે, નવસારી પોલીસે ઓળખાયેલા આરોપીઓ સામે ડેટાબેઝ તૈયાર કર્યો અને દરેક શહેર અથવા જિલ્લા માટે સ્થાનિક ગુના શાખા, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને સાયબર ક્રાઇમ પોલીસની બનેલી ટીમો બનાવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, રોકાણ છેતરપિંડીના કેસોમાં, આરોપીઓ પીડિતોના મોબાઇલ ફોન પર લિંક્સ શેર કરતા હતા, તેમને આકર્ષક યોજનાઓમાં રોકાણ કરવાની અને લિંક્સ પર ક્લિક કરતાની સાથે જ તેમના ખાતામાંથી પૈસા ઉપાડવાની લાલચ આપતા હતા.

કેટલાક કિસ્સાઓમાં, આરોપીઓ પીડિતોના નકલી ફેસબુક આઈડી બનાવતા હતા અને તેમના પરિવારના સભ્યો અને મિત્રો પાસેથી નાણાકીય મદદ માગતા હતા. ધરપકડ કરાયેલા કેટલાક આરોપીઓ લોકોને ઊંચા વળતરનું વચન આપીને લલચાવતા હતા અને વિવિધ પ્લેટફોર્મ પર મોટી રકમ ટ્રાન્સફર કરતા પહેલા તેમનો વિશ્વાસ જીતતા હતા.

# મહેસાણા મનપા ડિજિટલ બની: વેરા બિલ વોટ્સએપ મારફતે મોકલવાનું શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા મહાનગરપાલિકા હવે વેરા વસૂલાત માટે ડિજિટલ દિશામાં આગળ વધી રહી છે. મનપાએ વોર્ડ નં. ૯ના ૭૦૦૦ જેટલા મિલકતધારકોને વર્ષ ૨૦૨૫-૨૬ માટેના વેરા બિલ વોટ્સએપ મારફતે મોકલવાનું શરૂ કર્યું છે. આ નવી પદ્ધતિ હેઠળ સમગ્ર શહેર અને નવા ભળેલા ગ્રામ્ય વિસ્તારો માટે આવનારા તબક્કામાં વધુ વોર્ડ નંબર ૧૦, ૧૧, ૧૨ સહિત તમામ વિસ્તારોમાં આ વ્યવસ્થા લાગુ કરવામાં આવશે. જે નાગરિકોના મોબાઈલ નંબર લિંક નથી, તેમને હાલની પદ્ધતિ અનુસાર ફિઝિકલ બિલ મોકલવામાં આવશે. બિલ ભરવા માટે નાગરિકો મનપાની મુખ્ય કચેરી, ટીબી રોડ પરના સિવિક સેન્ટર કે રાધનપુર રોડની પશ્ચિમ ઝોન ઓફિસમાં સંપર્ક કરી શકે છે, જ્યારે ગ્રામ્ય વિસ્તારના નાગરિકો માટે પેમેન્ટ ગ્રામ પંચાયત કચેરીમાં પહેલા જેવી જ વ્યવસ્થા યથાવત રહેશે.

મહેસાણાની એક લાખથી વધુ રહેણાંક અને કોમર્શિયલ મિલકતોના ધારકોને ફિઝિકલ બિલ સાથે વોટ્સએપથી ડિજિટલ બિલ પણ આપવામાં આવી રહ્યા છે. જો કે, હાલ આ ડિજિટલ બિલ મળ્યા પછી નાગરિકોને હજુ લાઇનમાં ઊભા રહીને જ ચુકવણી કરવી પડી રહી છે, કારણ કે ઓનલાઈન પેમેન્ટની સુવિધા હજી ચાલુ કરવામાં આવી નથી.

આ મુદ્દે મનપાના વેરા શાખાનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, ઓનલાઈન પેમેન્ટ માટેના સોફ્ટવેરનું કાર્ય પ્રગતિમાં છે અને આગામી એક સપ્તાહમાં આ સુવિધા શરૂ કરવામાં આવશે. નાગરિકો પછીથી વોટ્સએપમાં મળેલા ડિજિટલ બિલના ક્યુઆર કોડ, વેબસાઈટ અથવા એપ્લિકેશન મારફતે ઘરે બેઠા પેમેન્ટ કરી શકશે અને સાથે જ ડિજિટલ સહી સાથેની પાવતી પણ મેળવી શકશે.મહેસાણા મનપા દ્વારા હાથ ધરાયેલ આ ડિજિટલ પહેલ શહેરને સ્માર્ટ ગવર્નન્સ તરફ લઈ જવાના મહત્ત્વપૂર્ણ પગલાંમાં ગણાય છે.

# ગુજરાત કૉંગ્રેસના નવા પ્રમુખ બનવા અનેક નેતાઓ રેસમાં, જુલાઈમાં પ્રમુખના નામની જાહેરાત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાની બે પેટાચૂંટણીના પરિણામ બાદ હારની નૈતિક જવાબદારી સ્વીકારી કૉંગ્રેસના પ્રમુખ તરીકે શક્તિસિંહ ગોહિલે રાજીનામું આપી દેતા હવે નવા પ્રમુખની રેસમાં અનેક નેતાઓના નામ ચાલી રહ્યા છે. ગુજરાત કૉંગ્રેસના નવા પ્રમુખ માટે દિલ્હી હાઈ કમાન્ડ દ્વારા કવાયત તેજ કરી દેવાઈ છે. દિલ્હી હાઈ કમાન્ડ દ્વારા ગુજરાતના સિનિયર નેતાઓ સાથે નામોને લઈ અભિપ્રાય માગવામાં આવી રહ્યા છે. આગામી જુલાઈ મહિનાના પ્રથમ સપ્તાહમાં જ નવા પ્રમુખ તરીકે નામની જાહેરાત કરી દેવામાં આવશે.

નવા પ્રમુખ તરીકે પાંચ નામ પર હાલ મંથન થઈ રહ્યું છે. પાટીદાર અને ઓબીસી સમાજના વ્યક્તિને નવા પ્રમુખ તરીકે સ્થાન મળી શકે છે. કૉંગ્રેસના જાણકાર સૂત્રોએ આપેલી માહિતી મુજબ દિલ્હી હાઈ કમાન્ડ દ્વારા નેતાઓ પાસે અભિપ્રાય લેવાઈ રહ્યા છે.

ગુજરાત કૉંગ્રેસના પ્રમુખ તરીકે જે નામો અંગે ચર્ચા ચાલી રહી છે તેમાં પૂર્વ વિપક્ષ નેતા - પરેશ ધાનાણી - પાટીદાર ( સૌરાષ્ટ્ર), પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય - વીરજી ઠુમ્મર - પાટીદાર (સૌરાષ્ટ્ર), પૂર્વ પ્રમુખ - અમિત ચાવડા - ઓબીસી (મધ્ય ગુજરાત), સાંસદ - ગેનીબહેન ઠાકોર - ઓબીસી (ઉત્તર ગુજરાત), ધારાસભ્ય - જીગ્નેશ મેવાણી - દલિત (ઉત્તર ગુજરાત) નો સમાવેશ થાય છે.

કૉંગ્રેસના જાણકાર સૂત્રો માહિતી આપી હતી કે, જો પ્રમુખ તરીકે ઓબીસી સમાજને સ્થાન મળશે તો ગુજરાત વિધાનસભા કૉંગ્રેસ પક્ષના નેતા તરીકે અન્ય સમાજને સ્થાન મળી શકે છે. જો અમિત ચાવડાને ફરી પ્રદેશ પ્રમુખનો કાર્યભાર મળે છે તો વિધાનસભા કૉંગ્રેસ પક્ષના નેતા તરીકે કિરીટ પટેલ, શૈલેષ પરમાર અને અનંત પટેલના નામ પર મહોર લાગી શકે છે. કિરીટ પટેલ પાટીદાર સમાજ અને ઉત્તર ગુજરાતમાંથી આવે છે. શૈલેષ પરમાર પાસે હાલ ઉપનેતા તરીકે જવાબદારી છે. તેમજ દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજથી અનંત પટેલ આવે છે. અનંત પટેલ એક લડાયક નેતા તરીકે ઓળખ ધરાવે છે.

બીજી તરફ કૉંગ્રેસનું એક જૂથ શક્તિસિંહ ગોહિલને પ્રમુખ યથાવત રહે તે માટે હજુ પણ લોબિંગ કરી રહ્યું છે. તેમજ શક્તિસિંહ ગોહિલ પ્રમુખ તરીકે ફરી કાર્યરત થાય અને રાજીનામું પાછું લઈ લેવા નેતાઓ મનામણા કરી રહ્યા છે. પરંતુ રાહુલ ગાંધીના વિદેશ પ્રવાસ બાદ ગુજરાત કૉંગ્રેસ પ્રમુખના પદ પર મંથન થશે અને સત્તાવાર આગામી સપ્તાહ સુધીમાં નવા પ્રમુખની જાહેરાત કરી દેવામાં આવશે. નવા પ્રમુખની જાહેરાત થતાં જ રાહુલ ગાંધી ગુજરાત આવી શકે છે. સંગઠન સર્જન અભિયાન અંતર્ગત જાહેર કરાયેલા જિલ્લા અને શહેર પ્રમુખ સાથે સંવાદ કરશે.

# કૅનેડા વર્ક પરમિટના બહાને અમદાવાદના દંપતી સાથે ૨૦ લાખની ઠગાઈ

અમદાવાદ: અમદાવાદના સેટેલાઇટમાં આવેલી ઇમિગ્રેશન ઓફિસ ધરાવનાર દંપતીએ અન્ય દંપતીને કેનેડાના વર્ક પરમિટ અપાવવાના બહાને ટુકડે-ટુકડે ૨૦.૭૫ લાખ પડાવ્યા હતા. ૧.૫ વર્ષ સુધી વિઝા ન અપાવી પૈસા પણ પરત આપ્યા નહોતા. આ અંગે મહિલાએ ઠગ દંપતી વિરુદ્ધ સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી હતી.

વેજલપુરમાં રહેતા રૂમાના બારેજીયાએ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, જાન્યુઆરી ૨૦૨૪માં તેમણે હાઇફલાયર ગ્લોબલ ઈમિગ્રેશન સર્વિસની જાહેરાત વાંચી હતી, જેમાં કેનેડા ખાતેના વિઝા માટેનું કામ ચાલી રહ્યું હતું. જેથી તેઓ શ્યામલ આઇકોનિક ચાર રસ્તા પાસે આવેલી ઓફિસ ગયા હતા. કન્સલટન્સીની ઓફિસમાં આલોક રામપાલ અને તેમના પત્ની લક્ષ્મી રામપાલ હતા. તેમણે પરિવાર સાથે કેનેડાના વર્ક પરમિટ વિઝા લેવાની વાતચીત તેમણે કરી હતી. જે માટે શરૂઆતમાં ફાઈલ પ્રોસેસિંગ ચાર્જમાં ૭૫ હજાર રૂપિયા તેમની પાસેથી લીધા હતા. જે બાદ તેમને ડોક્યુમેન્ટનું લિસ્ટ મોકલ્યું હતું અને વિઝાની ૯.૫૧ લાખ રૂપિયા ફી થશે તેમ કહ્યું હતું. જેથી રૂમાનાએ ૧૦ લાખ રોકડા આપ્યા હતા, જેની તમને કાચી પહોંચ પણ આપવામાં આવી હતી. તેમના નવ મહિનામાં વિઝા આવી જશે, તેઓ ભરોસો આપ્યો હતો.

સમય પૂરો થતાં રૂમાનાના પતિ મોહમ્મદ પરવેશ કન્સલટન્સીની ઓફિસે ગયા હતા, જ્યાં તેમને અલગ અલગ વાયદા કરવામાં આવતા હતા અને બીજા ૧૦ લાખ રૂપિયા આપવાનું કહ્યું હતું. જેથી રૂમાના અને તેમના પતિએ તેમનું ઘર વેચીને ૧૦ લાખ રૂપિયા આપ્યા હતા.જે બાદ તેમનો એલએમઆઈએ લેટર પણ તેમને વોટ્સએપ પર મોકલ્યો હતો. કન્સલટન્સીમાંથી તેમને બાયોમેટ્રિક કરવા માટે અગોરા મોલમાં મોકલ્યા હતા. બાયોમેટ્રીક થયા બાદ પણ તેમના વિઝા આવ્યા નથી, તેમને વિઝા માટે વાયદા બતાવવામાં આવ્યા અને એક વર્ષ બાદ તેમને વિઝા કેન્સલ થઈ ગયા છે તેવું જણાવ્યું હતું. જેથી રૂમાના અને તેમના પતિએ વિઝા પ્રોસેસની ફી કાપીને બાકીના પૈસા પરત આપવા જણાવ્યું હતું, ત્યારે તેમને ૧૦ દિવસમાં પૈસા આપી દેશે તેવો વાયદો કર્યો હતો. કુલ ૨૦.૭૫ લાખ રૂપિયા લીધા હતા, જેમાંથી એક લાખ રૂપિયા પરત આપ્યા અને બાકીના રૂપિયા પરત આપ્યા ન હતા, જેથી રૂમાનાએ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ત્રણ લોકો વિરુદ્ધમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

# અમદાવાદના ગોમતીપુરમાં જાહેરમાં તલવાર-ડંડા વડે હુમલો, કાયદો-વ્યવસ્થા પર સવાલ ઉઠ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ફરી એકવાર સવાલો પેદા થયા છે. ગોમતીપુર વિસ્તારમાં અસામાજિક તત્ત્વો બેફામ બન્યા હોવાનાં દશ્યો સામે આવ્યા હતા, જેમાં જાહેર રોડ પર તલવાર અને ડંડાઓથી મારપીટ થતાં સ્થાનિક નાગરિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

મળતી વિગતો અનુસાર છોટાલાલ અને મરિયમ બીબી ચાલી નજીક બનેલી આ ઘટનામાં, દારૂ અને જુગારના અડ્ડાઓને લઈને જૂની અદાવત રાખીને એક યુવક પર અસામાજિક તત્ત્વોના ટોળાએ ઘાતકી હુમલો કર્યો હતો. હુમલાખોરોએ યુવક પર ડંડા અને તલવાર વડે ઘા કર્યા હતા. હુમલાનો ભોગ બનેલો યુવક પોતાનો જીવ બચાવવા માટે ભાગ્યો ત્યારે તે બાઈક અને મોપેડ પર પણ પટકાયો હતો. આ સમગ્ર ઘટનાનો મોબાઈલ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, યુવક મોપેડ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેને રોકવામાં આવ્યો અને ગણતરીની સેકન્ડોમાં જ તેના પર તલવાર અને ડંડાથી હુમલો કરી દેવામાં આવ્યો. હુમલાખોરોએ યુવકને પકડી-પકડીને માર્યો હતો, જેના કારણે તે વારંવાર બાઈક અને મોપેડ પર પટકાયો હતો. એક મહિલા વચ્ચે પડીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કરતી પણ વીડિયોમાં જોવા મળી હતી. આ હુમલામાં યુવકને ગંભીર ઈજાઓ થતાં તેને તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

# અમદાવાદના આંબાવાડીમાં પાણીની ટાંકી સાથે મકાનનો સ્લેબ તૂટતા દોડધામ: ૧૦ લોકોનો આબાદ બચાવ, એક ઈજાગ્રસ્ત

અમદાવાદ: શહેરમાં રવિવારે ધોધમાર વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે પ્રિ-મોન્સૂન પ્લાનિંગના કોર્પોરેશનના દાવા પર પાણી ફરી વળ્યું છે. વરસાદના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ દરમિયાન શહેરના આંબાવાડી વિસ્તારમાં રવિવારે સવારે બિરજુ ફ્લેટમાં પાણીની ટાંકી તૂટી પડવાનો બનાવ બન્યો હતો. પાણીની ટાંકી તૂટી પડતાં નાસભાગ મચી હતી. બનાવની જાણ ફાયર વિભાગને કરવામાં આવી હતી. પાણીની ટાંકી પડવાથી ફ્લેટનો ધાબાનો અને સીડીનો ભાગ ધરાશાયી થયો હતો. જે ભાગ ધરાશાયી થયો હતો તે ઘરની આજુબાજુ હોવાથી લોકો ઘરમાંથી બહાર નીકળી શકે તેમ ન હતા. જેથી કેટલાક લોકો ફ્લેટમાં ફસાઈ ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. ફાયર વિભાગ ૧૦થી વધુ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, સલામત લેડરની મદદથી લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ઘટનામાં એક વૃદ્ધા ઇજાગ્રસ્ત થયા હોવાનું પણ જાણવા મળ્યું હતું. જો કે, કોઈ જાનહાનિ ના થઈ હોવાની સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ સમગ્ર ઘટના દરમિયાન સ્થાનિક લોકો પણ મદદ માટે દોડી આવ્યા હતા.

# ગુજરાતના પોલીસ વડા વિકાસ સહાયની નિવૃત્તિ લંબાવાશે? ત્રણ મહિનાનું એક્સટેન્શન મળવાની સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગુજરાત રાજ્યના વર્તમાન પોલીસ વડા વિકાસ સહાય ૩૦ જૂનના રોજ સેવા નિવૃત્ત થઈ રહ્યા છે. ત્યારે હવે તેમને ત્રણ મહિનાનું એક્સટેન્શન મળે તેવી સંભાવના છે. ગુજરાત કેડરના ૧૯૮૯ બેચના આઈપીએસ અધિકારી વિકાસ સહાય ૩૦ જૂનના રોજ સેવા નિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા તેમને સ્પેશિયલ કેસમાં આ એક્સટેન્શન આપવામાં આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે ૩૦ જૂનના રોજ ગુજરાત રાજ્યમાં બે સિનિયર આઇપીએસ અધિકારીઓ સેવા નિવૃત્ત થઇ રહ્યા છે, જેમાં વિવેક શ્રીવાસ્તવ અને વિકાસ સહાયનો સમાવેશ થાય છે. ત્યારે હવે ડીજીપી તરીકે કોની નિમણૂક કરવામાં આવશે એને લઈને અનેક અટકળો વહેતી થઈ છે. પોલીસ બેડાના સૂત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદના વર્તમાન પોલીસ કમિશનર જી. એસ. મલિકનું નામ ડિરેક્ટર જનરલ ઑફ પોલીસના પદ માટે ચર્ચાય રહ્યું છે. જો કે બીજી તરફ આઇપીએસ અધિકારી વિકાસ સહાયને કેન્દ્ર સરકાર દ્વારા તેમને સ્પેશિયલ કેસમાં આ એક્સટેન્શન આપવામાં આવી શકે તેવું સૂત્રો જણાવી રહ્યા છે.

આઇપીએસ કેડરમાં ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસનો હોદ્દો રાજ્યનો સર્વોચ્ચ પોલીસ પદ ગણાય છે. વિકાસ સહાયે અગાઉ રક્ષાશક્તિ યુનિવર્સિટી, કરાઈ પોલીસ એકેડમી સહિત વિવિધ મહત્ત્વપૂર્ણ પદો પર ફરજ બજાવી છે. તેઓ રાજ્યના પૂર્વ પોલીસ વડા આશિષ ભાટિયાની નિવૃત્તિ બાદ ડીજીપી બન્યા હતા. તેમની સેવા દરમિયાન તેઓ નિર્વિવાદ રહ્યા છે. જોકે તેમના છેલ્લા કાર્યકાળ દરમિયાન સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની સીઆઇડી ક્રાઇમ તપાસ ચર્ચાનો વિષય બની હતી.

નોંધનીય છે કે, જો વિકાસ સહાયને એક્સટેન્શન મળે છે, તો તેઓ ત્રીજા ડીજીપી હશે જેમને આ પ્રકારે સેવાકાળમાં વધારો મળ્યો હોય. અગાઉ, આઇપીએસ શિવાનંદ ઝા કોરોના કાળ દરમિયાન લાંબા સમય સુધી ડીજીપી રહ્યા હતા અને તેમને પણ એક્સટેન્શન આપવામાં આવ્યું હતું. તેમણે કોરોના મહામારી દરમિયાન પોલીસને ખડેપગે રાખીને પ્રશંસનીય કામગીરી કરી હતી. તેમના બાદ આઇપીએસ આશિષ ભાટિયાને ડીજીપી બનાવવામાં આવ્યા હતા અને તેમને પણ નવી ગાઈડલાઈન પ્રમાણે બે વર્ષનો કાર્યકાળ પૂરો કર્યા બાદ એક્સટેન્શન મળ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બે બાઈક ટકરાતાં ત્રણનાં મોત

છત્રપતિ સંભાજીનગરઃ પૂરપાટ દોડતી બે બાઈક સામસામી ટકરાતાં ત્રણનાં મોત નીપજ્યાં હોવાની ઘટના બીડ જિલ્લામાં બની હતી. બદરપુર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના રવિવારની સવારે ૭ વાગ્યાની આસપાસ બીડના બદરપુર-હાટોલા રોડ પર બની હતી. ચાર જણ બે બાઈક પર પસાર થઈ રહ્યા હતા. બન્ને બાઈક પૂરપાટ વેગે દોડી રહી હતી અને એકાએક સામસામી ટકરાઈ હતી.

બાઈક પરથી પટકાયેલા ચારેયને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં સારવાર દરમિયાન ત્રણને મૃત જાહેર કરાયા હતા. મૃતકોની ઓળખ ફારુખ પઠાણ, નાસીર શેખ અને અભય ચવાણ તરીકે થઈ હતી. ઘવાયેલા એકની સારવાર ચાલી રહી હોવાનું પોલીસનું કહેવું છે. (પીટીઆઈ)

# ૧૦ વર્ષ પછી, થાણે કોર્ટે દેહવેપારની આરોપી મહિલાને નિર્દોષ જાહેર કરી

થાણેઃ થાણેની એક કોર્ટે ૨૦૧૫માં મહિલાઓની તસ્કરી અને તેમને વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવાના કેસમાં ૫૭ વર્ષીય મહિલા આરોપીને શંકાનો લાભ આપીને નિર્દોષ જાહેર કરી છે.

૨૧ જૂનના રોજ પસાર કરેલા આદેશમાં, એડિશનલ સેશન્સ જજ એ.એસ. ભાગવતે જણાવ્યું હતું કે, આરોપી મધુ અર્જુન યાદવ સામે લગાવવામાં આવેલા આરોપોને તમામ વાજબી શંકાઓથી પર સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ રહ્યો છે. આ આદેશની નકલ શનિવારે પ્રાપ્ત થઈ હતી.

ફરિયાદ પક્ષે કોર્ટને જણાવ્યું હતું કે થાણે પોલીસના માનવ તસ્કરી વિરોધી સેલના અધિકારીઓએ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ મહારાષ્ટ્રના થાણે શહેરના સાવરકર નગર ખાતેના એક એપાર્ટમેન્ટમાં છાપો માર્યો હતો અને એક બનાવટી ગ્રાહક મોકલ્યા બાદ આરોપીની ધરપકડ કરી હતી.

ફરિયાદ પક્ષના જણાવ્યા મુજબ, પોલીસે ત્યાંથી દેહવેપારમાં ધકેલાયેલી ત્રણ મહિલાઓને પણ બચાવી હતી. આરોપી પર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૦ (વ્યક્તિઓની તસ્કરી) અને અનૈતિક ટ્રાફિક (નિવારણ) અધિનિયમની જોગવાઈ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

જોકે, ન્યાયાધીશે નોંધ્યું હતું કે બનાવટી ગ્રાહક અને પીડિતો (દરોડાના હુમલા પછી બચાવી લેવામાં આવેલા) ની ફરિયાદ પક્ષ દ્વારા તપાસ કરવામાં આવી નહોતી. પીડિત મહિલાઓ શોધી શકાઈ નહોતી અને સમન્સ છતાં બનાવટી ગ્રાહક હાજર થયો ન હતો.

આરોપી વિરુદ્ધનો કેસ છેલ્લા ૧૦ વર્ષથી પેન્ડિંગ હતો, અને આ સંજોગોમાં, તેની વિરુદ્ધ કોઈ પુરાવા નથી, એમ કોર્ટે અવલોકન કર્યું હતું. ફરિયાદ પક્ષે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ના આદેશનું પાલન કર્યું નથી, જેમાં તેમને સાક્ષીઓને જુબાની માટે હાજર કરવા કહેવામાં આવ્યું હતું. તેથી આ મુદ્દો બંધ કરવામાં આવે છે, એમ કોર્ટે જણાવ્યું હતું. (પીટીઆઈ)

# વિરારથી ગુમ દંપતીના મૃતદેહ દરિયાકિનારે મળ્યા

પાલઘરઃ વિરારથી ગુમ થયેલા દંપતીના મૃતદેહ વિરાર નજીક અર્નાળા કિલ્લા પાસેના દરિયાકિનારેથી મળી આવ્યા હતા. મૃતકોની ઓળખ શિવાજી શિંદે (૫૪) અને તેની પત્ની રંજિતા (૪૮) તરીકે થઈ હતી. રવિવારે બન્નેનાં શબ અર્નાળા કિલ્લા પાસે દરિયાકિનારેથી મળી આવ્યા હોવાનું અર્નાળા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર વિલાસ પાટીલે જણાવ્યું હતું. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં મોકલી અપાયા હતા. આ પ્રકરણે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. દંપતીના પરિવારજનોએ શનિવારે વિરાર પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને દંપતી ગુમ હોવાની ફરિયાદ નોંધાવી હતી. (પીટીઆઈ)

# કન્સ્ટ્રક્શન સાઈટ પરથી યુવાનનો મૃતદેહ મળ્યો

થાણેઃ થાણેમાં કન્સ્ટ્રક્શન સાઈટ પરના પાણી ભરેલા ખાડામાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. થાણે મહાપાલિકાના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે બુધવારની બપોરે ૧.૪૬ વાગ્યે કન્ટ્રોલ રૂમને મૃતદેહ નજરે પડ્યો હોવાનો કૉલ આવ્યો હતો. સ્થાનિક પોલીસ અને ડિઝાસ્ટર મૅનેજમેન્ટની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

# ચીફ જસ્ટિસે નાગપુરમાં લો યુનિવર્સિટીની ઈમારતોનું ઉદ્‌ઘાટન કર્યું

નાગપુરઃ ભારતના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ ગવઈએ રવિવારે નાગપુરમાં મહારાષ્ટ્ર નેશનલ લો યુનિવર્સિટી (એમએનએલયુ)ના વહીવટી ભવન અને કેન્દ્રીય પુસ્તકાલય ભવનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સભાને સંબોધતા એમએનએલયુના ચાન્સેલરનો પણ હોદ્દો સંભાળતા ગવઈએ ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને યુનિવર્સિટીને વિશ્વની શ્રેષ્ઠમાંની એક બનાવવા જણાવ્યું હતું. તેમણે સંસ્થાની એક દાયકા લાંબી સફરને પણ યાદ કરી તેમાં પ્રદાન કરનારા તમામ લોકોનો આભાર માન્યો હતો તથા ફડણવીસ અને ગડકરીના સમર્થનને બિરદાવ્યું હતું. (પીટીઆઈ)

# માનવબળની અછત અને ઓનલાઇન સેવાઓ છતાં મહારાષ્ટ્રમાં નવા આરટીઓ કેમ વધી રહ્યા છે? ટીકાકારોનો સરકારને પ્રશ્ન

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં ૧૦ નવી નાયબ પ્રાદેશિક પરિવહન કચેરીઓ શરૂ કરવાના નિર્ણયની કેટલાક વર્ગોમાં ટીકા કરવામાં આવી છે, ખાસ કરીને એવા સમયે જ્યારે ૭૭ ટકા સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ છે. તેઓએ ૧૮ જૂન, ૨૦૧૮ ના રોજ જારી કરાયેલા સરકારી ઠરાવનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે જિલ્લાનું વિભાજન ન થાય ત્યાં સુધી કોઈ નવી આરટીઓ કચેરી બનવી જોઈએ નહીં. જીઆરમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે મોટા જિલ્લાઓમાં નવા આરટીઓ બનાવવાને બદલે વાહન પરીક્ષણ કેન્દ્રો અથવા કેમ્પ ઓફિસો સ્થાપી શકાય છે.

આ જીઆર પહેલા, રાજ્યમાં ૨૪ આરટીઓ અને ૩૬ નાયબ આરટીઓ હતા, જેમાં છેલ્લું૨૦૧૧ માં કરાડમાં શરૂ થયું હતું, જે તત્કાલીન મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણનું ગૃહક્ષેત્ર હતું. મે ૨૦૨૩થી, રાજ્યમાં ઇચલકરંજી (એમએચ ૫૧), ચાલીસગાંવ (એમએચ ૫૨), ફલટન (એમએચ ૫૩), ભડગાંવ (એમએચ ૫૪), ઉદગીર (એમએચ ૫૫), ખામગાંવ (એમએચ ૫૬), વૈજાપુર (એમએચ ૫૭), મીરા ભાયંદર (એમએચ ૫૮), જાટ (એમએચ ૫૯) અને પાલઘર (એમએચ ૬૦) ખાતે ડેપ્યુટી આરટીઓ શરૂ કરવામાં આવ્યા હતા. આ પગલાનો બચાવ કરતા, ટ્રાન્સપોર્ટ કમિશનર વિવેક ભીમનવરે પીટીઆઈને જણાવ્યું હતું કે જીઆર વ્યાપક માર્ગદર્શિકા તરીકે કામ કરે છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે બધા ફેરફારો મુખ્ય પ્રધાનની મંજૂરીથી કરવામાં આવે છે. જોકે, તેમણે સ્વીકાર્યું કે માનવશક્તિની અછત હોવા છતાં નવી કચેરીઓ બનાવવામાં આવી હતી. આ વર્ષે મે મહિનામાં પાલઘરમાં આરટીઓ શરૂ થયું હતું. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકની વિધાનસભા બેઠક આ પ્રદેશનો એક ભાગ છે. નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેના ગઢ એવા થાણે ક્ષેત્રમાં આરટીઓની સંખ્યા હવે ચાર છે, જ્યારે મોટાભાગના અન્યમાં આવી સુવિધાઓ બે થી ત્રણની રેન્જમાં છે. સંપર્ક કરવામાં આવતા પ્રધાન સરનાઈકે જણાવ્યું હતું કે આરટીઓ ઓફિસ શરૂ કરવા વસ્તી મર્યાદા સાત લાખની છે. ગ્રામીણ વિસ્તારોમાં, લોકો આરટીઓ સુધી પહોંચવા માટે ૧૦૦-૨૦૦ કિમી મુસાફરી કરે છે, કલાકો વિતાવે છે. ધ્યેય તેમની મુશ્કેલી હળવી કરવાનો છે, એમ તેમણે કહ્યું.

પરંતુ ૨૫ કિલોમીટર દૂર ચાલીસગાંવ અને ભડગાંવમાં આરટીઓ શરૂ કરાઈ છે, છતાં પુણે અને પિંપરી ચિંચવડ જેવા ગીચ વસ્તીવાળા વિસ્તારોને બાકાત રાખવામાં આવી રહ્યા છે, એમ એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આ 'રાજકીય નિર્ણયો' છે. માનવશક્તિની અછત અને પરીક્ષણ મેદાન જેવી માળખાગત સુવિધાઓને અવગણીને, આ કચેરીઓ ઊંચા ખર્ચે 'સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓને ખુશ કરવા' માટે બની રહી છે, એમ એક નિવૃત્ત અધિકારીએ દાવો કર્યો હતો.

ટીકાકારોએ એમ પણ જણાવ્યું હતું કે ૧૧૫ માંથી ૮૯ આરટીઓ સેવાઓ, અથવા ૭૭ ટકા, ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેમાં ૫૮ સંપૂર્ણપણે ફેસલેસ છે, જેનાથી ભૌતિક સુવિધાઓની જરૂરિયાતમાં ઘટાડો થવો જોઈતો હતો. વધુમાં, ઘણી સેવાઓને આઉટસોર્સ પણ કરવામાં આવી રહી છે, અને મોટા પાયે ભૌતિક વિસ્તરણ ઈ-ગવર્નન્સને અપાતા પ્રોત્સાહનથી વિરોધી બાબત છે. જોકે, અધિકારીઓના બીજા એક જૂથે વધુ આરટીઓ બનાવવાના પગલાનો બચાવ કરતા કહ્યું કે બધા નાગરિકો ડિજિટલ સાક્ષરતા ધરાવતા નથી. (પીટીઆઈ)

# કસ્ટમ્સ, ઈન્કમટેક્સ, જીએસટી, સીબીઆઈ, ડીઆરઆઈ, ઈડી ઈન્સ્પેક્ટર, ઓડિટર, જુનિયર એકાઉન્ટન્ટની ૨૦૦૦૦ પોસ્ટની ભરતી

મુંબઈઃ મુંબઈ તથા બીજી યુનિવર્સિટીઓના વિવિધ ડિગ્રી પરીક્ષાના પરિણામો ટૂંક સમયમાં આવી જશે. વર્તમાન સમયમાં માત્ર ડિગ્રીના આધારે સારા પગારની નોકરી મળતી નથી. કેન્દ્ર સરકારના ઉપરોક્ત લબ્ધપ્રતિષ્ઠિત વિભાગોમાં કોઈપણ ગ્રેજ્યુએટ યુવક યુવતીઓ ઇન્સ્પેક્ટર અને ઓફિસરની પોસ્ટ માટે અરજી કરી શકે છે, તે માટે કોઈપણ ઉચ્ચ અભ્યાસ અથવા પ્રોફેશનલ ક્ષેત્રની ડિગ્રીઓની અને કામના અનુભવની પણ જરૂર નથી.

શૈક્ષણિક લાયકાતઃ- BA, B,Com, BSc, BSc IT, BMS, BBI, BAF, BFM, BMM, BCA, BE, BTech કોઈપણ ડિગ્રી, તેમાં ટકાવારીની જરૂર નથી. આવતે વર્ષે ૨૦૨૬ માં TY ની પરીક્ષા આપનાર તથા વિધવા, ત્યક્તા, જ્યુડિશીયલી જુદી થયેલ સ્ત્રીઓ, અંધ, મૂંગા, બહેરા, ઓર્થોપેડિક શારીરિક ખોડખાંપણ ધરાવનાર વિકલાંગ વ્યક્તિઓ પણ અરજી કરી શકે છે.

કેન્દ્ર સરકારના કસ્ટમ્સ, ઈન્કમ ટેક્સ, જીએસટી, સીબીઆઈ, ડીઆરઆઈ, ઇડીમાં ઇન્સ્પેક્ટર, ઓડિટર, જુનિયર એકાઉન્ટન્ટ તે સિવાયના બીજા ઘણા વિભાગો માટે યુવક યુવતીઓ અરજી કરી શકે છે. SSC અને HSC થયેલ વિદ્યાર્થીઓ પણ કોલેજમાં ભણવાનું ચાલુ રાખીને, ઉપરોક્ત વિભાગોમાં આસિસ્ટન્ટ અને LDC, UDC ની પોસ્ટ માટે અરજી કરીને, તેમાં પાસ થવાથી મહિને રૂ. ૪૦૦૦૦ થી ૮૦૦૦૦ જેટલો પગાર મેળવી શકે છે.

નોકરી મેળવવા સ્પર્ધા પરીક્ષાની મેરિટ રેન્કના આધારે તમારી પસંદગી થશે. આવતા વર્ષથી ૮ મું વેતન પંચ લાગુ થવાથી ઉપરોક્ત પોસ્ટમાં નોકરી મળવાથી દર મહિને રૂપિયા ૧,૫૦,૦૦૦ થી પણ વધારે પગાર મળશે.

ઉપરોક્ત નોકરીની વધારે માહિતી માટે મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન IAS એકેડેમી દ્વારા રોજ સવારે ૧૧ અને સાંજે ૪ વાગે દાદર (પૂર્વ) ખાતે નિઃશુલ્ક કારકિર્દી માર્ગદર્શન શિબિર રાખવામાં આવી છે. અરજી કરવા આધારકાર્ડની ઝેરોક્ષ અને ફોટો સાથે રાખવો. અરજી કરવાની છેલ્લી તારીખ ૦૪/૦૭/૨૦૨૫ છે.

નવમા પાનાનું ચાલુ

## લોનાવાલાના

સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે, એમ મ્હાત્રેએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે ટ્રસ્ટી મંડળે આ મુદ્દાને ઉકેલવા માટે ડ્રેસ કોડ લાગુ કરવાનો સર્વસંમતિથી નિર્ણય લીધો છે, જે ૭ જુલાઈથી અમલમાં આવશે. નવા નિયમોમાં શોટ્ર્સ, મીની સ્કર્ટ્સ, પશ્ચિમી પોશાકો અને ખુલ્લા કપડાં અને ફાટેલા જીન્સ પર સ્પષ્ટપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, એમ પ્રકાશનમાં જણાવાયું છે.

પ્રકાશન અનુસાર, મહિલા ભક્તો સાડી, સલવાર-કુર્તા અને અન્ય પરંપરાગત ભારતીય વસ્ત્રો પહેરી શકે છે, જ્યારે પુરુષો ધોતી, કુર્તા-પાયજામા, પેન્ટ અને શર્ટ, ટી-શર્ટ અને અન્ય પરંપરાગત વસ્ત્રો પહેરી શકે છે. પીટીઆઈ

## રાજકારણમાં

શ્રીધર નાઈક શિવસેના (તે સમયે અવિભાજિત) ધારાસભ્ય વૈભવ નાઈકના કાકા હતા જેમણે ૨૦૧૪ની રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં નારાયણ રાણે, જે તે સમયે કોંગ્રેસમાં હતા, તેમને હરાવ્યા હતા. ગોગાવલેની ટિપ્પણી વિશે પૂછવામાં આવતા, નીતેશ રાણેએ કહ્યું, તેમણે ગોગાવલેનું ભાષણ સાંભળ્યું નથી. પરંતુ નારાયણ રાણે મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી ચૂક્યા છે, અને તેમની સામે કોઈપણ હત્યા સંબંધિત કોઈ પોલીસ રેકોર્ડ નથી. નીતેશ રાણેએ ઉમેર્યું કે તેઓ ગોગાવલેને મળીને 'તેમની સમજણનો વિસ્તાર' કરશે. તેમણે પત્રકારોને જણાવ્યું કે, નારાયણ રાણે શિવસેના માટે મહેનત કરનારા અને પક્ષના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવનારાઓમાંથી એક હતા. વધુમાં કહ્યું કે આ વાતચીત (ગોગાવલેની ટિપ્પણી અને તેના પર પ્રતિક્રિયા) રાજકીય ઝઘડામાં ફેરવાઈ શકી હોત, પરંતુ તેમણે હકીકતો સ્પષ્ટ કરવાનું પસંદ કર્યું. (પીટીઆઈ)

## એલાર્મ અને ચેઈન

રહેલી ટ્રેનોને પણ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. મુંબઈ ડિવિઝન પર, ટ્રાફિકમાં મેલ/એક્સપ્રેસ ટ્રેનો અને ઉપનગરીય ટ્રેનો બંનેનો સમાવેશ થતો હોવાથી, તેની વ્યાપક અસર પડી છે. ઉપનગરીય ટ્રેનો મોડી દોડી રહી છે અને સ્ટેશનો પર મુસાફરોને ભારે અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે. ૦૧.૦૬.૨૦૨૫ થી ૧૯.૦૬.૨૦૨૫ દરમિયાન, ભુસાવલ વિભાગમાં ૨૬ કેસ નોંધાયા હતા જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળા દરમિયાન ૧૩ કેસ નોંધાયા હતા. નાગપુર વિભાગમાં ૫૨ કેસ નોંધાયા હતા જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળા દરમિયાન ૨૮ કેસ નોંધાયા હતા. મુંબઈ ડિવિઝન પર ૫૭ કેસ નોંધાયા હતા જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળા દરમિયાન ૪૧કેસ નોંધાયા હતા. મધ્ય રેલવે આવી અયોગ્ય એસીપી ઘટનાઓ પર નજીકથી નજર રાખી રહ્યું છે. ૦૧.૦૬.૨૦૨૫ થી ૨૦.૦૬.૨૦૨૫ ના સમયગાળા દરમિયાન, ૬૬૬ એસીપી કેસ નોંધાયા હતા, જેમાં ૪૬૩ મુસાફરો સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને ૧.૭૦ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

## રાજ્યમાં સરેરાશ

ચાર તાલુકામાં પચીસ ટકા કરતા ઓછો વરસાદ નોંધાયો છે, જેમાં ભંડારાના લાખની અને ગોંદિયાના સાલેક્સા, દેવરી અને સડક અર્જુની આ ત્રણ તાલુકાનો સમાવેશ થાય છે. તો પચીસથી પચાસ ટકા વરસાદ રાજ્યના ૧૫ જિલ્લાના ૩૮ તાલુકામાં નોંધાયો છે. નાગપુર અને બીડ જિલ્લા પાંચ-પાંચ તાલુકાનો સમાવેશ થાય છે. તો ૫૦થી ૭૫ ટકા વરસાદની નોંધ રાજ્યના ૨૦ જિલ્લાના ૮૭ તાલુકામાં છે. ૧૦૦ ટકાથી વધુ વરસાદ ૨૮ જિલ્લા ૧૫૫ તાલુકામાં નોંધાયો છે. છેલ્લા બે-ત્રણ દિવસથી વિદર્ભમાં શરૂ થયેલા વરસાદને કારણે ખરીફ પાકની વાવણીનું કામ ઝડપી થયું છે.

## એમવીએ

વિકાસ આઘાડી (એમવીએ) સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઇપી) ૨૦૨૦ હેઠળ ત્રણ-ભાષાની ફોર્મ્યુલાનો સ્વીકાર કર્યો હતો એવા દાવા પણ રાજ્યનાં ભૂતપૂર્વ શાળા શિક્ષણ પ્રધાને નકારી કાઢ્યા હતા. ગાયકવાડે કહ્યું હતું કે 'અમે હિન્દી ભાષાના વિરોધી નથી, પરંતુ મહારાષ્ટ્ર પર એને બળજબરીથી લાદવામાં આવે એ અમે નહીં ચલાવી લઈએ.'

પહેલા ધોરણથી હિન્દી ભણાવવાના સરકારના ઈરાદાનો વિરોધી પક્ષો દ્વારા તીવ્રતાથી વિરોધ કરવામાં આવ્યો છે. સરકારે તાજેતરમાં એક સુધારેલો આદેશ બહાર પાડ્યા બાદ આ વિવાદ વકર્યો હતો. આદેશમાં જણાવવામાં આવ્યું હતું કે મરાઠી અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓને હિન્દી ત્રીજી ભાષા તરીકે શીખવવામાં આવશે. આદેશ અનુસાર જો કોઈ શાળામાં ગ્રેડ દીઠ ૨૦ વિદ્યાર્થીઓ અન્ય કોઈ ભારતીય ભાષાનો અભ્યાસ કરવા માંગતા હોય તો તેઓ હિન્દી છોડી શકશે જો આવી માગ ઊભી થશે તો કાં શિક્ષકની નિમણૂક કરવામાં આવશે અથવા ભાષા ઓનલાઇન શીખવવામાં આવશે. (પીટીઆઈ)

## હેં! હોય નહીં!

હતા. મરાઠી ભાષા વિભાગના સચિવ કિરણ કુલકર્ણી પણ હાજર હતા. સમિતિએ શિવસેના (યુબીટી) - મનસેના ૫ જુલાઈના વિરોધ મોરચામાં પણ ભાગ લેવાનો નિર્ણય કર્યો છે.

મરાઠી અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓને હિન્દી ત્રીજી ભાષા તરીકે શીખવવામાં આવશે એવો રાજ્ય સરકારે એક સુધારેલો આદેશ તાજેતરમાં બહાર પાડ્યા બાદ આ વિવાદ વકર્યો હતો. સમિતિના અધ્યક્ષ લક્ષ્મીકાંત દેશમુખે સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે સરકારનું સમર્થન ધરાવતી કોઇ સંસ્થાએ પહેલીવાર કોઇ સરકારી નિર્ણય સામે આ પ્રકારનું વલણ અપનાવ્યું છે. દેશમુખે વધુમાં જણાવ્યું હતું કે 'એક સલાહકાર સમિતિ તરીકે અમારું માનવું છે કે સરકાર પ્રાથમિક શાળાઓમાં ત્રીજી ભાષા દાખલ કરવાનું ટાળે. આમ કરવાથી વિદ્યાર્થીઓના માનસિક વિકાસ રૂંધાઇ શકે છે અને રાજ્યની સાંસ્કૃતિક ઓળખ નબળી પડી શકે છે. અમે હિન્દી કે અન્ય કોઈ ભાષાની વિરુદ્ધ નથી, પરંતુ પ્રારંભિક શિક્ષણમાં શીખવવી ફરજિયાત કરવું યોગ્ય નથી.' (પીટીઆઈ)

## મહારાષ્ટ્ર સરકારને

બળજબરીપૂર્વક અમલીકરણથી માંડીને એમએસઆરટીસીને બસો પૂરી પાડવામાં નિષ્ફળતા, પ્રાઈવેટ કોન્ટ્રાક્ટરોને બાકી નીકળતી રકમની ચુકવણી ન કરવી અને પુણેમાં વૈશાલી હગવણે (દહેજ ઉત્પીડન-આત્મહત્યા) કેસમાં અન્યાય જેવી બાબતોને કારણે આ સરકારે સહકાર મેળવવાનો નૈતિક અધિકાર ગુમાવી દીધો છે. ધોરણ-૧ પર ત્રીજી ભાષા (હિન્દી) લાદી રહેલી સરકારને આપણે શા માટે સમર્થન આપવું જોઈએ.'શિવસેના યુબીટીના નેતા અને ભૂતપૂર્વ પ્રધાન આદિત્ય ઠાકરેએ શાળા પ્રવેશમાં ભ્રષ્ટાચાર બદલ દેવેન્દ્ર ફડણવીસની મહાયુતિ સરકાર પર પ્રહાર કર્યો હતો. આ ઉપરાંત તેમણે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનને સીધું સમર્થન આપવા બદલ રાજ્ય સરકારની પણ ટીકા કરી દાવો કર્યો હતો કે તે મુંબઈ-પુણે એક્સપ્રેસ વેનો ઉપયોગ કરતા વાહન ચાલકો પર ખોટી રીતે રૂ. ૧૨.૫૦ કરોડનો દંડ લાદવામાં આવ્યો છે.

# જૈન મરણ

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડિયાના કાંતાબેન સતીશ આશધીર ડાઘા (ઉં. વ. ૪૯) તા.૨૮.૦૬.૨૫ને શનિવારે અવસાન પામેલ છે. મણીબેન આશધીરના પુત્રવધૂ. સતીશના ધર્મપત્ની, પ્રિયંકાના માતૃશ્રી. મયુર, સંગીતાના ભાભી. પ્રવિણાના જેઠાણી. ભાવનગરના બાલુબેન પુંજાભાઈ મકવાણાની પુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે.કેવનીપાડા, દાદુ ચૈત્ય ચાલ,એસ.વી. રોડ, જોગેશ્વરી-વેસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડિયાના દમયંતીબેન વિનોદ કાનજી ગડા (ઉં. વ. ૫૯) શુક્રવાર તા. ૨૭.૦૬.૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. ગં.સ્વ.રત્નાબેન કાનજી વાઘજીના પુત્રવધૂ. વિનોદ્‌ના ધર્મપત્ની, કરણ, મયંકના માતુશ્રી. અવની, ફોરમના સાસુ. કવીર, યુવાન, આધ્યાના દાદી. લાકડિયાના ભમીબેન અરજણ રાઘવજી શાહની દિકરી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન. બી- ૧૧૦૨, મેફેર હેરીટેજ, સાંતાક્રુઝ-વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના ઝવેરીલાલ દેઢીયા (ઉં. વ. ૮૧) ૨૬-૬-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. માતુશ્રી ઉમરબાઇ મેઘજી શામજીના સુપુત્ર. (ખેતબાઇ) જયશ્રીના પતિ. ભાવના, રાજેશ, દિપેશના પિતા. ગુંદાલાના લક્ષ્મીબેન નાગજી, નિર્મળા વસંત, ટોડાના હેમલતા જયંતીલાલ, ગોવંડીના પુષ્પા ગજાનનના ભાઇ. વાંકીના જખીબાઇ નાનજી ઘેલાના જમાઇ. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. ઝવેરીલાલ દેઢીયા, બી-૦૮, વિલેજ પેલેસ, બસ સ્ટેશનની બાજુમાં, ગુંદાલા, તા. મુંદ્રા.

બિદડાના અ.સૌ. સુધાબેન સુરેન્દ્ર ગોગરી (ઉં. વ. ૭૧) તા. ૨૮-૬-૨૫ ના અવસાન પામેલ છે. કંકુબેન ખીમજી પાસુના પુત્રવધુ. સુરેન્દ્રભાઈના ધર્મપત્ની. દર્શના, જીનલના માતુશ્રી. દેવકાબેન રામજી મારૂના સુપુત્રી. લક્ષ્મીચંદ મારૂના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સુરેન્દ્ર ગોગરી, ૧૩૦૨, અવેન્યુ-૧૪, દાદર ટી.ટી. સર્કલ, દાદર,મુંબઈ-૪૦૦૦૧૪.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર રમણીકલાલ શાંતિલાલ અજમેરાના પુત્ર પરેશભાઇ (ઉં. વ. ૬૭) તા. ૨૮-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ઇલાબેનના પતિ અને જયનાનાં પિતાશ્રી. કીર્તિબેન રમેશચંદ્ર શાહ, ઉદયભાઇ, સ્વ. જયેશભાઇના મોટાભાઇ. તે સ્વ. નવનીતલાલ નાનચંદ ભગતના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૬-૨૫ના સોમવારે સાંજે ૪થી ૬. ઠે. બાલકન-જી-બારી, રાજાવાડી ગાર્ડનની સામે, ઘાટકોપર (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વેરાવળ નિવાસી હાલ અંધેરી સ્વ. કાંતિલાલ નેમીદાસ શાહના ધર્મપત્ની વિલાસબેન (ઉ.વ.૮૫) તા. ૨૮-૬-૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે દિપ્તી, કામિની-ભાવેશ-મિતેશના માતુશ્રી. દીલીપભાઇ, પરાગભાઇ, ડોલી, મેઘનાના સાસુ. હર્ષલના નાની, સિદ્ધિ, વૈરવી, ઋજુતા, દેવના દાદી. તે દીવ નિવાસી સ્વ. નેમીદાસ દુર્લભદાસ દોશી ને સ્વ. હિરાવંતીબેન દોશીના સુપુત્રી. સ્વ. સુભાષચંદ્ર અને સ્વ. સુંદરદાસ દોશીના બહેન. બન્ને પક્ષ તરફથી લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ દશા શ્રીમાળી જૈન**

પાટણ કોકાના પાડાના હાલ અંધેરી ઉપેન્દ્રભાઇ ચંદ્રકાંત મહેતા (ઉ.વ. ૭૬) તે રક્ષાબેનના પતિ. મિહીર, પૂર્વીના પિતા. દિપાલી, પરિનભાઇના સસરા. છાયાબેન, સ્વ. રાજેશભાઇના ભાઇ. મહેન્દ્રભાઇ મનસુખલાલના જમાઇ. શનિવાર તા. ૨૮-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે, લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ તેરા હાલે મુલુંડ સ્વ શાંતાબેન નારાયણદાસ આઇયાના પુત્રવધુ.ગં સ્વ વીણાબેન(વસંતબેન) મંગલદાસ આઇયા (ઉં. વ. ૮૩). સ્વ મંગલદાસ નારાયણદાસ આઇયાના ધર્મપત્ની. સ્વ.બચુબાઇ પ્રેમજી ભગદેના સુપુત્રી ગામ(કોઠારા), ચેતન,આશિષ અને અ સૌ દિક્ષા ધર્મેશ ચોથાણીના માતૃશ્રી. અ સૌ પુનમ અને જીજ્ઞાના સાસુ. સ્વ શંકર પ્રેમજી ભગદે, સ્વ નર્મદા બેન, સ્વ જશોદા બેન, સ્વ તુલશા બેન,ગં સ્વ પુરાબેન, અ સૌ ભાનુમતીબેન ના બહેન. તા. ૨૮/૦૬/૨૫ ના શ્રી રામશરણ પામેલ છે. તેમની બન્ને પક્ષ ની પ્રાર્થનાસભા તા. ૩૦/૦૬/૨૦૨૫ ને સોમવારના સાંજે ૫.૩૦ થી ૭.૦૦ ગોપુરમ હોલ, મુલુંડ (વેસ્ટ) મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પોરેચા મોઢ વણિક**

જૂનાગઢ નિવાસી હાલ દહિસર સ્વ. જ્યોત્સના શશીકાંત શાહ (ઉં. વ. ૭૯) તે સ્વ. શશીકાંત હરખચંદ શાહના ધર્મપત્ની, ભાવનગર નિવાસી કાંતિલાલ વડોદરિયાના દીકરી, કલ્પેશ, ચિરાગ, ઉર્વીના માતુશ્રી, નિમીષા કિંજલ મહેશકુમારના સાસુ, કનીશ, કૃપાલના દાદી, શ્લોકના નાની. ૨૭/૬/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસાભા ૩૦/૬/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે રૂઇયા હોલ, સ્ટેશન રોડ, રેલવે ક્રોસિંગ પાસે, મલાડ વેસ્ટ રાખેલ છે.

**કપોળ**

સિહોરવાળા હાલ ઘાટકોપર સ્વ. મંજુલાબેન તથા સ્વ. મુકુંદરાય કેશવલાલ પારેખના સુપુત્ર લલિત (ઉં. વ. ૬૫) તે સ્વ. રાજેશ, નીલા રજનીકાંત પારેખ, નયના શશીકાંત શાહના ભાઇ. ઝરણાંના દીયર. પ્રતિક, અમીના કાકા. તથા સ્વ. જેઠાલાલ નંદલાલ મહેતાના ભાણેજ. તા. ૨૭-૬-૨૫ના શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**વિશા ખડાયતા**

રમેશ હીરાલાલ શાહ (ઉં. વ. ૭૭) ગાબટ નિવાસી હાલ મુંબઇ તે શુક્રવાર તા. ૨૭-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન હીરાલાલ શાહનાં પુત્ર. ચંદનબેનનાં પતિ. ચેતન અને ડિમ્પલના પિતા. મીતલ અને ચેતનભાઇ દવાવાળાનાં સસરા. સરડોઇ નિવાસી સ્વ. ચંપાબેન કાંતિલાલ શાહના જમાઇ. સ્વ. જયંતિલાલના સાળા. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧-૭-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. હાલાઇ લોહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાસ એક્ષ્ટેન્શન રોડ, અતુલ ટાવરની પાસે, કાંદીવલી મધ્યે રાખેલ છે. પિયર પક્ષનું બેસણું પણ તે જ સમયે અને તે જ સ્થળે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ અંજાર (કચ્છ) હાલ મુલુંડના નર્મદાબેન પોપટલાલ ઠક્કરના પુત્ર સ્વ. ચત્રભુજ પોપટલાલ ઠક્કર (કોટક) (ઉં.વ. ૯૪) તે કાંતાબેન ચત્રભુજ કોટકના પતિ. તે જશોદાબેન મંગલજી મોતીરામ કોડરાણી (અજાર)વાળાના મોટા જમાઇ. બિપીન, કાશ્મીરા વિરેન ઠક્કર (રવાણી) પલ્લવીના પિતા. નીતા બીપીન કોટકના સસરા તા. ૨૮-૬-૨૫ શનિવારના શ્રીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૭-૨૫ મંગળવારના સાંજે ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, ડો. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ભચાઉ નિવાસી લખમશીભાઇ ભવાનભાઇ ધોધાઇ પરમાર તે લીલાવંતીબેનના પતિ. અક્ષય, પ્રતીક્ષાના પિતા. સિદ્ધિ અને કાર્તિકના સસરા. જખુભાઇ લુહારના નાનાભાઇ. તા. ૨૪-૬-૨૫ના રામશરણ પામેલ છે. તે ભુજ નિવાસી પૂજાભાઇ મુળજીભાઇ પઢારિયાના જમાઇ. લોકાઇ તથા મોરીયા તા. ૪-૭-૨૫ના સવારના ૯.૦૦ કલાકે ભચાઉ, લુહાર સુથાર સમાજવાડીમાં રાખેલ છે.

**કપોળ**

સાવરકુંડલા હાલ મુંબઇ સ્વ. નિર્મળાબેન ચત્રભુજ દોશી તથા સ્વ. જસવંતીબેન ગુલાબરાય દોશીના સુપુત્ર ભુપેન્દ્રભાઇ દોશી (ઉં. વ. ૮૦) તા. ૨૮-૬-૨૫ના શનિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે કિષ્ણાબેનના પતિ. સમીર-ભાવના, ઉદય-હિમાના પિતાશ્રી. તે અંક્તિ-જયતી, મીત, શાશ્વતના દાદા.તે લલિત-લતા, સ્વ. રાજેન્દ્ર-રૂપા, હેમલતા, સ્વ. બીપીનભાઇ મહેતા, ચારૂ-હીતેન પારેખના ભાઇ. તે ભાવનગરવાળા સ્વ. જશવંતરાય હરિલાલ મહેતા જમાઇ. પ્રાર્થનાસભા તથા સર્વે લૌકિક પ્રથા બંધ છે.

## પાંચ જુલાઈએ

ઊજવણી અને સભા લઈશું અને તેનું સ્થળ ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે.

આ સમિતિનો કોઈ અર્થ નથી. કોઈની પણ સમિતિ બનાવવામાં આવે તો પણ હિન્દીને ફરજિયાત કરવામાં આવી શકે નહીં. કોઈની પણ સમિતિ નીમો છતાં હિન્દી ફરજિયાત કરવા દઈશું નહીં એવું બોલતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે મરાઠી અને બિનમરાઠી માણસોને અલગ કરીને બિનમરાઠી મત પોતાની તરફ કરવાનો ભાજપનો આ છૂપો અજેન્ડા હતો પણ સંતોષજનક બાબત એ છે કે મરાઠી માણસોએ સમજદારીની ભૂમિકા દર્શાવી. ભાષાને વિરોધ નથી પણ ફરજિયાત કરવા સામે વિરોધ છે. ફરજિયાત કરવાના વિરોધમાં આંદોલન હોવાથી તેમાં ફૂટ પડી નથી. મરાઠી માણસોમાં પડનારી ફૂટ લાભકારક બનશે એવો સરકારનો મનસુબો ખોટો સાબિત થયો છે. આ અગાઉ આઝાદ મેદાનમાં સરકારી આદેશ (જીઆર)ની હોળી કરતા શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ રવિવારે કહ્યું હતું કે તેમનો પક્ષ હિન્દીનો વિરોધ નથી કરતો, પરંતુ માત્ર તેની સખ્તાઈથી અમલનો વિરોધ કરે છે.

દક્ષિણ મુંબઈમાં સારી સંખ્યામાં હાજર રહેલા લોકોની હાજરીમાં થયેલા વિરોધ કાર્યક્રમમાં શાળાઓ માટે ત્રણ ભાષાની નીતિ અંગેના ૧૭ જૂનના સરકારના ઠરાવની નકલો સળગાવવામાં આવ્યા બાદ તેઓ સંવાદદાતાઓ સાથે વાત કરી રહ્યા હતા. શિવસેના (યુબીટી)એ રાજ્યભરમાં પણ આ પ્રકારનું વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે 'અમે જીઆર (સરકારી ઠરાવ)ની નકલો સળગાવી દીધી છે. મતલબ કે અમે તેને સ્વીકારતા નથી. અમે હિન્દીનો વિરોધ નથી કરતા પરંતુ અમે તેના સખ્તાઈથી અમલ માટે મંજૂરી નહીં આપીએ.' સરકારને મોરચા પાછળનું કારણ સમજાતું નથી. મરાઠીને અન્યાય થયો છે. સવાલ એ છે કે વિદ્યાર્થીઓ સાથે કેટલી સખતાઈ થવાની છે.

ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને એમ પણ કહ્યું હતું કે તેમનો પક્ષ અને રાજ ઠાકરેના નેતૃત્વવાળી મહારાષ્ટ્ર નવનિર્માણ સેના દ્વારા સંયુક્ત રીતે આ મુદ્દે આયોજિત ૫ જુલાઈનો મોરચો ભવ્ય હશે. ૧૭ જૂને મહારાષ્ટ્ર સરકારે એક જીઆર બહાર પાડ્યો હતો, જેમાં અંગ્રેજી અને મરાઠી માધ્યમની શાળાઓમાં ધોરણ ૧ થી ૫ માટે હિન્દીને ત્રીજી ભાષા વૈકલ્પિક સ્વરૂપે બનાવવામાં આવી હતી, ફરજિયાત નહીં. (પીટીઆઈ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

ધર્મતેજ

# સાદગી ને સરળતાભર્યું જીવન ભલે હોય પરંતુ તેવું જીવન રસપૂર્ણ હોવું જોઈએ



માનસ મંથન

મોરારિબાપુ
feedback@
bombaysamachar.com

**‘માનસ’** કેવું અનંત છે ! હું શરૂઆતમાં કથા કહેતો હતો ત્યારે મને કથા બહુ સરળ લાગતી હતી, પરંતુ ગુરુકૃપાથી જેમ-જેમ ગાતો જાઉં છું, તેમ-તેમ મને લાગે છે, રામકથા ‘कहत कठिन समुझत कठिन साघत कठिन बिबेक।’ છે, બહુ જ કઠિન છે. આ અનંત શાસ્ત્ર છે. હું બિલકુલ તટસ્થભાવે કહી રહ્યો છું. વિશ્વને જરૂર હતી એટલે તુલસીએ ‘રામચરિતમાનસ’ આપ્યું. તુલસીએ ગ્રામ્યગિરામાં એ કહ્યું. આ પાવન ગ્રંથના વક્તા, શ્રોતાઓને થોડો પરિચય આપે છે, એટલા માટે પહેલો દિવસ માહાત્મ્યથી શરૂ થાય છે. વિશ્વવંદ્ય ગાંધીબાપુ કહ્યા કરતા હતા કે,જેમને ‘રામાયણ’ અને ‘મહાભારત’ વિશે જાણકારી ન હોય એમને હિન્દુસ્તાની હોવાનો અધિકાર નથી. ગુજરાતીમાં ગવાયું છે-

**‘રામાયણ’ ને ‘ગીતા’ મારી અંતરની આંખો.**

મતલબ કે ‘રામાયણ’ અને ‘ગીતા’ એ આપણાં આંતર ચક્ષુ છે, એના વિના આપણે અંધ છીએ.

અને પ્રભુએ દીધી છે મને ઊડવાની પાંખો.


આ બે ગ્રંથોથી આપણે આકાશમાં ઊડી શકીએ છીએ,એટલે કે ઉર્ધ્વગમન કરી શકીએ છીએ,એવી પરમાત્માએ આપણા પર કૃપા કરી છે. આ એવાં શાસ્ત્રો છે, જેનાથી આપણે આપણી જાતને બહુ ઉપર ઉઠાવી શકીએ છીએ.

તુલસીજીએ ‘કાંડ’ નથી લખ્યું,‘સોપાન’ લખ્યું છે. ‘રામચરિતમાનસ’ સપ્તસોપાનનું શાસ્ત્ર છે. સાત સોપાન,સાત સીડીઓ છે. ‘બાલકાંડ’ કહે છે કે, સમય, સ્થળ, સંજોગ અને આપણી પોતાની સમજ એ ચારેય યોગ્ય જગ્યાએ હોય તો પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ કરી લેવો, એ તલગાજરડી દ્રષ્ટિએ ‘બાલકાંડ’નો સંક્ષિપ્ત મેસેજ છે. ‘બાલકાંડ’માં ભવાની એ સમયનો કેવો સુંદર સદુપયોગ કર્યો ! જ્યારે એમ લાગે કે સમય અનુકૂળ છે, અવસર મનાવવા યોગ્ય છે, એ સમયને પકડી લેવો એ ‘બાલકાંડ’નો સૂત્રાત્મક સંદેશ છે.

નારદજી ઘૂમતાં ઘૂમતાં હિમગિરિમાં ગયા અને હિમગિરિની શીતળતા- શાંતિ જોઈને અને નારદનું મન ત્યાં ઠરીઠામ થયું. હિમાલયનું એવું સ્થાન મળ્યું તો એમ થયું કે ગંગાના તટ પર પ્રાપ્ત સ્થિતિનો સદુપયોગ કરીએ. એવું સ્થાન હતું એનો સદુપયોગ એ ‘બાલકાંડ’ની શીખ છે.

સંજોગ આયો. કોઈ રાજા ધનુષ ન તોડી શક્યા. અહીં જનકજી બહુ જ ઉગ્ર થઈ ગયા. એવી પરિસ્થિતિ સર્જાઈ કે હવે કુંવરી કુંવારી જ રહી જશે ! શું કરવું? શું થશે? એવા સંજોગોમાં વિશ્વામિત્રજીએ રામને કહ્યું, ધનુષ તોડો. અને એવી જ સહજતાથી એ પ્રાપ્ત સંજોગોનો રાઘવેન્દ્રે સદઉપયોગ કર્યો. અને સમજ, ના પણ, વિવેક વિનય એ જ્યારે આપણને અનુકૂળ લાગે કે આપણે સમજની ધારામાં છીએ, વિનયની ધારામાં છીએ ત્યારે એનો સદઉપયોગ કરી લેવો. પરશુરામ એટલું બધું બોલ્યા પરંતુ ભગવાને વિવેક ન તોડ્યો.

‘અયોધ્યાકાંડ’; એનું સૂત્ર છે, બીજાના હક્કની વસ્તુ પર અધિકાર ન જમાવવો; મારો અધિકાર હોય તો પણ હું છોડી દઉં; અને જો બધું બરાબર રહેતું હોય તો પણ હું છોડવા માટે તૈયાર છું. આટલું જ સૂત્ર અયોધ્યા કાંડનું છે. જ્યેષ્ઠ પુત્ર હોવાને નાતે રાજ્ય માટેનો રાઘવનો હક હતો પરંતુ રાઘવે એ છોડ્યું; ભગવાને જવા દીધું. યુવાન ભાઈ -બહેનો, બીજાના હકને છીનવવો નહીં. હક્ક એટલે પૈસા જ નહીં. બીજાના સમયને પણ ન છીનવવો. કોઈ ભજનમાં બેઠું હોય તો એના સમયને ન છીનવો.



ત્રીજું સૂત્ર છે સાદગી- સરળતાથી જીવન જીવવું. પરંતુ સાદગી હોય, સરળતા હોય, તો પણ જીવનમાં રસ પૂર્ણતા હોય એવું જીવન ‘અરણ્યકાંડ’ છે. ભગવાન રામે વલકલ વસ્ત્ર- સાદા વસ્ત્ર પહેર્યા. પગમાં કંઈ નથી. બિલકુલ સાદગી છે, ભારોભાર સાદગી છે; પણ છતાં પણ રસની કમી નથી. રામ જાનકીજીને પ્રાપ્ય વસ્તુઓથી શણગાર કરી રહ્યા છે. રસ અખંડ રહેવો જોઈએ. સાદું જીવન હોય પરંતુ પરમાત્માનો પર્યાય જે રસ છે, એવું રસમય જીવન હોવું જોઈએ. આ બે જ વસ્તુ ‘અરણ્યકાંડ’ નો નિચોડ છે. સાદું જીવન, છતાં પણ રસમય જીવન. આટલા બધા ઊંચે રહેનારા લોકોને ઈર્ષા થઈ ગઈ કે આવી રીતે પદત્રાણ વિના અને કુટીયામાં રહેનારાનું આવું સાદગીભર્યું જીવન અને આટલી બધી પ્રસન્નતાથી જીવી રહ્યા છે ! મોટા મોટા લોકોના દીકરાઓને ઈર્ષા થવા લાગી ! ઈન્દ્રના દીકરાને ઈર્ષા થઈ! રસ માટે વધારે ઉપકરણોની જરૂર નથી. ફુલ જેવો કોઈ શણગાર નથી. સાદું જીવન અને પરમાત્માવાચક જે રસ છે, એવા રસના જીવનને એન્જોય કરવું એ ‘અરણ્યકાંડ’નો પાઠ છે.

‘કિષ્કિન્ધાકાંડ’ નું સૂત્ર છે યુવાનો પોતાની ક્ષમતા મુજબ કશીક શોધ કરે; કંઈક નવું સર્જન કરે એ જરૂરી છે. ‘કિષ્કિન્ધાકાંડ’માં જાનકીની શોધનું એક અભિયાન ચાલ્યું. વિશ્વને ઉપયોગી એવી કોઈ પરમ ચીજની શોધ કરવી એ ‘કિષ્કિન્ધાકાંડ’ નું પારાયણ છે.

આ ‘તલગાજરડી’ ‘રામાયણ’ છે. કેવળ એક સૂત્રી રામાયણ. અને ‘સુંદરકાંડ’ નો પાઠ કરવો જ કરવો, અવશ્ય કરવો, પરંતુ જીવન છે; જીવનમાં ડગલેને પગલે અનેક બાધાઓ આવશે. ગમે તેટલી મુશ્કેલીઓ આવે પરંતુ જીવનની સુંદરતા જાળવી રાખવા માટે ગમે તેવી પરિસ્થિતિમાં અખંડ હરિસ્મરણ એ ‘સુંદરકાંડ’નો પાઠ છે. ‘સુંદરકાંડ’માં જાનકી પર કેટલી વિપત્તિઓ આવી, પરંતુ -

कृस तनु सीस जटा एक बेनी ।
जपति हृदय रघुपति गुण श्रेनी ।।

હું રામસ્મરણ નહીં છોડું, એવી માનસિકતા ‘સુંદરકાંડ’નું પારાયણ થઈ જશે.


‘લંકાકાંડ’ સંઘર્ષ છે. જીવનમાં સંઘર્ષ આવે એવા સમયે હું જીતી જઈશ, હું આટલો બળવાન છું, એવો અહંકાર ન કરવો એ ‘લંકાકાંડ’ નો પાઠ છે. મારી સામે એ તો તુચ્છ છે, એ મને શું કરી શકશે, એવું ન સમજવું એ ‘લંકાકાંડ’ નો પાઠ છે. એમ સમજવું કે હું અહંકારથી મુક્ત થઈ જઈશ, કેમ કે અહંકાર પછાડે છે. હું શા માટે મારી જાતને પછાડું? સ્વયં રાવણે અહંકાર વશ થઈને ભગવાન રામને મનુષ્ય સમજ્યા અને પરિણામ એ આવ્યું કે રાવણનું પતન થયું.. મારી સામે એ કંઈ નથી એવો ભાવ છોડીને અહંકારથી મુક્ત જીવન જીવવાની પ્રમાણિક કોશિશ કરવી એ તલગાજરડાની દૃષ્ટિએ ‘લંકાકાંડ’ નો પાઠ છે.

‘ઉત્તરકાંડ’ છે જીવનનો આખરી પડાવ. એ એવો પડાવ છે, જેમાં હવે પ્રશ્નો ખતમ થઈ જવા જોઈએ; ઉત્તરો જ રહેવા જોઈએ. આપણા જીવનમાં પ્રશ્નો જ પ્રશ્નો છે! સમસ્યાઓ જ સમસ્યાઓ છે! જ્યાં જુઓ ત્યાં સમસ્યાઓ! અમારે આ મુશ્કેલી છે અને પેલી મુશ્કેલી છે! મારી દ્રષ્ટિએ ‘ઉત્તરકાંડ’નું પારાયણ એ છે કે હવે ઉત્તરમાં જીવો. હવે એવું જ કહો કે હા, આપે જે કહ્યું એ બરાબર છે. કઠિન ખૂબ છે પરંતુ આ તલગાજરડી ‘રામાયણ’ બિલકુલ સરળ છે. સાત સૂત્રોમાં સાતકાંડની સીધીસાદી વાતો છે. મને લાગે છે કે એ શીખી જઈએ તો જીવન બહુ જ સુંદર બનશે; આનંદીત બનશે. એનાથી ખૂબ ફાયદો થશે. બીજું કંઈ પરિવર્તન કરવાની જરૂર નથી. (સંકલનઃ જયદેવ માંકડ)■

મનન

# અભય

હેમંત વાળા
feedback@bombay
samachar.com



**ગીતામાં** દૈવી સંપત્તિની સૂચિમાં સૌથી અગ્રસ્થાન અભયને આપવામાં આવ્યું છે. આ હકીકત કંઈક વિચાર કરવા પ્રેરે છે. બીજી કોઈ બાબતોને નહીં પણ અભયપણાને આટલું મહત્ત્વ શા માટે? કહેવાય છે કે પ્રાણીમાત્ર આહાર-નિંદ્રા-ભય-મૈથુનમાં રચ્યો-પચ્યો રહે છે. તેના શરીરનો નિર્વાહ ચાલે તે માટે આહાર લે છે, શરીરના નિર્વાહ માટે જ નિદ્રા ની જરૂર પડે છે, મૈથુનમાં પણ શરીર કેન્દ્ર સ્થાને છે તો પછી ભયને લગતી બાબતો પણ શરીર લક્ષી જ હોય એમ માનવા મન પ્રેરાય છે.

ભય ને સમજતા પહેલા ડર ને સમજવો પડે અને ભય તથા ડર એ ભિન્ન છે કે નહીં અને જો ભિન્ન હોય તો એ ભિન્નતા કયા પ્રકારની છે. શ્વાસ રોકાતા મૃત્યુનો ડર લાગે માનવીને માંદગી અને ઘડપણનો પણ ડર લાગે, વળી ક્યાંક સંભવિત નિરાશા અને નિષ્ફળતા પણ ડરના કારણરૂપ હોઈ શકે. સમાજ ક્યાંક આપણને ખોટા ન સમજી લે તેનો પણ ડર હોઈ શકે. જે વ્યક્તિ અનૈતિક કાર્ય કરતો હોય તેને છતાં થઈ જવાનો પણ ડર હોય. આ બધી વાતથી એમ જણાય છે કે ડર એ સમાજ સાથેના વ્યવહારને કારણે આવતા સંભવિત અસ્વીકૃત પરિણામને કારણે ઉદ્ભવે છે.

એની સામે એમ જણાય છે કે ભય એ ‘હું અને મારા’ કારણે ઉદ્ભવતો ભાવ છે. હું અને મારાપણાને કારણે જે જે લગાવ ઊભો થાય, જે જે ગમતા બંધનો બંધાતાં જાય, જે જે મમત્વની ભાવના જાગે અને મોહની માયાજાળ પ્રસરે - તે બધાને હાની પહોંચવાની સંભાવના જાગે અને જે ભાવ જન્મે તે ભય છે એમ લાગે છે. જો કે આ બાબત એટલી બધી સ્પષ્ટ પણ નથી. પરંતુ જ્યારે ભગવત-ગીતામાં દૈવી સંપત્તિના ક્રમમાં અભયનો સૌથી પહેલો ઉલ્લેખ થાય ત્યારે એમ તો માની જ શકાય કે ભય એ મોહ અને માયાનું પરિણામ હોવું જોઈએ. ભય એ ‘હું અને મારા’થી ઉત્પન્ન થતાં અહંકારનું પરિણામ હોવું જોઈએ. જ્યારે ડર એ દુનિયાની વ્યવહારને કારણે ઉત્પન્ન થતો ભાવ છે.

નીડર એટલે એવી વ્યક્તિ કે જે સર્વ સંજોગોમાં - સર્વ કાર્યનો - સર્વ પરિસ્થિતિનો ધૈર્ય અને હિંમતપૂર્વક સામનો કરી શકે. તેના મનમાં ભવિષ્યની સંભાવનાઓને પહોંચી વળવાના પોતાના સામર્થ્ય માટે સંશય કે દ્વિધા ન હોય. તે વ્યક્તિ એક નિષ્ઠાથી એક ધ્યેયને વળગી રહે અને કોઈનો સાથ સથવારો હોય કે ન હોય તો પણ લીધેલા લક્ષ્યને પાર પાડવા આગળ વધી જાય. નીડર વ્યક્તિ અજાણી તથા સંભવિત જોખમી પરિસ્થિતિને પણ એક પડકાર તરીકે ઝીલી લે. તે સંભવિત પરિણામ માટે તૈયાર હોય તે કોઈની પણ ખોટી તમા ન રાખે. નીડર વ્યક્તિ ક્યાંયથી પાછો ન પડે.

તો નિર્ભય વ્યક્તિ પણ નીડર વ્યક્તિ સમાન જ છે એમ ક્યાંક કહી શકાય! અહીં ફેર ભય અને ડર વચ્ચેનો છે. નિર્ભય બાળક હોય જ્યારે નીડર શૂરવીર હોય. બાળકને ભય શું છે એની ખબર જ ના હોય, તે તો નિર્દોષતાથી પોતાની બાલિશ રમતોમાં જ મશગૂલ હોય. દુનિયાથી સાવજ અજાણ વ્યક્તિને દુનિયાના ભયસ્થાનની પણ ખબર ન હોય; જ્યારે નીડર વ્યક્તિને આ ડર સ્થાનની ખબર હોય છે. નિર્ભયતા એ ક્યાંક માહિતગાર ન હોવાનું પરિણામ પણ હોઈ શકે જ્યારે નીડરતા એ માહિતગાર હોવા પછીનો ગુણધર્મ છે. નિર્ભયને ભયસ્થાન કે ભયમાત્રા માટે અજ્ઞાનતા હોય અથવા એવી બાબતોને તે સાવ તુચ્છ ગણતો હોય; તો નીડર વ્યક્તિ એ બધી જ સંભાવનાથી માહિતગાર હોય અને આવનારી સંભવિત સ્થિતિ માટે તૈયાર હોય.

આ મૂળભેદને કારણે જ કદાચ ગીતામાં દૈવી સંપત્તિ સાથે અભયતાને જોડવામાં આવી હશે. વ્યક્તિ જ્યારે ભયસ્થાનને પૂર્ણ રીતે અતિ ગૌણ સમજી પોતાની અલખ-મસ્તીમાં જીવે અને તે વખતે જેવી જે તેની આંતરિક સ્થિતિ હોય તે સ્થિતિ જ દૈવી સંપત્તિ. અહીં નિજાનંદ મસ્તીની વાત છે. વ્યક્તિ પોતાના અસ્તિત્વને ચારે તરફથી સંકેલી લે પછી કોઈપણ પરિસ્થિતિનો ભય ન લાગે, તેની સામે જ્યારે વ્યક્તિમાં પૂર્ણ પુરુષાર્થ પ્રગટ્યો હોય ત્યારે તેને ડર ન લાગે.

વળી અહીં પ્રશ્ન એ પણ થાય છે કે દૈવી સંપત્તિમાં અભયની ગણના થઈ છે નિર્ભયની નહીં. ગીતામાં કશું જ એવું નથી કે જ્યાં પ્રશ્નોની સંભાવના બાકી રહે. અભય શબ્દની પસંદગી પાછળ પણ મહાન સમજ હોવી જોઈએ. કોઈ એક શક્તિમાન વ્યક્તિ - સામર્થ્યવાન વ્યક્તિ બીજી વ્યક્તિને અભયદાન આપે છે, નિર્ભય દાન નહીં. એનો અર્થ એવો થાય કે અભયતા એ ચોક્કસ પરિસ્થિતિ સામેનું રક્ષણ છે જ્યારે નિર્ભયતા એ સંપૂર્ણતામાં મળેલું સંરક્ષણ છે. જ્યારે કોઈ વ્યક્તિ અભય છે એમ કહેવાય તો એ ચોક્કસ પરીપ્રેક્ષમાં અમુક બાબતો સામે સલામતીનો ભાવ રાખી શકે એમ છે જ્યારે કોઈ વ્યક્તિ નિર્ભય છે એમ કહેવાય તો તે દરેક બાબતો સામે સક્ષમ છે એમ મનાય. શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ભયનાં ચોક્કસ સ્થાનો છે જેમ કે કામ- ક્રોધ-લોભ-મોહ વગેરે. આ ભયના સ્થાનો ચોક્કસ હોવાથી તેની સામે જે પોતાને સલામત રાખી શકે તે અભય.

વાત થોડી ગૂંચવાડા સમાન છે, પણ જો ગીતાને જ આધાર રાખીએ તો એમ ચોક્કસ કહી શકાય કે અભયતા એ ષટરીપુ સામેની ઢાલ છે. તેનાથી માનવી પોતાની જાતને પતન પામતો અટકાવી શકે છે. અભયતા એ આ રીતના કેન્દ્રિત છે અને જરૂરત આ અભયપણાની છે. જો આ અભયપણું પામી લેવાય તો દૈવી સંપત્તિની શરૂઆત થઈ છે એમ કહેવાય. ■

# અવતાર એક આધ્યાત્મિક સત્ય છે

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@
bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

**‘શ્રીમદ્ભગવદ્ગીતા’**, ‘શ્રીમદ્ભાગવત’, ‘વિષ્ણુપુરાણ’, ‘હરિવંશ’, ‘બ્રહ્મવૈર્ત-પુરાણ’, ‘રામાયણ’, ‘મહાભારત’ આદિ ગ્રંથોમાં પરમાત્માને અજન્મા કહેલ છે અને તે જ ગ્રંથોમાં પરમાત્માના અવતારત્વનો સ્પષ્ટતઃ સ્વીકાર પણ થયો છે. આમ, પરમાત્મા સ્વરૂપતઃ અજન્મા હોવા છતાં તેઓ માનવસ્વરૂપે જન્મ ધારણ કરે છે. અવતાર ધારણ કરવાથી પરમાત્માના અજન્મા-સ્વરૂપમાં કોઈ બાધા આવતી નથી. આ જ તો પરમાત્માનો મહિમા છે.

૫. ભગવાન તે ભગવાન છે અને માનવ તે માનવ છે. ભગવાનને માનવસ્વરૂપ ધારણ કરતા માનવા તે બુદ્ધિગમ્ય લાગતું નથી.

અવતાર એક આધ્યાત્મિક સત્ય છે, એક રહસ્ય છે. અધ્યાત્મજગતનાં બધાં રહસ્યો બુદ્ધિગમ્ય હોય જ તેવું નથી. આપણી બુદ્ધિનું ગજું કેટલું? બુદ્ધિમત્તાનું એક લક્ષણ એ પણ છે કે તે પોતાની મર્યાદા સમજે અને સ્વીકારે.

વસ્તુતઃ આ સમસ્યા શંકાશીલ અને મલિન બુદ્ધિની સમસ્યા છે. સાત્ત્વિક અને વિશુદ્ધ બુદ્ધિ માટે અવતારની ઘટનાનો સ્વીકાર કરવામાં કોઈ મુશ્કેલી નથી.

૬. પરમાત્મા અનંત છે. જે અનંત હોય તે નિરાકાર જ હોય, કારણ કે આકાર તો માત્ર મર્યાદિતને જ હોય. આમ હોવાથી અનંત પરમાત્માને માનવઆકારયુક્ત માનવા કેવી રીતે? પરમાત્મા અનંત છે અને તેઓ નિરાકાર અને સાકાર બંને છે. જે પરમાત્મા નિરાકાર છે તે સાકાર સ્વરૂપ ધારણ કરી શકે છે. તેમાં જ પરમાત્માની અનંતતા છે. જે પરમાત્મા સૃષ્ટિના આટલા આકારો ઉત્પન્ન કરી શકે છે, તે પોતે સાકાર સ્વરૂપ ધારણ કરી શકે છે. તેમાં જ પરમાત્માની અનંતતા છે. જે પરમાત્મા સૃષ્ટિના આટલા આકારો ઉત્પન્ન કરી શકે છે, તે પોતે સાકાર સ્વરૂપ ધારણ ન કરી શકે? જો પરમાત્મામાં સાકારતાનું તત્ત્વ જ ન હોય તો આ સૃષ્ટિના આટલા આકારો આવ્યાં ક્યાંથી?

પરમાત્મા નિરાકાર છે, પરંતુ નિરાકારતા તેનું બંધન નથી. પરમાત્મા અનંત છે, તો તે સાકાર પણ શા માટે ન હોય? સાકારતા પણ તેની અનંતતાનું એક પાસું છે. પરમાત્મા નિરાકાર અને સાકાર બંને છે. પરમાત્મા નિરાકાર છે અને છતાં પૃથ્વી પર સાકાર સ્વરૂપ ધારણ કરીને અવતરે છે. વસ્તુતઃ આમ સ્વીકારવામાં કોઈ વિરોધ પણ નથી. પાણી બરફ પણ બની શકે છે અને વરાળ પણ બની શકે છે.

૭. પુરાણોમાં અવતારનું વર્ણન છે તે આલંકારિક સ્વરૂપનું છે. કોઈ અસાધારણ મહામાનવ પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવા માટે તેમને ભગવાન કહેવામાં આવે એટલું જ.

અવતાર એક સત્ય છે અને તેને આલંકારિક રૂપકકથા ગણીને તેનો ઇન્કાર કરીએ તો આપણે એક મૂલ્યવાન સત્યનો ઇન્કાર કરીએ છીએ. ‘શ્રીમદ્ભગવદ્ગીતા’ આલંકારિક સ્વરૂપની કથાઓનો ગ્રંથ નથી. તેમાં તો આધ્યાત્મિક સત્યોને નિર્ભેળ અને સરળ સ્વરૂપે વ્યક્ત કરવામાં આવ્યાં છે. ‘શ્રીમદ્ભગવદ્ગીતા’માં તો અવતારની ઘટનાનો સ્પષ્ટ સ્વીકાર કરવામાં આવ્યો છે. (‘ગીતા’ : ૪ : ૫ થી ૮)

૮. અવતારની ઘટનાનો તાત્ત્વિક આધાર શો છે? અવતારની પ્રક્રિયાને સમજાવી શકાય તેવું કોઈ તત્ત્વજ્ઞાન છે?

સમગ્ર વૈદિક દર્શન (હિન્દુ દર્શન) અવતારની ઘટનાનો તાત્ત્વિક આધાર છે. વેદાંત અને ભાગવત દર્શનમાં આ આધાર વધુ સ્પષ્ટ સ્વરૂપ ધારણ કરે છે. સમગ્ર અસ્તિત્વ પરમાત્માનું જ સ્વરૂપ છે. પરમાત્મા પોતે જ જડ-ચેતન- બધું બન્યા છે, તો પછી પરમાત્મા અવતાર ન લઈ શકે? સમગ્ર અસ્તિત્વ પરમાત્મામાંથી અભિવ્યક્ત થાય છે તો પરમાત્મા પોતે પણ અવતાર ધારણ કરીને પોતાની રચેલી સૃષ્ટિમાં આવે તેમ માનવામાં કોઈ તાત્ત્વિક આપત્તિ નથી.

સમગ્ર અસ્તિત્વ પરમાત્માની અભિવ્યક્તિ છે અને અવતાર પણ પરમાત્માની અભિવ્યક્તિ છે. બંનેમાં ભિન્નતા છે. સમગ્ર સૃષ્ટિ પ્રકૃતિના માધ્યમ દ્વારા અને અજ્ઞાનના આવરણ સાથે અભિવ્યક્ત થાય છે. પરમાત્મા પોતાની દિવ્ય ચેતના દ્વારા જ સજ્ઞાનસ્વરૂપે અને પોતાના ભાગવત સ્વરૂપમાંથી ચ્યુત થયા વિના જ અવતારરૂપે પ્રગટ થાય છે. બંને ભિન્નભિન્ન સ્વરૂપની હોવા છતાં પરમાત્માની જ અભિવ્યક્તિ છે.

૯. પુરાણોમાં અવતારોનું વર્ણન જોવા મળે છે, પરંતુ વેદોમાં અવતારનું વર્ણન જોવા મળતું નથી. આમ શા માટે છે?

વેદોમાં ભારતીય અધ્યાત્મવિદ્યાનાં તત્ત્વો બીજરૂપે જોવા મળે છે. તે જ રીતે અવતારોનો ઉલ્લેખ પણ વેદોમાં બીજરૂપે જોવા મળે છે. આ બીજ પુરાણોમાં વૃક્ષરૂપે જોવા મળે છે.

૧. ‘ઋગ્વેદ’: ૧૦-૧૨૫ (अहं रुद्रेभिः सूक्तः) માં અવતારની વાણી જોવા મળે છે.

૨. ‘ઋગ્વેદ’: ૧-૨૨-૧૮માં વામનાવતારનું બીજરૂપ વર્ણન જોવા મળે છે.

૩. ‘શતપથ બ્રાહ્મણ’: ૩-૪-૩-૫માં કૂર્માવતારનો ઉલ્લેખ છે. આમ વૈદિક સાહિત્યમાં પણ અવતારની ઘટનાને આધાર મળે તેવા ઉલ્લેખો છે. વેદમાં અવતારનું સવિસ્તર વર્ણન નથી, માત્ર બીજરૂપ વર્ણન છે. મહાકાવ્યો અને પુરાણોમાં અવતારની લીલાઓનું સવિસ્તર વર્ણન જોવા મળે છે, તેથી વેદોમાં અવતારનો ઉલ્લેખ નથી તેમ કહી શકાય નહીં.

વેદોમાં બીજરૂપે હોવું અને પછી વિકસિત સ્વરૂપ ધારણ થાય એ ઘટના માત્ર અવતારતત્ત્વને જ લાગુ પડે છે તેવું નથી. યોગ, સાંખ્ય, વેદાંત, સર્ગવિદ્યા આદિ અનેક તત્ત્વો વેદમાં બીજરૂપે છે અને પછી વિકસ્યાં છે. જેટલું વિકસિત વેદાંત ‘બ્રહ્મસૂત્ર શાંકરભાષ્ય’ અને ‘ભામતી ટીકા’માં છે તેટલું વિકસિત વેદાંત વેદમાં નથી. વેદો તો ભારતીય અધ્યાત્મવિદ્યાની ગંગોત્રી છે. તેમાંથી ગંગા નીકળે છે, પરંતુ વિકાસ તો પછી થાય છે. આ પ્રક્રિયા અવતારતત્ત્વને પણ લાગુ પડે છે.

૭. અવતાર અને જીવ :

અવતાર ઈશ્વર છે અને જીવ જીવ છે. ઈશ્વર અને જીવ વચ્ચે કેટલીક સમાનતાઓ છે અને કેટલીક ભિન્નતાઓ પણ છે.

૧. ઈશ્વર એક છે, જીવ અનેક છે. એક જ ઈશ્વરના અનેક અવતારો થાય છે. જીવ અનેક છે અને પ્રત્યેક જીવના અનેક અવતારો થાય છે.

૨. જીવના જીવનક્રમ પર કર્મનો નિયમ કામ કરે છે. જીવને પ્રારબ્ધકર્મોનો ભોગ હોય છે અને નવં સંચિત કર્મો પણ બને છે. અવતાર કર્મના નિયમથી સર્વથા મુક્ત છે. ઈશ્વર નિયતિને આધીન નથી, કારણ કે ઈશ્વર નિયંતા છે.

૩. જીવ માયાબદ્ધ છે, અવતાર માયાપતિ છે.

૪. જીવ પ્રકૃતિને આધીન થઈને સૃષ્ટિચક્રમાં ફરે છે. ઈશ્વર પ્રકૃતિને આધીન થઈને નહીં, પરંતુ પ્રકૃતિના અધિપતિ તરીકે સૃષ્ટિમાં આવે છે, સ્વસંકલ્પથી આવે છે.

૫. જીવનો જન્મ અજ્ઞાનજન્ય અને અવશપણે થાય છે. પરમાત્મા સજ્ઞાન રીતે અને પોતાના દિવ્ય સંકલ્પપૂર્વક અવતરે છે.

૬. અવતાર અને જીવની જન્મ ધારણ કરવાની પ્રક્રિયા પણ ભિન્નભિન્ન હોય છે. જીવ પોતાનાં કર્મોના ફળ પ્રમાણે, અર્થાત્ પ્રારબ્ધવશાત્ પ્રાકૃતિક વેગને આધીન બનીને બેભાન અવસ્થામાં જન્મે છે. ક્યાં જન્મ ધારણ કરવો, ક્યારે જન્મ ધારણ કરવો, કયા રૂપે જન્મ ધારણ કરવો તેમાં જીવની કોઈ સ્વતંત્રતા નથી. જીવ અવશપણે ઘસડાય છે. ઈશ્વર પોતાની દિવ્ય પ્રકૃતિનો આશ્રય લઈને, પ્રકૃતિના અધિપતિ તરીકે પોતે ઇચ્છે ત્યારે, પોતે ઇચ્છે તે રૂપે, પોતાની ઇચ્છાને અનુરૂપ જન્મ ધારણ કરે છે. અવતાર તરીકે પણ તે સજ્ઞાન, સચેતન, સ્વતંત્ર અને સર્વસમર્થ જ હોય છે. જીવ પ્રકૃતિને આધીન છે, ઈશ્વર કોઈને આધીન નથી.

૭. અવતારનો જન્મ અને તેનાં કર્મો દિવ્ય હોય છે. જીવનો જન્મ અને તેનાં કર્મો લૌકિક અને પ્રાકૃતિક હોય છે.


૮. જીવ બ્રહ્મનિષ્ઠ કે બ્રહ્મસ્વરૂપ બની શકે છે, તો પણ બ્રહ્મનિષ્ઠ પુરુષ અને અવતાર વચ્ચે ઘણી ભિન્નતા છે, સ્વરૂપગત ભિન્નતા છે.

બ્રહ્મનિષ્ઠ પુરુષ મુક્તાત્મા છે, છતાં તે જીવ છે અને અવતાર તો ઈશ્વર છે, વિશ્વનિયંતા છે. જીવ બ્રહ્મનિષ્ઠ બનીને બાહ્ય સાથે એકત્વ પામી શકે છે, પરંતુ ઈશ્વર બની શકતો નથી.(ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# વૈષ્ણવ ભક્તિમાર્ગ-આચાર્ય પરંપરા ને વલ્લભાચાર્યજી...



આજે વલ્લભાચાર્યજીનો વૈકુંઠગમન દિવસ છે. શ્રીમદ્ ભાગવત આપણા ભારતીય સંસ્કૃતિના ભક્તિમાર્ગમાં એક પથપ્રદર્શક ગ્રંથ ગણાય છે. એમાં ભક્તિના નવપ્રકારો જણાવાયા છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન. ભક્તિના આ નવ તત્ત્વો વૈષ્ણવ પ્રેમલક્ષણા ભક્તિમાં અગત્યનું સ્થાન ભોગવે છે. શાંડિલ્ય ભક્તિસૂત્ર, નારદ ભક્તિસૂત્ર, હરિભક્તિરસામૃતસિન્ધુ તથા શ્રીમદ્ ભાગવત જેવા આપણા ધર્મગ્રંથોમાં ભક્તિના અનેક ભેદો અને ઉપભેદો વિષે વિગતથી વિવેચન થયું છે. શ્રીમદ્ ભાગવત વગેરે પુરાણોમાંથી ભક્તિમાર્ગના વિકસેલા પ્રવાહને વૈષ્ણવ આચાર્યોએ પ્રેમલક્ષાણાભક્તિ, રાગાનુગાભક્તિ, મધુરાભક્તિ વગેરે વિવિધ નામોથી ઓળખાતી પરમાત્મ ભક્તિને નવું જ સ્વરૂપ પ્રદાન કર્યું છે. આચાર્યની પદવી એને જ મળે જેમણે વેદાન્તના એક સૂત્ર,એક પુરાણ અને શ્રીમદ્ભગવદ્ગીતા પર ભાષ્ય/ટીકા આપ્યાં હોય. આ ત્રણ ગ્રંથોને પ્રસ્થાનત્રયી કહેવામાં આવે છે. દરેક વૈષ્ણવ જુદા જુદા નામ રૂપમાં ભગવાન વાસુદેવ કૃષ્ણને જ ઉપાસ્ય ઈષ્ટદેવ તરીકે સ્વીકારે છે અને ભજે છે. પુરાણોની સંખ્યા ૧૮ છે. જેમાનાં લગભગ અડધા તો વૈષ્ણવ ધર્મ સાથે જ સંબધ ધરાવે છે. હરિવંશ,ભાગવત, વિષ્ણુપુરાણ, ગર્ગસંહિતા, બ્રહ્મપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ વગેરે પુરાણોમાં ભગવાન શ્રી કૃષ્ણની લીલાઓનું ગાન ગાતાં ઈશ્વર પ્રત્યેની ભક્તિભાવનાને પૂષ્ટિ આપતાં આપતાં આપણા પુરાણકારોએ ભક્તિમાર્ગને વધુને વધુ સુદઢ અને પુષ્ટ બનાવ્યો.

## રામાનુજાચાર્યજી

સગુણ ભક્તિમાર્ગના વૈષ્ણવ આચાર્યોમાં સૌથી પહેલાં રામાનુજાચાર્ય આવે છે. જેમણે શંકરાચાર્યજીના ઐત વેદાન્તના માર્ગને પડકારી જીવ અને બ્રહ્મ વચ્ચે સેવ્યસેવક ભાવથી કરાયેલી પ્રેમલક્ષાણા ભક્તિને પુષ્ટિ આપવાનો પ્રયત્ન કર્યો છે. સગુણ- સાકાર બ્રહ્મની ઉપાસનાનું સમર્થન કરીને ભક્તિને જ મોક્ષાનું સાધન માનતા રામાનુજાચાર્ય જ્ઞાનને પણ મહત્ત્વ આપે છે. 'શ્રી સંપ્રદાય'ના નામથી જાણીતા બનેલા રામાનુજના સંપ્રદાયમાં સહેલી અને સરળ ભક્તિ-ધ્યાન- ઉપાસના પ્રધાન જ્ઞાનમાર્ગી ઉપાસના પ્રણાલીનું પ્રચલન તેઓ કરે છે, અને નારાયણ તથા લક્ષ્મી નામને પ્રાધાન્ય આપે છે.

## નિમ્બાર્કાચાર્યજી

વૈષ્ણવ પ્રેમલક્ષાણા ભક્તિમાર્ગના એક બીજા આચાર્ય તે નિમ્બાર્કાચાર્ય .. એમના જન્મ કાળનો નિર્ણય આજસુધી નથી થઈ શક્તો. દ્વૈતાદ્વૈત નામથી પ્રચલિત થયેલા વેદાન્ત તત્ત્વજ્ઞાનના પુરસ્કર્તા તરીકે શ્રી નિમ્બાર્કાચાર્યનું નામ અત્યંત જાણીતું છે. એમણે કોઈના મતોનું ખંડન ર્ક્યા વિના પોતાનો મૌલિક સ્વંતત્ર સંપ્રદાય સ્થાપ્યો છે. જે નિમ્બાર્ક સંપ્રદાય, હંસ સંપ્રદાય, સનકાદિસંપ્રદાય, સનાતન સંપ્રદાય, દેવર્ષિ સંપ્રદાય અને દ્વૈતાદ્વૈત સંપ્રદાય વગેરે વિવિધ નામે ઓળખાય છે.

નિમ્બાર્ક સંપ્રદાય મુજબ બ્રહ્મનો ગુણ અને નિર્ગુણ એમ બન્ને રૂપે વિચાર થઈ શકે છે, અને ભક્તિ જ સાધકને ભગવાન પ્રાપ્તિ કરાવી મોક્ષનું પદ મેળવી આપે છે. નિમ્બાર્કાચાર્યથી વેગમાં આવેલી રાધાકૃષ્ણની પ્રેમલક્ષાણા રસિકભક્તિ આગળ ઉપર શ્રીમદ્ વલ્લભાચાર્યજી અને ગૌરાંગ ચૈતન્યદેવના સમયમાં ખૂબ પ્રચાર પામે છે. ભક્તિમાર્ગ અહીં આપણને બે ફાટામાં વિભાજિત થતો દેખાય છે. શ્રી રામાનુજાચાર્ય અને એમના મધ્વાચાર્યજીની ભક્તિ જ્ઞાન પ્રધાન અને ઉપાસના પ્રધાન છે. જયારે નિમ્બાર્કાચાર્ય અને વલ્લભાચાર્યની ભક્તિભાવના પ્રેમલક્ષાણા સ્વરૂપની છે એમ કહી શકાય.

## મદવાચાર્યજી

શ્રી મધ્વાચાર્યજી પણ ભક્તિમાર્ગના સંવર્ધક આચાર્ય મનાય છે. એમનો સંપ્રદાય સ્પષ્ટરૂપે દ્વૈતવાદી છે. એમની માન્યતા મુજબ બ્રહ્મ,જીવ અને જગત એ ત્રણે સ્વંતત્ર અને સાવ જુદી જ વસ્તુઓ છે. પોતાની વિશિષ્ટ પ્રકારની વિચારસરણી દ્વારા તેઓ ભક્તિપ્રવાહને વધુ ગાઢ અને પુષ્ટ બનાવે છે. વિષ્ણુ અને લક્ષ્મીને પરમાત્મા અને શક્તિ તરીકે સ્વીકારી તેમનું પૂજન કરવામાં માનતા શ્રી મધ્વાચાર્યજી ભક્તિમાં પ્રેમાર્દ્ર ભાવને વધુ મહત્ત્વ આપે છે. ઈશ્વરની શરણાગતિથી જીવાત્માનો મોક્ષ થાય છે. પ્રેમલક્ષાણા ભાવથી જીવ અને પરમાત્મા વચ્ચેનો ભેદ સમજીને શ્રવણ, મનન અને ધ્યાન દ્વારા જે ઉપાસના કરવામાં આવે છે તે જ સાચી ભક્તિ છે એમ મધ્વ સંપ્રદાયના અનુયાયીઓ માને છે.

## વલ્લભાચાર્યજી

ગોપીવલ્લભ શ્રીકૃષ્ણની ઉપાસનામાં આત્મનિવેદન અને શરણાગતિ ભાવ લઈને શ્રી વલ્લભાચાર્યજી પુષ્ટિમાર્ગની સ્થાપના કરે છે. ભગવાનનો અનુગ્રહ મેળવવા મોક્ષાની સાધના માટે ભક્તિ પર ભાર મૂકી નવધા ઉપરાંત પુષ્ટિભક્તિને પ્રાધાન્ય આપતાં પુષ્ટિનો અર્થ સમજાવે છે કે પુષ્ટિ એટલે પોષાણ અને પોષાણનો અર્થ થાય ઈશ્વરનો અનુગ્રહ. પરમાત્માનો અનુગ્રહ મેળવવા ત્રણ માર્ગો છે. પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ, અને પ્રવાહમાર્ગ. જ્ઞાન અને કર્મનો મર્યાદામાર્ગમાં સમાવેશ થાય છે. જ્યારે સાંસારિક સુખોની પ્રાપ્તિનો માર્ગ પ્રવાહમાર્ગ છે. સાક્ષાત્ પુરુષોત્તમ ભગવાન દ્વારા પ્રાપ્ત થયેલો મનાતો પુષ્ટિમાર્ગ આ ત્રણેમાં ઉત્તમ છે એમ શ્રીમદ્ વલ્લભાચાર્યજી માને છે. એમની શિષ્ય પરંપરામાં શુદ્ધ ભક્તિ માર્ગી કવિઓ થયા છે. જેમની રચનાઓમાં માત્ર ભક્તિ તત્ત્વ અને પ્રભુની લીલાઓનું ગાન હોય છે. દા.ત. સુરદાસ, કુભંનદાસ, પરમાનંદદાસ, કૃષ્ણદાસ, નંદદાસ, ગોવિંદસ્વામી, છીતસ્વામી અને ચતુરભુજદાસ વગેરે અષ્ટછાપના કવિઓ ઉપરાંત અન્ય કેટલાયે વલ્લભીય વૈષ્ણવકવિઓ. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com

# તમે વિશિષ્ટ છો !



ગત અંકમાં 'ધૃતિ'ને દૈવી ગુણોમાં સ્થાન આપીને હવે ભગવાન કૃષ્ણ 'તેજ' ને સમજાવી રહ્યા છે.

અહીં સામાન્યપણે લોકો એવું માનશે કે તેજ એટલે તિખારા ! જેમાંથી લોકો દાઝી ઊઠે તે તેજસ્વી ! એવું નથી. તેજ એટલે તમારી અંદરનું સત્ત્વ ! જે તમને જીવંત રાખે છે. બહારથી નહીં અંદરથી ! આ જ તમારી આગવી વિશેષતા છે, જે ભગવાને તમને આપી છે.

ભારતના પૂર્વરાષ્ટ્રપતિ અને પ્રખર વૈજ્ઞાનિક ડો.કલામે You are born to blossom નામના પુસ્તકમાં લખ્યું છે કે કોઇ વ્યકિત સામાન્ય નથી, સામાન્ય દેખાવ કે સામાન્ય રીત-ભાત જોઈને માણસ પર સદા માટે સર્વક્ષેત્રમાં સામાન્યનો સ્ટેમ્પ મારવો કદાપિ યોગ્ય નથી. હકીકત તો એ છે કે ભગવાને દરેક વ્યક્તિને વિશિષ્ટ બનાવી છે. તેજસ્વી બનાવી છે.

**ક્યારે પણ પોતાની જાતને ઓછી ન આંકવી જોઈએ. દરેકની અંદર કુદરતી વિશેષતા સમાયેલી હોય છે. બસ, એને ઓળખીને એનો સદ્ઉપયોગ કરીને આગળ વધવું ખૂબ મહત્ત્વ ધરાવે છે**

સામાન્ય બુદ્ધિ ઘણી વાર અસામાન્ય કાર્યો કરી શકે છે. જે છોકરાઓ ભણવામાં સામાન્ય લાગતા હોય એને મા-બાપ, મોટા ભાઈબહેનો કે શિક્ષકો અવારનવાર ઠપકો આપતા હોય છે. જે ઉંમરે એમને પ્રોત્સાહનની જરૂર હોય એ ઉંમરે એમને મહેણાં-ટોણાં સાંભળવા મળે છે. એમની પ્રગતિ એથી અવરોધાય છે અને નિરાશા એમને ઘેરી વળે છે.

પરંતુ કેટલીક વ્યક્તિઓમાં જીવનનું બળ એટલું બધું હોય છે કે મહેણાં અને મશ્કરીની ઉપરવટ જઈને પણ તે સફળતા મેળવે છે.

ચર્ચિલે આ બાબતમાં પોતાની આત્મકથામાં બહુ સરસ વાત લખી છે, શરૂઆતનાં વર્ષોમાં ચર્ચિલ ભણવામાં બહુ ઠોઠ. ઈંગ્લેન્ડમાં એ વખતે બાળકો માટે લેટિન ભાષા શીખવાનું ફરજિયાત હતું. આપણી ભાષાઓમાં જેમ સંસ્કૃતમાંથી ઊતરી આવ્યાનું મનાય છે, એમ અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન વગેરે ભાષાઓની જનની તરીકે લેટિન ભાષા ગણાય છે. લેટિન આવડે નહીં તો અંગ્રેજી પણ ન આવડે એમ માનીને વિદ્યાર્થીઓને લેટિન ભાષા શરૂઆતથી જ શીખવવામાં આવતી હતી. ચર્ચિલને લેટિન કોઈ રીતે આવડે નહિ. લેટિનનાં રૂપ મેન્સા-મેન્સી ગોખી ગોખીને જીભના લોચા વળી જાય, પણ ગાડું આગળ ચાલે નહિ.

શિક્ષકો ઘણી મહેનત કરે, પણ ચર્ચિલને વિદ્યા ચડે નહિ. ચર્ચિલ લોર્ડનો દીકરો. શિક્ષકો ખાસ કાળજી લઈને એને ભણાવે, પણ ચર્ચિલના મગજમાં લેટિન કોઈ રીતે ઘૂસે નહિ. આખરે શિક્ષકો થાક્યા. ચર્ચિલ ઉપર 'ડોબા'ની છાપ મારી દીધી.

પરંતુ, આવો આ ડોબો અંગ્રેજી ભાષાના નિષ્ણાત લેખક તરીકે પ્રખ્યાત થયો. લેટિનની ઓશિયાળ વિના જ એણે અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ મેળવ્યું. ચર્ચિલની ભાષા વાચકને મોહ પમાડે અને જકડી રાખે એવી છે.

આપણે જેને બુદ્ધિ કહીએ છીએ, એ બહુ વિચિત્ર વસ્તુ છે. માત્ર, માણસના આઈ. ક્યૂ. બહુ ઉપરથી એની સફળતા કે પ્રગતિનું માપ કાઢી શકાતું નથી. અને આઈ.ક્યૂ. બાબતમાં પણ ઘણીવાર અસાધારણ બનાવો બની શકે છે. ઓછા આઈ.ક્યૂ. વાળી વ્યક્તિઓ વધારે આઈ. ક્યૂ. વાળી વ્યક્તિઓ કરતાં એમના ક્ષેત્રમાં જ વધું આગળ નીકળી જઈ શકે છે.

નોબલ પારિતોષિક વિજેતા રિચાર્ડ ફીમેનનાં પત્ની એમના જીવનનો એક પ્રસંગ યાદ કરતાં કહે છે કે, ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પારિતોષિક મેળવનાર રિચાર્ડ ફીમેન, નોબેલ પારિતોષિક માટેના અર્પણ સમારંભમાથી પાછા ફરતાં ન્યૂયોર્ક રોકાયા. ત્યાં પોતાના સ્કૂલનો રેકોર્ડ જોઈને એમણે કહ્યું સ્કુલમાં કોઈ વિષયમાં મને સારાં માર્કસ મળતાં નહોતા ! મારો આઈ.ક્યૂ. પણ માત્ર '૧૨૪' હતો , જે સામાન્ય કરતાં સહેજ ઊંચો હતો.

પછી, એકાએક પોતાની પત્ની તરફ ફરીને એમણે કહ્યું 'નોબલ પારિતોષિક મેળવવું એ કોઈ ખાસ બાબત નથી, પરંતુ '૧૨૪' આઈ.ક્યૂ. સાથે નોબલ પારિતોષિક જીતવું એ ખરેખર એક ખાસ બાબત છે! સાચું ને? અને આમ બોલતી વખતે એમનો ચહેરો આનંદથી પુલકિત થઈ ગયો.

કેટલીક વ્યક્તિઓ ખૂબ જ હોશિયાર હોય છે. તેમનો આઈ.ક્યૂ. ખુબ જ ઊંચો હોય છે. કેટલીક કુદરતી બક્ષીસો (ચિત્રકલા, સંગીત, જેવી) પણ તેમને મળી હોય છે, પરંતુ બચપણથી જ તેઓની એટલી બધી આળપંપાળ કરવામાં આવે છે કે, પરિણામે તેઓ તદ્દન પરાવલંબી બની જાય છે કોઈ તેમને કાયમ પ્રોત્સાહન આપ્યા કરે, કાયમ તેમનું ધ્યાન રાખે, કાયમ તેમની પ્રશંસા કરે એવું ઝંખ્યા કરે છે. પ્રશંસા કરવા માટે કાયમ કોઈ નવરું નથી હોતું. પરિણામે આવી વ્યક્તિઓ ઘણીવાર શક્તિ હોવા છતાં અકાળે કરમાઈ જાય છે .

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે ઘણીવાર બીજાનું જોવામાં આપણે આપણું સત્ત્વ ખોઈ બેસીએ છીએ. ભગવાને આપણને એક વિશિષ્ટ ઊર્જા આપી છે. તેને જાણવાની જરૂર છે. તે આપણું આંતરિક તેજ છે. અને દરેકને તેજસ્વી બનવાનો પૂરો અધિકાર છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

# તમામ સુખ-સાહ્યબી હોવા છતાં તમે દુ:ખી કેમ છો?



**માનવી** જન્મથી લઈ મૃત્યુ સુધી માત્ર એક વસ્તુની પાછળ દોડે છે છતાં આજીવન તે આ વસ્તુ હાંસલ કરી શકવા અસમર્થ નીવડતો હોય છે તે વસ્તુ છે 'સુખ!'

- આ પૃથ્વી પર જેણે સંપૂર્ણ સુખનો રસાસ્વાદ માણ્યો હોય તેવી વ્યક્તિ દીવો લઈને શોધવા નીકળીએ તો પણ મળવી મુશ્કેલ છે.

- કોઈ વ્યક્તિને આપણે એવું કહેતાં સાંભળી નથી કે, 'હું સંપૂર્ણ સુખી છું!'

- આજુબાજુના બધા જ માણસો જેને સુખી કહેતા હોય તેને પણ જો પૂછીએ તો તે પોતાને સુખી કહેવડાવવા તૈયાર હોતા નથી. દરેકે દરેકને કોઈને કોઈ બાબતનું, કોઈને કોઈ વાતનું દુ:ખ હોય જ છે, હોય જ છે અને હોય જ છે...!

* આવું શા માટે?

* શા માટે સુખની સંપૂર્ણ વ્યાખ્યા આપી શકાતી નથી?

- તો એ પ્રશ્નનો ઉત્તર આ લખનારના અનુભવ પ્રમાણે એક જ કારણ છે અને તે એ છે કે વધુને વધુ મેળવી લેવાની મનોવૃત્તિ; અપેક્ષા; મહત્ત્વાકાંક્ષા !

- ગાડી,

- બંગલા,

- નોકર-ચાકર જો મનુષ્યને સુખ અપાવી શક્તું હોય તો આજનો આદમી આટલો બધો માનસિક અસંતોષી જોવા મળત ખરો?

* હવામાં વાતો કરતો,

* હોઠ ફફડાવતો,

* બેચેન રહેતા લોકોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જવાના કારણોમાં એક મહત્ત્વનું કારણ દરેક વાતમાં અસંતોષી રહેવું છે, એવું એક અભ્યાસથી તારણ મળે છે.

* ઈશ્વર,

* અલ્લાહ,

* પ્રભુએ આપણને જે કાંઈ આપ્યું છે તે આપણી જરૂરિયાત કરતાં વધારે જ છે એવો જો માનસિક સંતોષ મેળવી શકીએ તો જ આપણે આપણી નજરમાં; સાચા અર્થમાં સુખી થઈ શકીએ. સુખ એ મનનું જ કારણ છે ને!સ્ર

### પ્રેરણાસ્રોત

* દુ:ખ છે તો સુખની અનુભૂતિ કરી શકાય છે.

* એકલું સુખ જ હોય અને

* દુ:ખ હોય જ નહીં

- તો જીવન જીવવા જેવું રહે ખરું?

### બોધ

સુખ કે સબ સાથી,
દુ:ખ મેં ના કોઈ,
મેરે રામ,
એક તેરા નામ સાચા,
દુજા ન કોઈ...!

- બને તેટલું પરોપકારનું કામ કરો.

- વાટના પથ્થર બનો.

- ઈશ્વર, અલ્લાહને તેના સાચા અર્થમાં અનુસરો; તેના પયગામને; સંદેશને વાગોળતા રહો.

- ધર્મ સંદેશને દિલો-દિમાગમાં વણી લો.

- અને હા! પોતાની જાતને કદી પણ છેતરશો નહીં.

* સચ્ચાઈ છૂપ નહીં શકતી બનાવટી ઉસૂલોસે,

- ખુશ્બૂ આ નહીં સકતી કાગઝ કે ફૂલોસે. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

# ગધેડો પણ પૂજનીય છે, જાણો છો ક્યાં?



**ગુજરાતીમાં** કહેવત છે કે 'ગરજ પડે તો ગધેડાને પણ બાપ કહેવો પડે'. પણ કોઈ કહે કે ગધેડાની પૂજા કરવાની છે તો?! આમ તો ઘણા ગધેડો શબ્દ અપમાનજનક રીતે પણ વાપરતા હોય છે. પણ હકીકત એ છે, કે ગધેડો એક મહેનતુ પ્રાણી છે. ખેર, મૂળ વાત એ છે કે ગધેડાને બાપ કહેવો પડે થી લઈને ગધેડાની પૂજા કરવા સુધી..ઘણી વખત આપણે વિચાર્યું પણ ન હોય તેવી પરંપરાઓ પ્રચલિત હોય છે. ગુજરાતી ભાષાની અનેક પ્રેરણાત્મક વાર્તાઓ, ખાસ કરીને બાળવાર્તાઓમાં ગધેડો મુખ્ય પાત્ર રહ્યો છે. પણ ધર્મના ક્ષેત્રમાં આપણે તેની કલ્પના કરી શકતા નથી, ખરું ને?

શું તમે ક્યારેય ગધેડાની પૂજા થતી જોઈ છે? આ વાત તમને આશ્ચર્યચકિત કરી શકે છે, પરંતુ આજે હું તમને આ કાલ્પનિક પ્રશ્ન પૂછી નથી રહ્યો, પણ એક વાસ્તવિક સ્થળ વિશે જણાવવા જઈ રહ્યો છું જ્યાં ગધેડાની પૂજા કરવામાં આવે છે. ગધેડાની જ્યાં પૂજા થાય છે તે રાજ્ય છે રાજસ્થાન. રાજસ્થાન તેના ઐતિહાસિક કિલ્લાઓ, મહેલો, કલાકારીગરીના ઉત્તમ નમૂનારૂપ જૈન મંદિરો અને સુંદર રણ પ્રદેશ માટે તો જાણીતું છે જ, પણ રાજસ્થાની ભોજન પણ અતિસ્વાદિષ્ટ હોય છે. પણ એક સાવ અનોખી પરંપરા એટલે અહીં એવા મંદિરો છે, જ્યાં ગધેડાની પૂજા થાય છે.

**શીતલાષ્ટમીના દિવસે લોકો માતાની આરાધના સાથે તેમના વાહન ગધેડાની પણ પૂજા કરે છે અને તેમને વિશેષ ભોગ પણ ધરવામાં આવે છે.**

જી હા, શીતલાષ્ટમી એ દિવસ છે જયારે રાજસ્થાનમાં શીતળા માતાની પૂજા કરવામાં આવે છે. શીતળા માતાની પૂજાની સાથે, માતાના વાહન ગણાતા ગધેડાનું પણ પૂજન કરવામાં આવે છે. વસંત અને ઉનાળાની ઋતુમાં શીતળા માતાની પૂજા કરવામાં આવે છે. ચૈત્ર, વૈશાખ, જ્યેષ્ઠ અને અષાઢ મહિનાના અષ્ટમીનો દિવસ શીતળા દેવીની પૂજા માટે સમર્પિત છે. કેટલીક જગ્યાએ, હોળી પછીના પહેલા સોમવાર કે ગુરુવારે પણ તેમની પૂજા કરવામાં આવે છે. બિકાનેરના શીતલા ગેટ વિસ્તારમાં માતા શીતળા મંદિર છે, જ્યાં હજારો લોકો માતા શીતળાની પૂજા કરવા આવે છે. આ સાથે માતાની સ્તુતિના મંત્રોચ્ચાર સાથે માતાની આરતી પણ કરવામાં આવે છે. ત્યારબાદ માતાની સવારી ગધેડાની પૂજા કરવાની પ્રક્રિયા શરૂ થાય છે. ગધેડાને રંગબેરંગી વસ્ત્રોથી સુંદર રીતે સજાવવામાં આવે છે. ગધેડાને તિલક કરવામાં આવે છે અને તેને વિશેષ પ્રસાદ પણ ચઢાવવામાં આવે છે. આ ખાસ દિવસ લોકોની શ્રદ્ધા સાથે સંકળાયેલો છે. એવું માનવામાં આવે છે કે આવી પૂજાથી ઘણા રોગોથી રાહત મળે છે.

રાજસ્થાનમાં ભરતપુર રાષ્ટ્રીય અભયારણ્ય અને પક્ષી ઉદ્યાન માટે વિખ્યાત છે. અહીં શ્રદ્ધાળુ બહેનો શીતળા માતાના મંદિરમાં રાતના ૧૨ વાગ્યાથી પૂજા કરવા પહોંચી જાય છે. કારણ અહીં પૂજા કરવા ભારે ભીડ થાય છે અને સવાર સુધીમાં તો હજારો મહિલાઓ ગધેડાનું પૂજન કરે છે. શ્રદ્ધાળુઓના કહેવા મુજબ સદીઓથી અહીં આ પરંપરાનું નિર્વહન થાય છે. આપણે જાણીએ જ છીએ કે જૂના સમયથી બાળકોને ગંભીર બીમારીઓ જેવી કે શીતળાના રોગથી બચાવવા શીતળા માતાની પૂજા આપણે ત્યાં થાય છે. આ તહેવારને બુઢ બસૌડા, અથવા બસિયૌરા પણ કહેવામાં આવે છે. શીતળા માતા પૂજાના દિવસે ઘરમાં ચૂલો સળગાવવામાં આવતો નથી. આજે પણ લાખો લોકો આ નિયમનું ખૂબ જ શ્રદ્ધાથી પાલન કરે છે.

અન્ય ધાર્મિક પરંપરાઓમાં પણ ગધેડાનું મહત્ત્વ ઓછું નથી. ગધેડાને પયગંબર મુહમ્મદનો વિશ્વાસુ સાથી માનવામાં આવે છે, અને તેમની પાસે યાફુર નામનો ગધેડો હતો. કેટલીક યહૂદી પરંપરાઓમાં, ગધેડાને રાજાઓ અને પયગંબરો દ્વારા ઉપયોગમાં લેવાતા પવિત્ર પ્રાણી તરીકે જોવામાં આવે છે. પામ સન્ડે શોભાયાત્રામાં ઈસુની ગધેડા પર સવારીને શાંતિ અને મુક્તિના આગમન તરીકે જોવામાં આવે છે. સનાતન ધર્મમાં શીતળા માતાના વાહન ઉપરાંત ગધેડાને દેવી કાલરાત્રિનું વાહન પણ ગણાય છે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# શાશ્વત-સાંજોગિક



એમ જણાય છે કે કુદરતમાં મોટી મોટી બાબતો પૂર્વનિર્ધારિત હોય છે, પરંતુ વિગતિકરણ જેવી નાની નાની બાબતો માટે આમ નથી હોતું. તેથી જ મુખ્ય બાબતો વિશે અનુમાન થઈ શકે પરંતુ પરિઘ પર આવેલી બાબતો તે પ્રકારનાં અનુમાનના માળખામાં બંધબેસતી ન પણ હોય. એમ સમજાય છે કે સૃષ્ટિના નિયમમાં મુખ્ય મુખ્ય બાબતોને કુદરત નિર્ધારિત કરે છે જ્યારે ગૌણ બાબતો સ્થાનિક સ્તરે આકાર લે છે. સૃષ્ટિની મુખ્ય મુખ્ય બાબતો સૃષ્ટિના ચોક્કસ શાશ્વત નિયમોને આધીન હોય છે જ્યારે તે સિવાયની બાબતો જુદાં જ પ્રકારના નિયમોને આધીન છે. આ જુદાં જ પ્રકારના નિયમોનું પ્રભુત્વ એટલું નથી હોતું જેટલું મુખ્ય નિયમોનું હોય છે. નિયમો તો આ બંને સ્તરે છે, પરંતુ એક નિયમ સૃષ્ટિના સ્તરે કાર્યરત હોય છે જ્યારે બીજો નિયમ સ્થાનિક સ્તરે જોવાં મળે - જેને સાંજોગિક પણ કહી શકાય.

કેરીનો ગોટલો વાવવાથી આંબો ઊગે. જ્યારે કેરીનો ગોટલો વાવવામાં આવે ત્યારે તેની પાછળ શાશ્વત નિયમ પ્રત્યેનો વિશ્વાસ કારણભૂત હોય. આંબો ઊગશે જ, આંબો જ ઊગશે અને ચોક્કસ સમય પછી કેરી પ્રાપ્ત થશે જ - આ પ્રકારનો વિશ્વાસ શાશ્વત નિયમને આધારિત હોય. પણ આંબામાં જે વિવિધતા હોય એ સાંજોગિક નિયમોને આધીન હોય. સાથે ઊગાડવામાં આવેલા કોઈપણ બે આંબા પણ એક સમાન ન હોય. તેમનો વિકાસ કુદરતના શાશ્વત સિદ્ધાંત પ્રમાણે 'સમાન' હોય પણ અને પરિસ્થિતિ પ્રમાણે સાંજોગિક સિદ્ધાંત અનુસાર 'ભિન્ન' પણ હોય. કોઈપણ આંબો સંપૂર્ણતામાં શાશ્વત સિદ્ધાંત પ્રમાણે ન વિકસે, ક્યાંક સાંજોગિક પરિબળો પોતાનું પ્રભુત્વ દર્શાવે. અહીં એવો તર્ક થઈ શકે કે પ્રયોગશાળા જેવાં માહોલમાં વૈજ્ઞાનિક ઢબે આંબો ઉગાડવામાં આવે તો તે સંપૂર્ણ શાશ્વત સિદ્ધાંત અનુસાર કોઈપણ શકે. અહીં જવાબ એમ આપી શકાય કે તે આંબા માટે આવો માહોલ મળવો એ પણ એક સાંજોગિક અકસ્માત છે. જો બધું જ પ્રયોજિત રીતે થતું હોય, જો બધાં જ આંબા પ્રયોજિત રીતે જ વિકાસ પામતાં હોય, તો એક જ પ્રકારની શ્રેણીના ગોટલામાંથી ઉગતાં આંબા એક સમાન હોય.

સમગ્ર સૃષ્ટિમાં જ્યારે પરિસ્થિતિ મહદ્અંશે શાશ્વત સિદ્ધાંત અનુસાર હોય ત્યારે તેની પાછળ કુદરતના નિયમો કામ કરે. કાલે સવારે પૂર્વમાં સૂર્યોદય થશે, આ ઘટના શાશ્વત સમાન છે. તે સૂર્યોદયની અસર જુદાં જુદાં સ્થાને કેવી રહેશે તે સાંજોગિક ઘટના બની રહે. એકંદરે સૂર્યોદયથી કયું પરિણામ ઊભરશે તે આ બંને સિદ્ધાંતના સમન્વયથી સ્થાપિત થાય. સૂર્ય તો એક સમાન તાપમાન લઈને આવે, જો વાતાવરણમાં ધૂળ હોય તો તે તાપમાનની અસર ઓછી રહે, નહીંતર સુરજની પ્રખરતા વધુ વર્તાય. વર્ષા ઋતુમાં વરસાદ પડે એ લગભગ નક્કી પણ ક્યારે, કેટલો, કેવી રીતે પડે તે સ્થાનિક પરિબળોને આધારિત હોય. સૃષ્ટિની જે ઘટનામાં શાશ્વતતાની માત્રા વધુ હોય તે ઘટના નિયતિને આધારિત છે તેમ કહેવાય.

કુદરતનાં શાશ્વત સિદ્ધાંત પોતાની રીતે કાર્યરત થાય, સ્થાનિક પરિસ્થિતિ તેની અસરમાં બદલાવ લાવી શકે. કુદરતના શાશ્વત સિદ્ધાંત એક પ્રકારની સાતત્યતા સ્થાપી શકે, સ્થાનિક પરિસ્થિતિ પોતાની રીતે તેમાં કેટલોક ફેરફાર લાવી શકે. કુદરતનાં શાશ્વત સિદ્ધાંત મોટાં મોટાં નિર્ણયો લે જ્યારે સ્થાનિક પરિસ્થિતિ તે નિર્ણયમાં નાનાં નાનાં બદલાવ લાવે. કુદરતના શાશ્વત સિદ્ધાંત એટલે પ્રયોજિતતા અને સ્થાનિક પરિસ્થિતિને કારણે ઉદ્ભવતી ભિન્નતા એટલે આકસ્મિતતા. સૃષ્ટિની પ્રત્યેક ઘટના આ બંનેના સમન્વય સમાન છે. કઈ બાબતનું પ્રભુત્વ કેટલું હશે તે સૃષ્ટિની વાસ્તવિક તેમજ ઈચ્છનીય પરિસ્થિતિનાં મહત્ત્વ પર આધાર રાખે.

સૃષ્ટિમાં કેટલીક નિશ્ચિતતા છે અને કેટલીક અનિશ્ચિતતા. નિશ્ચિત બાબતો કુદરતના સિદ્ધાંતને આધારિત હોય છે જ્યારે અનિશ્ચિત બાબતો જે તે સમયે જે તે પરિસ્થિતિને કારણે, અસ્તિત્વમાં આવતાં કે હયાત, સાંજોગિક ઘટકોના હસ્તક્ષેપને કારણે સ્થાપિત થાય છે. અહીં કશું જ એક-પક્ષીય નથી. ક્યારેક એમ જણાય છે કે અહીં બધાંને પોતાનો ભાગ ભજવવાની સ્વતંત્રતા છે. પરંતુ જે મોટી મોટી વાતો છે, મુખ્ય મુખ્ય બાબત છે તેમાં કુદરતના સિદ્ધાંત જ પ્રભુત્વ ધરાવે છે. આમાં ચોક્કસ કેટલાંક અપવાદ છે.

આમ પણ સૃષ્ટિમાં એક પણ બાબત સંપૂર્ણ નિશ્ચિત નથી કે નથી અનિશ્ચિત. ભૌતિક વિશ્વમાં, સૃષ્ટિમાં કોઈપણ સ્થાને સંપૂર્ણ અંધારું નથી અને સાથે સાથે કોઈપણ સ્થાન એવું નથી જ્યાં માત્રને માત્ર પ્રકાશનું પ્રભુત્વ હોય. સમગ્ર સૃષ્ટિ અંધકાર અને પ્રકાશના સમન્વય સમાન છે. જ્યારે પ્રકાશનું અસ્તિત્વ અમુક માત્રાથી વધુ હોય ત્યારે આપણે તેને પ્રકાશિત કહીએ અને તેનાથી વિપરીત પરિસ્થિતિને અંધકાર કહેવાય. સૃષ્ટિમાં સંપૂર્ણતામાં કશું જ આમ નથી કે કશું જ તેમ નથી. આ આમ અને તેમ વચ્ચેનું કારણ સહિતનું પ્રાયોજિત સંતુલન એટલે જ વિશ્વ.

ચૈતન્યમાં પ્રકૃતિનું પ્રભુત્વ હોય છે. ચૈતન્યમાં પણ આ પ્રકૃતિના પ્રભુત્વને કારણે ચોક્કસ માત્રાનું જડત્વ હોય છે. તેવી જ રીતે જડતામાં પણ ચોક્કસ માત્રાનું ચૈતન્ય હંમેશાં હાજર હોય. બ્રહ્મની પણ પ્રકૃતિ છે અને સૃષ્ટિના સૌથી જડ ગણાતાં પદાર્થમાં પણ બ્રહ્મનું અસ્તિત્વ છે - બ્રહ્મનું પ્રતિબિંબ છે. સમગ્ર સૃષ્ટિ બે વિરોધી બાબત વચ્ચેના ગાળાનું અસ્તિત્વ છે. સૂક્ષ્મતાથી જોતાં જણાય છે કે અનિશ્ચિતતામાં પણ નિશ્ચિતતા હોય છે અને નિશ્ચિતતા સાથે પણ અનિશ્ચિતતા સંકળાયેલી રહે છે. એમ લાગે છે કે વિરોધીઓનું સહ-અસ્તિત્વ એ સૃષ્ટિનું સ્વરૂપ છે. પ્રવર્તમાન સિદ્ધાંત એ છે કે એક પણ સિદ્ધાંત સંપૂર્ણતામાં અહીં કાર્યરત નથી. આ સ્થળ વિશ્વનો નિયમ છે, સૂક્ષ્મ વિશ્વ તથા કારણ વિશ્વની ભૂમિકા જ જુદી હોય છે. ■

# પ્રભુ તમે વરદાન આપવા જ માગતા હોવ તો મને પુનર્જન્મના ભયથી મુક્ત કરો

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com



મહાનંદા નામની એક વારાંગના જે શિવભક્ત હતી, એની ઉપાસના હિમાલયથી પણ મક્કમ હતી. આદ્યશક્તિ અંબા સહિત ભગવાન શિવનું પૂજન કરતી હતી. 'ઓમ નમઃ શિવાય' પંચાક્ષર મંત્ર હંમેશાં રટતી જ રહેતી. તે ભગવાન શંકરના ગુણલા ગાતી અને ભક્તિપૂર્વક ભગવાન શિવને રિઝવવા નૃત્ય કરતી. ગણિકા મહાનંદાને મન ભગવાન વિશ્વેશ્વર એટલે ભગવાન શિવ પતિત-પાવન અને અધમ ઉદ્ધારક હતા. આ અવતારના અવતારી એવા ભગવાન શિવ પરમ ઉપાસક હતા. સાચો વૈરાગ્ય આત્મભાનથી જ પ્રગટે છે. સાચા વૈરાગ્યના મૂળ વિના ત્યાગનો છોડ ટકી શકતો નથી. મહાનંદા ગણિકા હતી, પણ તે બહુ જ ગુણિયલ અને જ્ઞાની હતી. મહાનંદા સંગીત વિદ્યામાં પારંગત હતી. મહારાજાના મહેલમાં જે ધનવૈભવ હોય તેવો જ ધનવૈભવ એના મહેલમાં વારાંગનાનો હતો. આશ્ચર્યની વાત એ હતી કે આ ગણિકાએ એક માકડું અને કૂકડો પાળ્યો હતો. એક સમયે ભગવાન શિવને મહાનંદાની કસોટી કરવાની ઇચ્છા થઈ. તેમણે ગણિકા મહાનંદાની પરીક્ષા લેવા 'વૈશ્ય'નું રૂપ ધારણ કર્યું. કંઠમાં રુદ્રાક્ષની માળા, મસ્તક પર જટા, શરીર પર ભસ્મનું લેપ અને 'ઓમ નમઃ શિવાય'નો જાપ ચાલુ રાખ્યો. ભગવાન શિવે અમૂલ્ય રત્નોજડિત દિવ્ય કંકણો કાંડા પર પહેર્યાં અને મહાનંદાને દ્વારે આવી ઊભા રહ્યાં. મહાનંદાએ આવેલા વૈશ્યનું સ્વાગત કર્યું અને પૂછ્યુંઃ 'દેવ, તમે પહેરેલાં આ રત્નજડિત કંકણો ખૂબ જ સુંદર છે.' ભગવાન શિવે કહ્યું, 'મહાનંદા! આ મૂલ્યવાન કંકણો જો તમને પસંદ હોય તો રાખી લે, પરંતુ કંકણની કિંમત તો તારે ચૂકવવી જ પડશે.' મહાનંદાએ કહ્યું, 'દેવ, હું કોઈ પવિત્રતા સ્ત્રી નથી. મારો વ્યવસાય તો ગણિકાનો છે. અમારું જીવન કેવું હોય તે તો તમે જાણો જ છો. આપ જો આ કિંમતી કંકણો મને આપશો તો હું ત્રણ રાત અને ત્રણ દિવસ તમારી અર્ધાંગના બનીને તમારી સાથે વિહાર કરીશ.' તરત જ ભગવાન શિવે કહ્યું, 'પરંતુ તારે પતિ-પત્ની તરીકે રહેવાની પ્રતિજ્ઞા સૂર્ય અને ચંદ્રની સાક્ષીએ લેવી પડશે અને આ પ્રકારે પ્રતિજ્ઞા લીધા બાદ મારા હૃદયને સ્પર્શ કરશે તો જ હું શરત સ્વીકારીશ.'

* * *

મહાનંદાએ સૂર્ય-ચંદ્રને પ્રણામ કરી વૈશ્યરૂપે આવેલા ભગવાન શિવના હૃદયને સ્પર્શ કર્યો. વૈશ્યનાથે રત્નજડિત કંકણો પોતાના કાંડા પરથી ઉતારી પોતાના હાથે જ વારાંગના મહાનંદાને પહેરાવી દીધાં અને પોતાના પાસે રત્નમય શિવલિંગ હતું તે ભેટ આપ્યું અને કહ્યું, 'મહાનંદા આ રત્નમય શિવલિંગ છે તેની નિત્ય પૂજા કરજે અને તેની ખૂબ સંભાળ રાખજે.'

મહાનંદાએ ખૂબ જ ઉત્સાહથી એ શિવલિંગનો સ્વીકાર કર્યો અને પોતાના પૂજાના ઓરડામાં પધરાવ્યું. પૂજાનો ઓરડો નૃત્યમંડપની બાજુમાં જ હતો. રાત્રિના સમયે વારાંગના મહાનંદાના નિવાસસ્થાને ભયંકર આગ લાગી. ગણિકા મહાનંદાએ સમયસૂચકતા વાપરી પોતાના ઘરનો સામાન બચાવવાની કોશિશ કરી. આ કોશિશમાં તે પોતાના પાળેલા કૂકડા અને માંકડાને બચાવી લીધા, પરંતુ આ આગમાં ભગવાન શિવે આપેલું રત્નમય શિવલિંગ બચાવી ન શકી અને એ શિવલિંગ બળીને કદરૂપું બની ગયું, આગની ગરમીમાં તેના નાના નાના ટુકડા થઈ ગયા.

વૈશ્યનાથ સ્વરૂપે આવેલા ભગવાન શિવે લીલા કરતાં કહ્યું કે, 'હે મહાનંદા, મેં આપેલ શિવલિંગ તો મારા પ્રાણ સમાન હતું, તું આગથી બચાવી નથી શકી અને એ શિવલિંગ આગને લીધે ખંડિત થઈ ગયું છે તેથી હું જીવી નહીં શકું. તારા સેવકોને કહે કે, ચિતા તૈયાર કરે, હું હવે શિવમાં મગ્ન થઈને મરણને શરણ થઈશ.'

વૈશ્યનાથના આગ્રહને વશ થઈ મહાનંદાએ તેના સેવકો પાસે ચિતા ખડકાવી. વૈશ્યનાથે ચિતાને પ્રદક્ષિણા કરી ભગવાન શિવનું સ્મરણ કર્યું અને ભડભડ બળતી ચિતામાં પ્રવેશ કર્યો અને અગ્નિની જ્યોત સાથે જ્યોર્તિમય બની ગયા.

વૈશ્યનાથની પોતે સૂર્ય - ચંદ્રની સાક્ષીએ ત્રણ દિવસ અને ત્રણ રાત માટે પત્ની બની હતી. પોતાના ઘરે લાગેલી આગમાં એ રત્નમય શિવલિંગને બચાવી શકી નહોતી, મળેલી જવાબદારી એ પૂર્ણ કરી શકી નહોતી. એને પશ્ચાત્તાપની આગ સતાવવા માંડી. તેણે વિચાર્યું કે, 'વૈશ્યનાથે આપેલા શિવલિંગનું પોતે જતન ન કરી શકતાં વૈશ્યનાથે મૃત્યુને ભેટવું પડયું. માટે હવે તેણે વૈશ્યનાથની પત્ની તરીકે ધર્મ પાળવો જોઈએ અને તેમની જેમ ચિતામાં બળીને મરી તેમનું અનુગમન કરવું એ જ મારા માટે હવે ઉત્તમ ધર્મ છે.

ગણિકા મહાનંદાએ પોતાની સર્વ માલ મિલકત યોગ્ય પાત્ર જોઈ દાનમાં આપી દીધી અને સતી થવા માટે તત્પર થઈ. અગ્નિથી પ્રગટેલી ચિતાની પ્રદક્ષિણા કરી ભગવાન શિવનું સ્મરણ કર્યું અને અગ્નિમાં પ્રવેશ કરવા જાય છે ત્યારે જ ભગવાન શિવ સાક્ષાત પ્રગટ થાય છે.

ભગવાન શિવઃ 'હે મહાનંદા, હું પોતે વૈશ્યનાથના સ્વરૂપે તારી પરીક્ષા કરવા આવ્યો હતો. તું કસોટીમાંથી પાર ઊતરી છે. તું વરદાનને પાત્ર છે, માગ તારી ઇચ્છા મુજબ વરદાન.'

ગણિકા મહાનંદાઃ 'પ્રભુ તમે સાક્ષાત દર્શન આપ્યા એ જ મારા માટે વરદાન સ્વરૂપ છે. મને વરદાનની કોઈ કામના નથી.'

ભગવાન શિવઃ 'મહાનંદા, મેં અત્યાર સુધી તારી બે વખત પરીક્ષા લીધી છે. બંને વખત તું મારી કસોટીમાં ઉત્તીર્ણ થઈ છે. તારે અવશ્ય વરદાન લેવું જોઇએ.'

ગણિકા મહાનંદાઃ 'પ્રભુ તમે વરદાન આપવા જ માગતા હોવ તો મને પુનર્જન્મના ભયથી મુક્ત કરી પરમપદ અર્પણ કરો.'

ભગવાન શિવઃ 'તથાસ્તુ, તમારી ઇચ્છા મુજબ હવે પછીના જીવનમાં પુનર્જન્મના ભયથી મુક્ત થશો અને પરમપદને મેળવશો અને જે મનુષ્ય આ અદ્ભુત ચરિત્રનું શ્રવણ-પઠન કરશે તેનું આત્યંતિક કલ્યાણ થશે અને પરમ પદને પામશે.'

* * *

ગણિકા મહાનંદાને પરમપદ પ્રાપ્ત થતાં ભગવાન શિવ ફરી કૈલાસ પધારે છે.

માતા પાર્વતીઃ 'હે સ્વામિ મહાનંદાને તો પરમપદ પ્રાપ્ત થઈ ગયું છે પણ પૃથ્વીવાસીઓ કઈ રીતે પોતાના પાપનો નાશ કરી ધન, યશ અને મનોવાંછિત ફળ મેળવી શકે તેની વ્રત વિધિ બતાવો જેથી તેમનું કલ્યાણ થાય. (ક્રમશઃ)■

## પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીનું તપ ને તેજ

# સંતકવિઓનું સંયમ-સત્ય ને તથ્ય છે અદ્ભુત

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com



'વટ્ટપતનલીલા' : ૨૨૩૯ થી ૨૨૫૩ પદક્રમાંકવાળા કુલ પંદર પદોની પદશૃંખલામાં શ્રીહરિની વડોદરાના નરેશ સયાજીરાવ ગાયકવાડે વડોદરામાં પધરામણી કરાવી હતી. એની પાર્શ્વભૂમાં તો હકીકતે વડોદરામાં સ્વામિનારાયણ સંપ્રદાય અવૈદિક નથી વૈદિક છે એવું ગાયકવાડે બોલાવેલી શાસ્ત્રજ્ઞ પંડિતોની સભામાં સંપ્રદાયની વૈદિક-તાત્ત્વિક પીઠિકા મુક્તાનંદ સ્વામીએ પ્રસ્તુત કરીને, પંડિતોએ પરાજિત કર્યા એની વિગતો છે. આથી સયાજીરાવ ગાયકવાડે મુક્તાનંદજી સમક્ષ પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપ શ્રીહરિના દર્શન-સ્વાગત આશીર્વાદ માટે મુક્તાનંદજી સમક્ષ સિસૃક્ષા પ્રગટાવી, શહેરના અધિકારી નારુપંત નાનાને વડતાલ મુકામે બિરાજતા સહજાનંદ સ્વામી પાસે વડોદરા પધારવાનું નિમંત્રણ લઈને મોકલ્યા. વિજ્ઞપ્તિને સ્વીકારીને ઈ.સ. ૧૮૨૬ વિ.સં. ૧૮૮૨ના કાર્તિકવદી પાંચમને દિવસે શ્રીહરિ પધારેલા. અહીં ચતુરંગ સેના સમેત એમનું સ્વાગત કરેલું. વડોદરામાં સ્વાગત સવારી કરાવીને કચેરીમાં પધરામણી કરાવી. મહેલમાં જ નિવાસ કરાવેલો. પ્રેમાનંદ-પ્રેમસખીએ પંદર પદોની શૃંખલા રચીને આ ભવ્ય-દિવ્ય પ્રસંગને પોતાની વાણીમાં વણી લીધો છે. 'સત્સંગીજીવન' ભાગ-ચાર ગ્રંથમાં પૃષ્ઠાંક ૩૭૨ થી ૩૮૨ સુધી પણ આ ઐતિહાસિક વિષયને આલેખેલ છે. મેં દફતર ભંડારના થોડા દસ્તાવેજી આધારો પણ કોઠારી સ્વામી ડૉ. સંતવલ્લભદાસજી પાસે અવલોક્યા. એમણે દફતર ભંડારમાંના દસ્તાવેજી આધારરૂપ બધા લખાણો એકત્ર કરેલા છે. મને શ્રી અરવિંદ જેવા અધ્યાત્મા પુરુષને આવકારનારા ગાયકવાડ અવતારી સહજાનંદને પણ એવી જ ઊંડી શ્રદ્ધાથી આવકારતા - પૂજ્યભાવ પ્રગટાવતા લાગ્યા છે.

*પધારે વટ્ટપતન સ્વામી*
*સહજાનંદ મહારાજ પુરન, પુરુષોત્તમ બહુનામી, પધારે...ટેક*
*ચલે વરતાલસે અવિનાશી આયે કિયા મુકામ*
*ગામ સાંકરદે સુખરાશી... પધારે...*

-થી આરંભાતી ચાર-ચાર કડીની પંદર પદરચનાઓ પ્રેમસખીની પ્રાસ-અનુપ્રાસ કળા, વિષયને સમુચિત શબ્દમાં ઢાળવાની કૌશલ્યકળા, સ્વાગતવિધિ અને પ્રત્યેક દિવસોની વિગતોને વણી લેતી હોઈને તથ્યને અને તાત્ત્વિક તર્કને શ્રદ્ધેય અભિવ્યક્તિ અર્પનારા કવિ ગણવાના રહે. અંતિમ પદક્રમાંક ૨૨૫૩માં તેઓ આલેખે છે કે

*'વટ્ટપતનમેં વિજય કરી હરિ, ચલે કુચ કરી વ્રતપુરી;*
*અતિ પ્રતાપસો ચલે ગાજતે, મતવાદિન કો શિર કચરી'...*

મને તેઓ આ કારણે સત્યા-તથ્યને સંયમ દાખવીને વ્યક્ત કરતાં કવિ જણાયા છે...

'લોયાની લીલા' મેં 'સત્સંગી જીવન'નો પાઠ ખૂબ કર્યો છે. એના વાચનને કારણે પ્રેમસખી પ્રેમાનંદ પુરોગામીના ઘણાં પદોનું વિષય વસ્તુ એમાં એ જ પ્રકારે આલેખતા અવલોકવા મળે છે. મેં સહજાનંદ સ્વામીના જીવનકાળના અધ્યાત્મકેન્દ્રી વિષયસામગ્રીવાળી કેટલીક પ્રસંગ ઘટનાઓની આંતર ચકાસણી વિવિધ પદકર્તાઓના પદો, 'સત્સંગીજીવન' આદિ ગ્રંથોમાં કરી છે. ક્યાંય ભેદ, અન્ય ઉક્તિ કે અલ્પ-અતિશયોક્તિ અવલોકવા મળી નથી. સંયમ, સત્ય અને તથ્યના પુરસ્કર્તા સંતકવિઓનું આવું અવતારી માટેનું સંયમપણું - સચ્ચાઈપણું મને વિશેષપણે સ્પર્શી ગયું છે. મેં એક અભ્યાસલેખમાં આવી નોંધ પ્રસ્તુત કરેલી. અહીં શ્રીહરિએ સ્વહસ્તે શાક બનાવીને લોયાનો શાકોત્સવ ઉજવ્યો અને સંપ્રદાયમાં પરંપરા બની રહ્યો. લોકસમુદાયને એકત્ર કરવાનું આવું ટાણું સંપ્રદાયની આગવી એવી દૃષ્ટિપૂત પ્રકારની ઉત્સવ ઉજવણી છે. પ્રેમસખીએ ૨૨૦૯ થી ૨૨૧૪ એમ માત્ર છ પદોમાં એ પ્રસંગને આગવી અભિવ્યક્તિ અર્પીને ઉત્સવલીલાગાન પરંપરામાં ચિરંજીવ રૂપે અર્પે છે.

'વડતાલયાત્રા લીલા' શાકોત્સવ, વિવિધ સામૈયા, ઉત્સવ ઉજવણીનું રૂપ સંપ્રદાયની આયોજન પરંપરાને કોઈ અભ્યાસીએ ઇવેન્ટ મેનેજમેન્ટ દૃષ્ટિએ તપાસીને એ મહત્તા આજે પણ કેટલી પ્રાસંગિક છે એ વિશે શોધપત્ર તૈયાર કરવું જોઈએ. મેં હંમેશાં વડતાલધામ મંદિર દર્શન કરીને જ્ઞાનબાગ દર્શને જવાનો એક ક્રમ સન્મિત્ર હરેન્દ્ર ભટ્ટ સાથે બનાવેલો. એ સાથે હોય એટલે જ્ઞાનબાગ યાત્રા થાય જ. પાર્ષદ લાલજી ભગતનું સ્નેહાસિક્ત આતિથ્ય અને શ્રદ્ધેય કાનજી ભગત સાથે સત્સંગ થાય. દરેક વખતે પ્રસાદીની થોડી નૂતન વસ્તુના દર્શન કરાવીને એની સાથેનો શ્રીહરિનો સંદર્ભ પણ કહે. તેઓ એમને એક વખત જ્ઞાનબાગમાં એક સ્થાનકે ઊગમણા ઓટા પાસે લઈ ગયેલા. ત્યાં પોતે દંડવત પ્રણામ કરીને કહ્યું કે 'જાનીજી અહીં શ્રીહરિ બારબારણાના હિંડોળે ઝૂલેલા અને ઓટે સભા કરેલી કહીને ભારે લહેકાથી ગાયું 'સાંજે સભા કરી ઓટે' એ લહેકો અને પછી કહે વડતાલની લીલાના પદો પ્રેમસખીના છે, તેમ મંજુકેશાનંદજી અને જ્ઞાનનંદજીના પણ છે... પ્રેમસખીનું ૨૧ કડીનું એક પદ પાર્ષદ લાલજી ભગતના કંઠે સાંભળેલું.

*ધન્ય ધન્ય બે આંબા વડતાલે રે,*
*તેણે બાંધ્યો હિંડોળો ધર્મલાલે રે,*
*ધન્ય ધન્ય વડતાલ વૈકુંઠ કીધી રે,*
*સહુને વાલે દેહ છતે મુક્તિ દીધી રે...*
*ધન્ય ધન્ય હરિની લીલા અનંત રે,*
*ગાતા શેષ શારદા નવ પાવે અંત રે...*
*પ્રેમાનંદ કહે રસના શું ગાવું રે,*
*કર જોડી પ્રભુ પદ શિષ નમાવું રે...*
*મને વડતાલના પદોની બન્ને ચોસર તથા*
*'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી'*

'શોભે રૂડી કરમાં લગામ રૂપાળી' થી આરંભાતી ચોસર પણ અનેક સ્થાને સાંભળવાનો લહાવો મળ્યો છે. વડતાલની લીલાના પદોનું ગુચ્છ પ્રેમસખી પ્રેમાનંદની શ્રીહરિ ભક્તિ અને ગઢપુરવાસી છતાં વડતાલ પરત્વેની અપાર પ્રીતિના પરિચાયક જણાયા છે. પ્રેમાનંદની સૂક્ષ્મ નિરીક્ષણ દૃષ્ટિને ભાવપૂર્ણ અભિવ્યક્તિ આ પદોમાં પ્રાપ્ત થઈ છે.

ભલે સ્વતંત્ર ગ્રંથ ન ગણાતા હોય પરંતુ આવી ખાસ પ્રસંગ આધારિત પદમાળાઓના ગુચ્છને મેં સ્વતંત્ર ગ્રંથ પ્રકારનું રૂપ માનીને એમાંથી પ્રેમાનંદ પ્રેમસખીની પ્રગટતી ભક્તિ અને કવિકર્મનો પરિચય કરાવ્યો છે. (ક્રમશઃ)■

# શું છે આ ગુપ્ત નવરાત્રી?

ફોકસ

આર. સી. શર્મા
bhandev@bombaysamachar.com

વર્ષમાં ચાર વખત નવરાત્રીનું પર્વ આવે છે. એમાંથી બે નવરાત્રી સાર્વજનિક હોય છે એટલે કે સામાન્ય લોકો એને ઊજવે છે. જોકે બે પ્રમુખ નવરાત્રી ગુપ્ત હોય છે, જેને દેવી માનાં વિશેષ સાધકો મુખ્યત્વે તંત્ર સાધકો અને આધ્યાત્મિક ભક્તો દ્વારા મનાવવામાં આવે છે. આ ગુપ્ત નવરાત્રી એક વખત અષાઢ મહિનામાં અને બીજી મહા મહિનામાં આવે છે. ગુપ્ત નવરાત્રી મુખ્યત્વે શક્તિની ઉપાસના અને દેવી પૂજન માટે શ્રેષ્ઠ ગણવામાં આવે છે. ગુપ્ત વિદ્યાઓ, મંત્ર સિદ્ધિ, તાંત્રિક પ્રયોગ, ભૈરવ સાધના અને કુંડલિની જાગરણ માટે એ ઉત્તમ સમય મનાય છે. એવી માન્યતા છે કે જે પણ સાધક એકાગ્રતા અને નિયમપૂર્વક દેવીમાની ઉપાસના કરે છે તેને દિવ્ય શક્તિઓ પ્રાપ્ત થાય છે.



સાથે જ એ દરમિયાન વિશેષ અનુષ્ઠાન અને તાંત્રિક ઉપાયોથી ગ્રહદોષ, શત્રુબાધા, નજરદોષ, ડર અને માનસિક તણાવથી મુક્તિ મળે છે. બગલામુખી અને ભૈરવીની પૂજા ખાસ કરીને શત્રુનાશ અને આત્મરક્ષા માટે કરવામાં આવે છે. તેમની આરાધનામાં ગોપનીયતા અને નિયમોનું પાલન કરવામાં આવે છે.

ગુપ્ત નવરાત્રીમાં ઉપાસના ગુપ્ત રીતે કરવામાં આવે છે અને એના નિયમો પણ ખૂબ અઘરા હોય છે. તેમની પૂજા વિધિ પણ અલગ હોય છે. આ જ કારણ છે કે સામાન્ય લોકો આવી સાધના કરતા નથી. એમાં તાંત્રિક વિધિઓ જેવા વિશેષ મંત્રોનો જાપ, યંત્ર જાગરણ, હવન અને ગુપ્ત નિયમોનું પાલન કરવુ અગત્યનું છે. એથી જ ગુપ્ત નવરાત્રીનો વધુ પ્રચાર-પ્રસાર નથી થતો. સામાન્ય રીતે લોકો ચૈત્ર અને શારદીય નવરાત્રી મનાવે છે. સામાન્ય લોકો જેમને દરરોજ નોકરી-ધંધો સંભાળવાનો હોય. ઘર-પરિવારની જવાબદારી પૂરી કરવાની હોય. એવામાં તેમનાથી તો ગુપ્ત નવરાત્રીના કડક નિયમોનું પાલન શક્ય નથી. એને લઈને લોકોમાં ડર અને ભ્રમ ફેલાયેલો છે. એવામાં જો સાધના ભંગ થઈ તો લાભ નહીં, પરંતુ નુકસાન વધુ થવાની શક્યતા છે. સાથે જ દેવી મા નારાજ પણ થઈ શકે છે.

લોકો ગુપ્ત નવરાત્રી પ્રત્યે શ્રદ્ધા રાખે છે અને શક્ય એટલા નિયમ અને સંયમનું પાલન કરે છે. એક તરફ કેટલાંક લોકો એવા છે જેઓ ગુપ્ત નવરાત્રીથી દૂર ભાગે છે. તો બીજી તરફ કેટલાક એવા લોકો પણ છે જેમને આ નવરાત્રીનું આકર્ષણ જાગ્યું છે. વર્તમાનમાં લોકો આધ્યાત્મિક, માનસિક શાંતિ અને ઊર્જા સંતુલન તરફ આકર્ષિત થયા છે. લોકોમાં એના પ્રત્યે જીજ્ઞાસા વધી છે.

બહારની દુનિયાથી હટીને સાધના અને આધ્યાત્મિક અનુભવોનું માધ્યમ છે ગુપ્ત નવરાત્રી. એના દ્વારા આત્મચિંતન, આધ્યાત્મિક પ્રગતી અને માતાજીની કૃપા વરસે છે. આ વર્ષે ૨૬ જૂનથી ૪ જુલાઈ સુધી ગુપ્ત નવરાત્રી રહેવાની છે. તંત્ર સાધકો માટે આ અમૂલ્ય સમય હોય છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારતના એક નિર્ણયથી પાકિસ્તાનના હાલ બેહાલ, માલવાહક જહાજો પર પ્રતિબંધથી થઇ રહ્યું છે મોટું નુકસાન

ઇસ્લામાબાદઃ ભારત દ્વારા પાકિસ્તાની માલવાહક જહાજોને તેનાં બંદરો પર લાંગરતા રોકવાના કારણે માલ ભાડામાં વધારો અને પરિવહન સમયમાં વધારો થયો છે. આ માહિતી એક મીડિયા રિપોર્ટમાં આપવામાં આવી છે. પહલગામ આતંકવાદી હુમલા પછી ભારતે ૨ મે, ૨૦૨૫થી પાકિસ્તાનથી આવતા અથવા નિકાસ થતા માલના પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત અથવા પરિવહન પર વ્યાપક પ્રતિબંધ લાદ્યો હતો.

'ડોન' અખબારના અહેવાલ મુજબ, પાકિસ્તાની આયાતકારોએ જણાવ્યું હતું કે ભારતીય પ્રતિબંધને કારણે માલ ભાડાના ચાર્જ અને સમયમાં વધારો થયો છે. કરાચી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ જાવેદ બિલવાનીએ જણાવ્યું હતું કે, ''ભારતના આ પગલાને કારણે માલ વહન કરતા મોટાં જહાજો પાકિસ્તાન આવી રહ્યાં નથી, જેના કારણે અમારી આયાતમાં ૩૦ થી ૫૦ દિવસનો વિલંબ થઈ રહ્યો છે.'' તેમણે કહ્યું હતું કે આયાતકારો હવે નાના જહાજો (ફીડર જહાજો) પર નિર્ભર છે, જેના કારણે ખર્ચમાં વધારો થાય છે. ભારતે પ્રતિબંધ લાદ્યા પછી નિકાસકારોએ માલ ભાડા અને વીમા ખર્ચમાં પણ વધારો નોંધાવ્યો છે. જોકે, તેમણે કહ્યું કે નિકાસ પર એકંદર અસર ન્યૂનતમ રહી છે. કાપડ ક્ષેત્રના નિકાસકાર આમિર અઝીઝે જણાવ્યું હતું કે '' વીમા ખર્ચમાં વધારા સિવાય નિકાસ પર કોઈ ખાસ અસર થઈ નથી. નૂર ચાર્જમાં વધારા પહેલા પણ આવું થઈ ચૂક્યું હતું. અખબારના મતે, પાકિસ્તાનની નિકાસ મૂલ્યવર્ધન માટે આયાતી કાચા માલ પર ભારે આધાર રાખે છે. સરકાર વિદેશી હૂંડિયામણ બચાવવા માટે આયાત પર કડક નિયંત્રણો રાખે છે, તેથી પુરવઠા શૃંખલામાં કોઈપણ વિક્ષેપ વ્યાપક આર્થિક અસર કરે છે.

પુલવામા આતંકવાદી હુમલા પછી ભારત-પાકિસ્તાન વેપાર સંબંધો વધુ ખરાબ થયા, જેના પગલે ભારતે પાકિસ્તાનથી આયાત થતી તમામ ચીજવસ્તુઓ પર આયાત ડ્યૂટી વધારીને ૨૦૦ ટકા કરી દીધી. પાકિસ્તાન અને ભારત વચ્ચે ઔપચારિક વેપાર સંબંધો ૨૦૧૯થી સ્થિર રહ્યા છે, દ્વિપક્ષીય વેપાર ૨૦૧૮માં ૨.૪૧ બિલિયન ડૉલરથી ઘટીને ૨૦૨૪માં ૧.૨ બિલિયન ડૉલર થયો છે. ■

# જમ્મુ અને કાશ્મીરમાં દરેક પરિવારને મળશે યુનિક ફેમિલી આઇડેન્ટિફિકેશન કાર્ડ

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીર સરકાર જાહેર સેવાઓના વિતરણને સુવ્યવસ્થિત કરવા માટે દરેક ઘર માટે એક યુનિક ફેમિલી આઇડેન્ટિફિકેશન કાર્ડ બનાવવાની યોજના ધરાવે છે. અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે આ પહેલ લાભાર્થીઓની પહોંચને પણ વિસ્તૃત કરશે અને સરકારી વિભાગોમાં આયોજન અને દેખરેખ માટે એકીકૃત સ્રોત તરીકે સેવા આપશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે મુખ્ય સચિવ અટલ ડુલ્લુએ શનિવારે આ સંદર્ભમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. મુખ્ય સચિવે ફેમિલી આઇડેન્ટિફિકેશન કાર્ડ પ્રણાલીના મહત્ત્વ પર ભાર મૂકતા કહ્યું હતું કે આ ઓળખ કાર્ડ બનાવવાથી લોકોમાં લાભાર્થીલક્ષી યોજનાઓની લોકપ્રિયતા વિશે અમૂલ્ય માહિતી મળશે અને ખાતરી થશે કે દરેક પાત્ર વ્યક્તિને તે લાભ મળે જે તે લાયક છે.

ડુલ્લુએ કહ્યું હતું કે, ''આ વધુ જવાબદાર અને પ્રતિભાવશીલ વહીવટને પ્રોત્સાહન આપવા તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું છે.'' અધિકારીઓએ જણાવ્યું હતું કે વાતચીત દરમિયાન ચર્ચા કરાયેલા પડકારોમાંનો એક એ હતો કે લાભોના વિતરણ માટે વિવિધ સરકારી વિભાગો દ્વારા લોકો પાસેથી વારંવાર સમાન દસ્તાવેજો માગવામાં આવે છે અને તેમને સમાન ચકાસણી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.

તેમણે કહ્યું હતું કે, ''આનાથી લોકો પર બિનજરૂરી બોજ તો પડે છે જ પરંતુ સરકારી સંસાધનો પર પણ દબાણ આવે છે. ફેમિલી આઇડેન્ટિફિકેશન કાર્ડ માહિતીનો એકમાત્ર, સત્તાવાર સ્રોત તરીકે આ સમસ્યાનું નિરાકરણ લાવશે, જેનાથી અવરોધો ઘણી હદ સુધી ઘટશે.'' ■

# રાજસ્થાનમાં ખોદકામ દરમિયાન માટી ધસી પડતાં બેનાં મોત

જયપુરઃ રાજસ્થાનના ભરતપુરમાં રવિવારે સવારે પાઇપલાઇન ખોદકામ દરમિયાન માટી ધસી પડતાં બે મજૂરોના મોત નીપજ્યા હતા. જ્યારે હજુ પાંચ ફસાયા હોવાની આશંકા છે. આ માહિતી પોલીસે આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર જાંગી કા નાગલા ગામ નજીક પાઇપલાઇન નાખવા માટે ખોદવામાં આવેલા ૧૦ ફૂટ ઊંડા ખાડાને કેટલાક મજૂરો પૂરી રહ્યા હતા ત્યારે માટી ધસી પડતા આ દુર્ઘટના બની હતી. જેમાં ૧૨ મજૂરો માટી નીચે ફસાઇ ગયા હતા. બુમરાણ સાંભળીને અન્ય મજૂરો અને પ્રોજેક્ટ સ્ટાફે બચાવ કામગીરી શરૂ કરી હતી, પરંતુ માટીની ઊંડાઇ અને ભારેપણાને કારણે તાત્કાલિક પ્રયાસો મુશ્કેલ બન્યા હતા.

આ ઘટનાની માહિતી મળતાં જ જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ અને આપત્તિ વ્યવસ્થાપન ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. બચાવ ટીમે માટી દૂર કરવા અને ફસાયેલા મજૂરોને બહાર કાઢવા માટે અર્થમૂવિંગ મશીનોનો ઉપયોગ કર્યો હતો. તેઓ સાત મજૂરોને બહાર કાઢવામાં સફળ રહ્યા હતા. જેમાંથી અંકુલ(૨૨) અને વિમલા દેવી(૪૫) મૃત્યુ પામ્યાં હતાં. ■

# આપ એ ધારાસભ્ય કુંવર વિજય પ્રતાપને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા

ચંડીગઢઃ આમ આદમી પાર્ટી (આપ) એ રવિવારે અમૃતસર ઉત્તરના ધારાસભ્ય અને ભૂતપૂર્વ આઇપીએસ અધિકારી કુંવર વિજય પ્રતાપ સિંહને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવણીના આરોપસર પાંચ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે.

સિંહે થોડા દિવસો પહેલા આવકથી વધુ સંપત્તિના કેસમાં શિરોમણી અકાલી દળના નેતા બિક્રમ સિંહ મજીઠિયાના અમૃતસર સ્થિત નિવાસસ્થાને વિજિલન્સ બ્યૂરોના દરોડાની રીત પર સવાલો ઉઠાવ્યા હતા. પાર્ટીનાં સૂત્રોએ જણાવ્યું હતું કે સિંહને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય 'આપ'ની રાજકીય બાબતોની સમિતિ દ્વારા લેવામાં આવ્યો હતો. ■

## વેન્ચર્સ
### ઇન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન પ્રા. લી.

વેન્ચર્સ જાહેરાતની દુનિયામાં એક મશહૂર નામ છે. અગાઉ તે વેન્ચર્સ એડવર્ટાઈઝીંગ પ્રા. લી. તરીકે ઓળખાતી હવે તેનું નવું નામ વેન્ચર્સ ઈન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન પ્રા. લી. તરીકે ઓળખાય છે. વેન્ચર્સ છેલ્લાં ૪૦ વૈભવશાળી વર્ષોથી બ્રાન્ડસને સેવા આપે છે. તે INS એક્રીડીએટેડ એજન્સી છે. તે દૂરદર્શન એક્રીડીએટેડ છે, એડવર્ટાઈઝીંગ કલબ, ASCI & AAAIનું પણ સભ્ય છે. તેમ જ તે આંતરરાષ્ટ્રીય એડવર્ટાઈઝીંગ એસોસીએશન & PRSIનું પણ સભ્ય છે. તેઓ મીડિયા બાઈંગ તથા પ્રોડકશન સેલીંગ તેમ જ PR એક્ષિબિશન અને આઉટડોર પ્રવૃત્તિઓ પણ કરે છે. વેન્ચર્સ બહુ-ભાષીય અનુવાદ- બંને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હેન્ડલ કરવાની ક્ષમતા ધરાવે છે. તેઓ હાઉસકોર ડિઝાઈનિંગ અને પ્લાનિંગ ટર્મ્સમાં છે. તેઓ વ્યૂહાત્મક મીડિયા બાઈંગ કરે છે અને ગ્રાહકોને ફાયદો કરાવે છે. તેઓ ૨૪ કલાકમાં જાહેરાત રિલીઝ કરે છે.



વેન્ચર્સના સ્થાપક અને ચેરમેન શ્રી ચેતન શાહના જણાવ્યા મુજબ તેઓએ એક માણસ શ્રી સદાનંદ માલવનકર સાથે ૪૦ વર્ષ પહેલાં એજન્સી અંધેરી તેલી ગલીમાં નાનકડી ઓફિસમાં શરૂ કરી હતી, જેઓ હજુ સુધી તેમની સાથે જ છે. છેલ્લાં ૧૫ વર્ષથી તેઓ મરોલ નાકામાં શિફ્ટ થયા છે. અત્યારે તેઓ તેમની મરોલ ઓફિસમાં ૬૦થી વધુનો સ્ટાફ ધરાવે છે. તેઓએ તેમનો વ્યવસાય સમગ્ર ભારતમાં ફેલાવ્યો છે અને મુખ્ય ઓફિસ અંધેરીમાં છે. તેમના સૌથી મોટા ગ્રાહકોમાં ભારતીય રેલવે, મહારાષ્ટ્ર સરકાર અને ગુજરાત સરકાર છે. તેમ જ મોટા ખાનગી ક્ષેત્રના ગ્રાહકો પણ ધરાવે છે. અત્યારે વેન્ચર્સ CEO શ્રી વિતેશ શાહ સંભાળે છે, જેઓ યુવા અને ઊર્જાવાન વ્યક્તિ છે.



કુણાલ બજાજ,
ઘસીટારામ હલવાઈ, મુંબઈ

## ૧૧૭ વર્ષોની અતૂટ પ્રતિબદ્ધતા ઘસીટારામ હલવાઈને એક અડગ પસંદગી બનાવે છે

૧૯૧૬માં સ્વ. શ્રી ઘસીટારામજી બજાજ દ્વારા કરાચીમાં સ્થાપિત, પ્રખ્યાત પંજાબી ઘસીટારામ વર્લ્ડ ઑફ સ્વીટ્સ એક નાના પણ ખૂબ જ આદરણીય કન્ફેક્શનરી સાહસ તરીકે શરૂ થયું. ૧૯૫૦માં, તેમના પ્રતિષ્ઠિત પુત્ર, શ્રી ગોવર્ધનદાસ બજાજ, મુંબઈમાં શ્રેષ્ઠતાના આ વારસાને લાવ્યા, શહેરમાં ઉત્તમ કન્ફેક્શનરીની કળાનો પરિચય કરાવ્યો. આજે, મારા પિતા વિપ્પન બજાજ અને તેમના પુત્ર (હું પોતે) કુણાલના નેતૃત્વમાં બજાજ પરિવારની ચોથી પેઢી આ સમૃદ્ધ વારસાને આગળ ધપાવી રહી છે. પંજાબી ઘસીટારામ હલવાઈ પ્રા. લિમિટેડ ૪૦૦ થી વધુ મીઠાઈઓ, બેક્ડ નાસ્તા, કૂકીઝ, કેક, ફરસાણ, ડ્રાયફ્રૂટ મીઠાઈઓ અને ખાંડ-મુક્ત મીઠાઈઓ સહિત વિવિધ પ્રકારના ઉત્પાદનોમાં નિષ્ણાત છે. અમારા નિષ્ણાત શેફ આ ઉત્પાદનોને સૌથી વધુ સ્વચ્છતાપૂર્ણ પરિસ્થિતિઓમાં કાળજીપૂર્વક તૈયાર કરે છે, દરેક બાઈટમાં ઉચ્ચતમ ગુણવત્તા અને અધિકૃતતા સુનિશ્ચિત કરે છે. અમે મીઠાશ ફેલાવવા અને અમારી ઓફર દ્વારા યાદગાર ક્ષણો બનાવવા માટે સમર્પિત છીએ.



ભારત સરકાર વ્યૂહાત્મક, માળખાકીય અને નીતિગત પગલાના સંયોજનનો અમલ કરીને ખાદ્ય ઉત્પાદનોની નિકાસ ક્ષમતામાં વધારો કરી શકે છે, જેમ કે ફૂડ પ્રોસેસિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવો, ખાદ્ય ઉત્પાદનોમાં નવીનતાને પ્રોત્સાહન આપવું, વેપાર કરારો, ભાગીદારી કરવી, ગુણવત્તા ધોરણો અને ખાદ્ય સલામતીમાં સુધારો કરવો, નિકાસકારો માટે પ્રોત્સાહનો અને સહાય કરવી, લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઇનને મજબૂત બનાવવી, વૈશ્વિક સ્તરે ભારતીય ખાદ્ય ઉત્પાદનોનો પ્રચાર કરવો વગેરે.

૧૧૭ વર્ષથી વધુની એક ભવ્ય સફરમાં, ઘસીટારામ હલવાઈ તેના પ્રિય ગ્રાહકોને અજોડ મીઠાશ પહોંચાડવાની પ્રતિબદ્ધતામાં અડગ રહ્યા છે. અમે અમારા કાર્યોને વિસ્તૃત કરવાનું અને અમારી ઉત્પાદન શ્રેણીને વૈવિધ્યીકરણ કરવાનું ચાલુ રાખીએ છીએ, જ્યારે અમે ગર્વથી ભારતની સૌથી જૂની મીઠાઈ બ્રાન્ડ્સમાંની એક હોવાનો બેજ પહેરીએ છીએ, ત્યારે અમે અમારા ગૌરવ પર આરામ કરવાથી ઘણા દૂર છીએ. દરેક પસાર થતા વર્ષે અમને અમારા નવા ગ્રાહકોની સતત બદલાતી પસંદગીઓ સાથે વિકસિત અને અનુકૂલન કરતા જુએ છે. નવીનતા પ્રત્યેના અમારા અતૂટ સમર્પણે અમને ઉત્તેજક નવી ક્ષિતિજો તરફ દોરી ગયા છે. આ વર્ષે, અમે ફ્યુઝન ઉત્પાદનોની શ્રેણી રજૂ કરવા માટે રોમાંચિત છીએ જે તમારા ઉત્સવની ઉજવણીને ઉન્નત બનાવવા માટે તૈયાર છે. આ નવી રચનાઓ પરંપરા અને નવીનતાનું સુમેળભર્યું મિશ્રણ છે, જે તમારી સ્વાદેન્દ્રિયને તાજી અને ઉત્તેજક રીતે આનંદિત કરવા માટે રચાયેલ છે જે ખાતરી કરે છે કે દરેક બાઈટ એક યાદગાર અનુભવ બની રહે.

સૂકી મીઠાઈઓમાંઃ કાજુ કતરી, સોહન પાપડી, બેસન લાડુ, મૈસુર પાકનો અને ભીની મીઠાઈઓમાં રસગુલ્લા, ગુલાબ જામુન, રસમલાઈ, કાલા જામુનનો સમાવેશ છે.

ઘસીટારામ હલવાઈ ખાતે, અમે માનીએ છીએ કે અમારો વારસો ફક્ત ભૂતકાળ વિશે નથી, તે ભવિષ્યમાં સતત પ્રવાસ છે. અમારા મૂળ પરંપરામાં મજબૂત રીતે સ્થાયી થયા છે અને અમારી નજર નવીનતા પર છે. એક સદીથી વધુની મીઠાશની ઉજવણીમાં અમારી સાથે જોડાઓ અને અમને આવનારા ઘણાં વર્ષો સુધી તમારા જીવનને મધુર બનાવવાનું ચાલુ રાખવા દો.

# ઈઝરાયલે એવિન જેલ પર કર્યો હુમલોઃ ૭૧નાં મોત

દુબઈઃ ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન ઇઝરાયલે તેહરાનની કુખ્યાત એવિન જેલ પર ભયાનક હુમલો કર્યો હતો. ઈરાનના ન્યાયતંત્રએ જણાવ્યું હતું કે ૨૩ જૂનના રોજ જેલ પર ઇઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા ૭૧ લોકો માર્યા ગયા હતા. આ જેલમાં ઘણા રાજકીય કાર્યકરોને રાખવામાં આવ્યા છે.

આ ઈરાન પર ઈઝરાયલનો સૌથી મોટો હુમલો માનવામાં આવી રહ્યો હતો. સરકારી ન્યૂઝ એજન્સી 'મિઝાન'ની વેબસાઇટ પર પ્રસારિત થયેલા એક સમાચારમાં ન્યાયતંત્રના પ્રવક્તા અસગર જહાંગીરે જણાવ્યું હતું કે માર્યા ગયેલા લોકોમાં કર્મચારીઓ, સૈનિકો, કેદીઓ અને કેદીઓને મળવા આવેલા પરિવારના સભ્યોનો સમાવેશ થાય છે.

જોકે જહાંગીરે જાનહાનિના આંકડા આપ્યા નહોતા પરંતુ કહ્યું કે આ હુમલો જેલના ઇન્ફર્મરી, એન્જિનિયરિંગ બિલ્ડિંગ, ન્યાયિક બાબતો અને મુલાકાત હોલ પર થયો હતો, જ્યાં મુલાકાતી પરિવારના સભ્યો માર્યા ગયા અને ઘાયલ થયા હતા.

હુમલાના દિવસે ન્યૂયોર્ક સ્થિત સેન્ટર ફોર હ્યુમન રાઇટ્સ ઈન ઈરાને ઈઝરાયલ દ્વારા જેલ પર હુમલો કરવા બદલ ટીકા કરી હતી, જેને ઈરાની શાસન દ્વારા કોઈપણ વિરોધ પર દમનના પ્રતીક તરીકે જોવામાં આવે છે, અને કહ્યું હતું કે તે નાગરિક અને લશ્કરી લક્ષ્યો વચ્ચેના ભેદના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે. જૂથે કહ્યું કે ઈરાન કાયદાકીય રીતે એવિન જેલમાં બંધ કેદીઓની સુરક્ષા માટે બાધ્ય છે અને હુમલા બાદ 'બહાર કાઢીને' તબીબી સહાય પૂરી પાડવામાં અથવા પરિવારોને જાણ કરવામાં નિષ્ફળતા બદલ તેહરાનમાં અધિકારીઓની નિંદા કરી હતી. જહાંગીરે કહ્યું કે ઘાયલોમાંથી કેટલાકને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી જ્યારે અન્યને હોસ્પિટલોમાં મોકલવામાં આવ્યા હતા. ઈરાને અગાઉ કોઈ મૃત્યુઆંક જાહેર કર્યો ન હતો. ઇઝરાયલે ૧૩ જૂને દેશના પરમાણુ કાર્યક્રમનો નાશ કરવાના પ્રયાસમાં ઇરાન પર હુમલો કર્યો હતો.

યુદ્ધવિરામ જાહેર થયાના ૧૨ દિવસ પહેલા ઇઝરાયલે દાવો કર્યો હતો કે તેણે લગભગ ૩૦ ઇરાની કમાન્ડરો અને ૧૧ પરમાણુ વૈજ્ઞાનિકોને મારી નાખ્યા હતા. ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ભક્તિ | MEDITATION |
| સમર્પણ | INCANTATION |
| મંત્રોચ્ચાર | REVERENCE |
| ધ્યાન | DEDICATION |
| પૂજ્યભાવ | DEVOTION |

## ઓળખાણ પડી?

રાજસ્થાનના જેસલમેરની પીળા બલુઆ પથ્થરથી બનેલી હવેલીની ઓળખાણ પડી? બ્રોકેડ વેપારીઓએ બનાવી હતી



અ) બાગોર કી હવેલી　બ) સમોદે હવેલી
ક) નાથમલજી કી હવેલી　ડ) પટવોં કી હવેલી

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સં | ૨ જો | ગો | ૩ વ | શા | ૪ ત | ■ | ૫ ગો | રં | ૬ ભો |
| ૭ ચા | ર | ■ | ળ | ■ | ૮ ડ | ૯ કા | ર | ■ | જ |
| ર | ■ | ૧૦ સ | ગ | ડ | ■ | ૧૧ ર | જ | ■ | ના |
| ૧૨ બં | ધા | ર | ણ | ■ | ૧૩ ત | ણો | ■ | ૧૪ ગા | લ |
| ધી | ■ | ક | ■ | ૧૫ મા | હે | ■ | ૧૬ સ | મ | ય |
| ■ | ૧૭ અ | ■ | ૧૭અ મ | ન | વા | ૧૮ ર | ■ | ડું | ■ |
| ૧૯ કા | મે | ■ | ■ | ૨૦ સ | ર | ત | ■ | ■ | ૨૧ અ |
| ર્ય | ■ | ૨૨ અ | ૨૩ જ | ન્મા | ■ | ■ | ૨૪ અ | ભિ | ન્ન |
| ૨૫ ર | તિ | ■ | ૨૬ મ | ન | ૨૭ ખા | ■ | વા | ■ | પૂ |
| ૨૮ ત | ર | ફે | ણ | ■ | ૨૯ ક | ન | ક | વ | ર્ણા |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | ■ | ૯ | ■ | ૧૦ | | ■ | |
| ૧૧ | | ■ | ૧૨ | | | | ■ | ૧૩ | |
| | ■ | ૧૪ | | | ■ | ૧૫ | | | |
| ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | | | ■ | | ■ |
| ■ | | ■ | ૧૯ | | ■ | ૨૦ | | ■ | ૨૧ |
| ૨૨ | ■ | ૨૩ | | | ૨૪ | ■ | ■ | ૨૫ | |
| | ■ | | ■ | ■ | ૨૬ | | ૨૭ | ■ | |
| ૨૮ | | ■ | ૨૯ | ૩૦ | ■ | ■ | ૩૧ | ૩૨ | |
| | ■ | ૩૩ | | | | | ■ | ૩૪ | |

### આડી ચાવી

૧. આકાશ (૪)
૪. ઇતિહાસના સમયનું (૫)
૮. પ્યાસ (૩)
૧૦. મેં --- તારી તમન્ના એનો આ અંજામ છે. (૨)
૧૧. દોરડી (૨)
૧૨. એકદમ નવું, તાજું (૪)
૧૩. જલદી સળગે ઊઠે એવો પદાર્થ (૨)
૧૪. કાલીમાતા (૩)
૧૫. બિકાનેરનું (૪)
૧૬. મિત્ર, પ્રિયતમ (૩)
૧૮. હોડ, કટાર, બોલી (૩)
૧૯. ભીંડીના સાંઠા (જો.છૂ.) (૨)
૨૦. નકામા કાગળો / છાપાં (૨)
૨૩. વૈશાખ સુદ ત્રીજ (૪)
૨૫. મારી નાખવું તે (૨)
૨૬. વખાણથી ફૂલીને --- ના થવાય (૩)
૨૮. ત્રાસેલું (૨)
૨૯. દાળ સાથે ખાવા જોઇએ (૨)
૩૧. મહાભારતના પ્રખ્યાત મામા (૩)
૩૩. જરૂર હોય ત્યાં જ પૈસા વાપરવા (૫)
૩૪. વાણી (૨)

### ઊભી ચાવી

૧. મનની વાત જાણનાર (૫)
૨. પ્યાસી (૩)
૩. રિસાવું તે (૨)
૫. વેરણછેરણ (૬)
૬. હજ કરી આવનાર (૨)
૭. ઘરવપરાશની વસ્તુઓ (૪)
૯. અવકાશયાનમાં જનાર (૬)
૧૨. ---માંથી રોજ સવારે પાણી આવે (૨)
૧૩. મણિલાલ દેસાઇનો કાવ્યસંગ્રહ (૩)
૧૪. ઉકાળા, કાઢા (૨)
૧૭. એક નાનકડું માપ (૨)
૧૯. દાંત ના હોય તેવા (૨)
૨૧. અતિ અર્વાચીન (૫)
૨૨. કાબૂ, મર્યાદા, નિયમન (૪)
૨૩. ખૂબ, ઘણું (૨)
૨૪. જુલમ, માથાકૂટ (૨)
૨૭. ચીકણાશ, ચોળાચોળ (૨)
૨૯. વજન, બોજ (૨)
૩૦. મોકો (૨)
૩૨. ---માં હોય તો હવાડામાં આવે (૨)

## ગુજરાત મોરી મોરી રે

કથાકાર તરીકે પ્રસિદ્ધિ મેળવનાર તેમજ ધર્મગ્રંથોનો ગહન અભ્યાસ કરનારા શ્રી રમેશ ઓઝા કયા અન્ય નામથી પણ જાણીતા છે?

અ) મહારાજ　બ) ભાઈશ્રી
ક) મહોદય　ડ) તત્ત્વકાર

## માતૃભાષાની મહેક

ભજન એટલે ઈશ્વરસ્મરણ, સ્તુતિ, પ્રાર્થના, ભક્તિ, નામસ્મરણ. ભજન કરવા એટલે ઈશ્વરના ગુણ ગાવા, ઈશ્વરસ્મરણ કે સ્તવન કરવું. આનો એક અર્થ એક ને એક વાતનું રટણ કર્યા કરવું એવો પણ થાય છે. છાનામાના બેસી રહેવું, કંઈ કરવાનું રહ્યું નથી માટે નિવૃત્ત થઈ બેસી રહેવું માટે પણ આ પ્રયોગ વપરાય છે.

## ઈર્શાદ

*તમે સૂરજ થઈને ચમક્યાં,*
*અમે અંધારામાં ભટક્યા.*

--- સ્તવન

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'મિત્ર છો મારા તમે સૌથી કરીબના' પંક્તિમાં કરીબ શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) ગરીબ　બ) કાબેલ　ક) નજીક　ડ) કુશળ

## માઈન્ડ ગેમ

લંકેશ્વર, દશાનન રાવણ અન્ય નામથી પણ જાણીતા છે. આપેલા વિકલ્પોમાંથી તેમનું અન્ય નામ શોધી જણાવો.

અ) કેવલી　બ) ઈલા વેંધર
ક) અનંતજીત　ડ) બૃહસ્પતિ

## સુડોકુ-૯૦૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | | | ૮ | ૬ | ૨ | | ૪ |
| ૨ | | | | | | ૧ | | |
| | | | ૭ | | ૧ | ૫ | ૮ | |
| | ૧ | | | ૯ | ૩ | | ૫ | |
| | ૯ | | | ૬ | | | ૪ | |
| | ૩ | | ૪ | ૭ | | | ૧ | |
| | ૪ | ૯ | ૩ | | ૮ | | | |
| | | ૫ | | | | | | ૯ |
| ૮ | | ૩ | ૨ | ૫ | | | ૬ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૯ | ૬ | ૧ | ૮ | ૨ | ૪ | ૭ |
| ૮ | ૭ | ૧ | ૨ | ૯ | ૪ | ૫ | ૩ | ૬ |
| ૨ | ૪ | ૬ | ૭ | ૩ | ૫ | ૯ | ૧ | ૮ |
| ૫ | ૨ | ૪ | ૧ | ૭ | ૬ | ૩ | ૮ | ૯ |
| ૧ | ૬ | ૭ | ૩ | ૮ | ૯ | ૪ | ૫ | ૨ |
| ૯ | ૮ | ૩ | ૪ | ૫ | ૨ | ૬ | ૭ | ૧ |
| ૪ | ૧ | ૮ | ૯ | ૨ | ૩ | ૭ | ૬ | ૫ |
| ૬ | ૯ | ૫ | ૮ | ૪ | ૭ | ૧ | ૨ | ૩ |
| ૭ | ૩ | ૨ | ૫ | ૬ | ૧ | ૮ | ૯ | ૪ |

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઉધાર | CREDIT |
| ઉદાસ | DEJECTED |
| ઉમદા | EXCELLENT |
| ઉકળાટ | HEAT |
| ઉમળકો | AFFECTION |

ઓળખાણ પડી? કોલકાતા

માઈન્ડ ગેમ સંકટમોચન

ચતુર આપો જવાબ અર્થ જણાવો ઈલાજ

ગુજરાત મોરી મોરી રે અલંગ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નયના ભટ્ટ (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) લજિતા ખોના (૧૧) પુષ્પા પટેલ (૧૨) તાહેર ઔરંગાબાદવાલા (૧૩) શીરીન ઔરંદાબાદવાલા (૧૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) મીનળ કાપડિયા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નયના ગિરીશ મિસ્ત્રી (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) અલકા વાણી - સિડની (૨૬) પ્રવીણ વોરા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) મહેશ દોશી (૨૯) વિણા સંપટ (૩૦) ભાવના કર્વે (૩૧) અંજુ ટોલિયા (૩૨) પુષ્પા ખોના (૩૩) કિશોર બી. સંઘરાજકા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હિના દલાલ (૩૯) રમેશ દલાલ (૪૦) ડાયના સંતોકે (૪૧) સુરેશ ઉદેશી (૪૨) નિતિન જયંતિલાલ બજરિયા (૪૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૫) ધીરેન્દ્ર ઉદ્દેશી (૪૬) ગીતા ઉદ્દેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ડો. પ્રકાશ કકિયા (૪૯) અરવિંદ કામદાર

# પાંચ જુલાઈએ હવે વિરોધ મોરચો નહીં, વિજય મોરચોઃ ઉદ્ધવ ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પહેલાથી પાંચમા ધોરણના ત્રીજી ભાષા તરીકે હિન્દી ભાષાને ફરજિયાત રાખવાના જીઆરને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે રદ કરી નાખ્યા બાદ અગાઉ રાજ્ય સરકારના આ નિર્ણય વિરુદ્ધ શિવસેના નેતા (યુબીટી)ઉદ્ધવ ઠાકરેએ પાંચ જુલાઈના વિરોધ મોર્ચાનું આયોજન કર્યું હતું તેને હવે વિજયી મોર્ચામાં ફેરવી નાખવામાં આવશે એવું ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું.

રાજ્ય સરકારની જાહેરાત બાદ ઉદ્ધવ ઠાકરેએ પત્રકાર પરિષદ બોલાવીને એવી જાહેરાત કરી હતી કે સરકારે નમતું જોખ્યા પછી પાંચ તારીખે અમે જે વિરોધ મોર્ચો કાઢવાના હતા એની જગ્યાએ વિજય મોર્ચો,

(જુઓ પાનું ૪) ▸▸



**જીઆરની હોળીઃ** શિવસેના (યુબીટી)ના ઉદ્ધવ ઠાકરે અને અન્ય કાર્યકર્તાઓ દ્વારા રવિવારે હિન્દી 'લાદવા'નો પ્રયાસ સમાન જીઆર (સરકારી આદેશો)ની હોળી કરવામાં આવી હતી. (અમય ખરાડે)

# જીઆર રદ એટલે પાંચમી જુલાઈનો મોરચો રદઃ સંજય રાઉતનું ટ્વીટ

મુંબઈઃ હિન્દી ભાષાને શિક્ષણમાં ફરજિયાત કરવાના મુદ્દે સરકારે રવિવારે પીછેહઠ કરતાં પાંચમી જુલાઈનો મોરચો રદ કરવામાં આવ્યો હતો. હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત કરવાના વિરોધમાં શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથ અને મનસે દ્વારા પાંચમી જુલાઈએ મોરચાનું આયોજન કરાયું હતું. જોકે આ બાબતનો જીઆર રદ કરવામાં આવ્યો હોવાની જાહેરાત મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કરી હતી. હિન્દી ભાષા અંગે નિર્ણય લેવા માટે સમિતિ બનાવવામાં આવી છે અને એ સમિતિ અભ્યાસ કરીને અહેવાલ સોંપશે, એવી જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યા પછી ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે 'એક્સ' પર પોસ્ટ મૂકી હતી. હવે પાંચમી જુલાઈએ મોરચો કાઢવામાં નહીં આવે, એવી સ્પષ્ટતા રાઉતે પોસ્ટમાં કરી હતી. 'હિન્દી ફરજિયાતનો સરકારી આદેશ રદ! આ મરાઠી એકતાનો વિજય, ઠાકરે ભાઈઓ વચ્ચે યુતિનો ડર જોવા મળ્યો, પાંચમી જુલાઈએ મોરચો નહીં નીકળે, પણ... ઠાકરે જ બ્રાન્ડ! ફડણવીસે લીધેલો શાણપણભર્યો નિર્ણય,' એમ સંજય રાઉતે તેમની એક્સ પોસ્ટમાં જણાવ્યું છે. ■

# રાજ્યમાં સરેરાશ ૯૩.૬ ટકા વરસાદ

## પૂર્વ વિદર્ભ, મરાઠવાડામાં વરસાદનું પ્રમાણ ઓછું, રાજ્યમાં અત્યાર સુધી ૫૩ ટકા ખરીફ પાકની વાવણી પૂરી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં પૂર્વ વિદર્ભ અને મરાઠવાડને બાકાત કરતા જૂન મહિનાનો સરેરાશ વરસાદ મહિનો પૂરો થવાના બે દિવસ પહેલા જ નોંધાઈ ચૂક્યો છે. રાજ્યમાં જૂન મહિનામાં સરેરાશ ૨૦૮ મિ.મી. વરસાદ પડ્યો છે. શનિવાર ૨૮ જૂન સુધીમાં રાજ્યમાં ૯૩.૬ ટકા વરસાદ પડ્યો છે.

ચાર તાલુકામાં પચીસ ટકા કરતાં ઓછો વરસાદ નોંધાયો છે, જેમાં પચીસથી પચાસ ટકા વરસાદ પડેલા તાલુકાની સંખ્યા ૨૮ છે. તો ૭૫થી ૧૦૦ ટકા વરસાદ ૮૭ તાલુકામાં થયો હોઈ ૧૫૫ તાલુકામાં વરસાદે સરેરાશ ૧૦૦ ટકાથી વધુ હાજરી પુરાવી છે. કૃષિ વિભાગે આપેલા આંકડા મુજબ રાજ્યમાં અત્યાર સુધી ૭૬ લાખ ૩૧ હજાર હેક્ટર (૫૩ ટકા) ખરીફ પાકની વાવણી પૂરી થઈ છે. રાજ્યમાં જૂનના બીજા અઠવાડિયાથી વરસાદે ફરી હાજરી પુરાવી છે. અત્યાર સુધી કુલ ૨૧ દિવસ વરસાદ નોંધાયો છે. જૂન મહિનામાં રાજ્યમાં ૨૦૭.૬ મિ.મી. સરેરાશ વરસાદ પડ્યો છે. તે મુજબ અત્યાર સુધી ૧૯૪.૩ મિ.મી. એટલે કે ૯૩.૬ ટકા વરસાદ નોંધાયો છે. પૂર્વ વિદર્ભના વર્ધા, નાગપુર, ભંડારા, ગોંદિયા, ચંદ્રપુર અને ગઢચિરોલી આ જિલ્લામાં સરેરાશ ફક્ત ૬૧ ટકા વરસાદ પડ્યો છે. તો મરાઠવાડાના આઠ જિલ્લામાં ૮૩.૬ ટકા વરસાદ પડ્યો છે. રાજ્યમાં સૌથી વધુ વરસાદ પુણેમાં ૧૧૩ ટકા તો કોંકણ ડિવિઝનમાં ૧૦૨, નાશિક ડિવિઝનમાં ૧૦૧, અમરાવતી ડિવિઝનમાં ૧૦૮ ટકા વરસાદ નોંધાયો છે.

કૃષિ વિભાગે આપેલા આંકડા મુજબ ૨૮ જૂન સુધીમાં રાજ્યના

(જુઓ પાનું ૪) ▸▸

# હેં! હોય નહીં! સરકારી પેનલે જ ત્રિભાષા પદ્ધતિનો વિરોધ કર્યો

મુંબઈઃ મહારાષ્ટ્રમાં હિન્દી ફરજિયાત કરવાની કોશિશ સામે વિરોધ પક્ષોની ઝુંબેશ જોર પકડી રહી છે ત્યારે સરકાર દ્વારા નિયુક્ત સલાહકાર સમિતિએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પ્રાથમિક વર્ગોમાં ભાષા દાખલ કરવાના નિર્ણયને પાછો ખેંચવા ભારપૂર્વક જણાવ્યું છે.

મરાઠી ભાષા સાથે જોડાયેલી બાબતો પર સરકારને ભલામણ કરતી ભાષા સલાહકાર સમિતિએ શુક્રવારે એક ઠરાવ પસાર કરી ધોરણ ૫ પહેલા હિન્દી સહિત કોઈ ત્રીજી ભાષા શીખવવામાં ન આવે એવી માંગણી કરી હતી.

પુણેમાં યોજાયેલી એક બેઠક દરમિયાન આ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં સમિતિના ૨૭માંથી ૨૦ સભ્યો હાજર રહ્યા

(જુઓ પાનું ૪) ▸▸

# નવી મુંબઈમાં બાળકીને બાસ્કેટમાં મૂકી રસ્તા પર છોડી દીધીઃ પિતા પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી મુંબઈમાં ત્રણ દિવસની બાળકીને એક બાસ્કેટમાં મૂકી રસ્તા પર છોડી દેવાના કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ૨૪ કલાકમાં જ બાળકીના પિતાને શોધી કાઢ્યો હતો. બાસ્કેટમાંથી પોલીસે મળી આવેલી ચિઠ્ઠીમાં નબળી આર્થિક સ્થિતિને કારણે બાળકીનું ભરણપોષણ શક્ય ન હોવાનું લખીને માફી પણ માગવામાં આવી હતી.

નવી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડેલા બાળકીના પિતાની ઓળખ અમાન ઈકબાલ કોંડકર તરીકે થઈ હતી. ભિવંડીમાં રહેતા કોંડકરને વધુ કાર્યવાહી માટે પનવેલ શહેર પોલીસના તાબામાં સોંપાયો હતો. બાળકીની માતાને પણ નોટિસ બજાવવામાં આવી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ નવી મુંબઈના પનવેલ ખાતેની તક્કા કોલોની નજીક મોરાજ રેસિડેન્સી પાર્ક પાસેના રસ્તા પર એક બાસ્કેટમાંથી શનિવારે ત્રણ દિવસની બાળકી મળી આવી હતી. બાળકીના શરીર પર નવાં કપડાં હતાં અને બાસ્કેટમાં ઈંગ્લિશમાં લખેલી ચિઠ્ઠી હતી. રાહદારીની નજર બાસ્કેટમાંની બાળકી પર પડતાં પોલીસને જાણ કરાઈ હતી.

પનવેલ શહેર પોલીસે તાત્કાલિક બાળકીને તાબામાં લઈ અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. બાળકીને અલીબાગના ઘોડિયાઘરમાં રાખવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

બાસ્કેટમાંથી મળેલી ચિઠ્ઠીમાં વડીલોએ દાવો કર્યો હતો કે તેમની આર્થિક સ્થિતિ નબળી છે, જેને કારણે બાળકીનો ઉછેર કરવો તેમના માટે શક્ય નથી. ચિઠ્ઠીમાં 'સૉરી' પણ લખ્યું હતું. આ બાબતને ગંભીરતાથી લઈ ક્રાઈમ બ્રાન્ચે સમાંતર તપાસ હાથ ધરી હતી.

બાળકીને જ્યાં છોડવામાં આવી તેની આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પોલીસે તપાસ્યાં હતાં. ફૂટેજમાં પોલીસને શંકાસ્પદ વાહન નજરે પડ્યું હતું. એ વાહનમાં જ બાળકીને લાવવામાં આવી હોવાની શક્યતાને પગલે પોલીસે વાહનને ટ્રેસ કર્યું હતું. વાહનની તપાસમાં પોલીસ કોંડકર સુધી પહોંચી હતી.

પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે અપરિણીત યુવતીને બાળકી જન્મી હોવાથી તેને ત્યજી દેવાનું નક્કી કરાયું હતું. બાળકી યોગ્ય હાથોમાં જશે એ ઇરાદે મહિલાઓના અનાથાશ્રમ નજીક છોડવામાં આવી હતી. ■



**આલા ગોવિંદાઃ** પ્રો ગોવિંદા લીગના સ્પર્ધકો દ્વારા રવિવારે થાણેમાં પિરામિડ તૈયાર કરવામાં આવ્યો હતો. (એજન્સી)

# મહારાષ્ટ્ર સરકારને અપ્રમાણિક ગણાવી વિપક્ષોનો હાઈ ટી કાર્યક્રમનો બહિષ્કાર




**વિપક્ષોનો બહિષ્કારઃ** મહારાષ્ટ્ર વિધાનસભાના વિપક્ષ દ્વારા રવિવારે ચા-પાન પહેલાં સંયુક્ત પત્રકાર પરિષદ બોલાવીને ચા-પાનનો બહિષ્કાર કરવાની જાહેરાત કરવામાં આવી હતી. (અમય ખરાડે)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિરોધ પક્ષોએ રવિવારે વિધાનસભાના ચોમાસુ સત્રની પૂર્વ સંધ્યાએ રાજ્ય સરકારના પરંપરાગત હાઈ ટી કાર્યક્રમનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. વિરોધ પક્ષો દ્વારા પ્રચંડ ભ્રષ્ટાચાર, ખોટી નીતિઓ અને ભંડોળના દુરુપયોગનો હવાલો આપવામાં આવ્યો હતો.

આ બાબતે પુષ્ટિ કરતાં વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા શિવસેના (યુબીટી)ના અંબાદાસ દાનવેએ જણાવ્યું હતું કે બહિષ્કાર એ 'અપ્રમાણિક સરકાર' સામેના વિરોધનું પ્રતીક છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે 'શક્તિપીઠ એક્સપ્રેસ વેના

(જુઓ પાનું ૪) ▸▸

# લોનાવાલાના એકવીરા મંદિરમાં ૭ જુલાઈથી દર્શનાર્થીઓ માટે ડ્રેસ કોડ

થાણેઃ દેશના અને મહારાષ્ટ્રનાં ઘણાં મંદિરોએ છેલ્લાં કેટલાંક વર્ષોમાં મુલાકાતીઓ માટે ડ્રેસ કોડ લાદ્યા છે. હવે, મહારાષ્ટ્રના લોનાવાલામાં એકવીરા આઈ મંદિરનું સંચાલન કરતું ટ્રસ્ટ ૭ જુલાઈથી શ્રદ્ધાળુઓ માટે ડ્રેસ કોડ લાગુ કરશે, જેમાં પશ્ચિમી પોશાક અને ખુલ્લા કપડાં પહેરવા પર પ્રતિબંધ મૂકવામાં આવશે. કાર્લા એકવીરા આઈ ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી અને સાંસદ સુરેશ મ્હાત્રેના કાર્યાલય તરફથી મળેલી એક યાદી મુજબ, શુક્રવારે મંદિરના ટ્રસ્ટી મંડળની બેઠક દરમિયાન ડ્રેસ કોડ અંગે એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.કાર્લામાં એકવીરા મંદિર લાખો લોકો માટે, ખાસ કરીને આગરી અને કોળી સમુદાયના લોકો માટે શ્રદ્ધાનું સ્થળ છે. ખુલ્લા અને અયોગ્ય કપડાં પહેરીને આવતા ભક્તો દ્વારા મંદિરની પવિત્રતા

(જુઓ પાનું ૪) ▸▸

# એમવીએ સરકારે નીતિ નહોતી અપનાવીઃ કૉંગ્રેસ

મુંબઈઃ ભાજપના નેતૃત્વવાળી મહારાષ્ટ્ર સરકારના કથિત 'મરાઠી વિરોધી' અભિયાન સામે થયેલા લોકોના વિરોધ અને રોષને નબળા પાડવા અને હિન્દી લાદવા માટે દબાણ કરવા ખોટું પ્રચાર અભિયાન શરૂ કરવાનો આરોપ કૉંગ્રેસનાં સંસદ સભ્ય વર્ષા ગાયકવાડે રવિવારે કર્યો હતો. કૉંગ્રેસ સહભાગી હતો અગાઉની ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહા

(જુઓ પાનું ૪) ▸▸

# જાલનાની હૉસ્પિટલમાં બેદરકારીની સીમા પાર

## સગર્ભાના પેટ પર મેડિકલ જેલીના બદલે એસિડ લગાવ્યું

જાલનાઃ જાલના જિલ્લાની સરકારી હોસ્પિટલમાં એક આશ્ચર્યજનક ઘટના સામે આવી છે જેમાં સગર્ભા મહિલાના પેટ પર મેડિકલ જેલી લગાવવાના બદલે હાઇડ્રોલિક એસિડ લગાવવામાં આવ્યું હતું. આ ઘટના બાદ પ્રશાસન દ્વારા તપાસનો આદેશ આપવામાં આવ્યો છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

ભોકરદનની સરકારી ગ્રામીણ હોસ્પિટલમાં બનેલી આ ઘટનામાં મહિલા ગંભીર રીતે દાઝી ગઇ હતી, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ખાપરખેડા ગામમાં રહેતી શીલા ભાલેરાવ પ્રસૂતિ માટે હોસ્પિટલમાં દાખલ થઇ હતી ત્યારે નર્સે ભૂલમાં મેડિકલ જેલીના બદલે તેના પેટ પર હાઇડ્રોલિક એસિડનો ઉપયોગ કર્યો હતો. આ ઘટનામાં શીલા ગંભીર રીતે દાઝી ગઇ હતી અને તેના પેટ પર જખમ થઇ ગયું હતું. આટલી મોટી ભૂલ થવા છતાં શીલાએ સ્વસ્થ બાળકને જન્મ આપ્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

# એલાર્મ અને ચેઇન પુલિંગનો દુરુપયોગ ન કરો, મધ્ય રેલવેની મુસાફરોને અપીલ

## ટ્રેનો મોડી પડવા પાછળ નજીવા કારણસરનું ચેઇન પુલિંગ પણ છે

મધ્ય રેલવેમાં વિવિધ કારણોસર લોકલ ટ્રેન અને બહારગામની ટ્રેનોના રોજ ધાંધિયા હોય છે. કામ-ધંધા માટે રોજિંદા મુસાફરી કરનારા આ સમસ્યાથી ત્રસ્ત થઇ ગયા છે. ત્યારે એવું જાણવા મળ્યું છે કે એલાર્મ ચેઇન પુલિંગના કારણે અટકી પડતી ટ્રેનોનો સમયપત્રક ખોરવવામાં મોટો ફાળો છે. તાજેતરમાં એવું જોવા મળ્યું છે કે ઘણા એલાર્મ ચેઇન પુલિંગ (અઈઙ) કેસ વિવિધ કારણોસર બને છે જેના માટે રેલવે કાયદા મુજબ કેસ નોંધવામાં આવે છે. કારણોમાં આકસ્મિક રીતે અઈઙ ચેઇન ખેંચાઈ જવી, સમયસર ટ્રેનમાં ચઢી ન શકવું, મોબાઈલ ફોન પડી જવો અને અન્ય બિનજરૂરી કારણોનો સમાવેશ થાય છે. તેને કારણે તે ટ્રેન તો મોડી પડે જ છે, પરંતુ અન્ય ટ્રેનોનું સમયપત્રક પણ ખોરવાય છે. રેલવેએ આ વાતની નોંધ લેતા જણાવ્યું છે કે, રેલવેએ ફક્ત કટોકટીના હેતુ માટે ઉપનગરીય અને મેઇલ/એક્સપ્રેસ ટ્રેનોમાં એલાર્મ ચેઇન પુલિંગ (અઈઙ) વિકલ્પ ઉપલબ્ધ કરાવ્યો છે.

૦૧.૦૬.૨૦૨૫ થી ૧૯.૦૬.૨૦૨૫ ના સમયગાળા દરમિયાન, મધ્ય રેલવે પર ૧૫૦ ટ્રેનો અઈઙને કારણે ૧૦-૧૫ મિનિટ માટે મોડી પડી હતી, જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળા દરમિયાન ૯૮ ટ્રેનો ફસાઈ ગઈ હતી. આ આંકડા ૫૩% નો મોટો વધારો દર્શાવે છે અને તેની પાછળ

(જુઓ પાનું ૪) ▸▸

# જોગેશ્વરીમાં ગોડાઉનમાં ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જોગેશ્વરી (પશ્ચિમ)ના ઓશિવરામાં આવેલા આદર્શ નગરમાં વહેલી સવારના કમર્શિયલ ગોડાઉનમાં આગ ફાટી નીકળી હતી. આગ એટલી ભીષણ હતી કે દૂર દૂર સુધી કાળાં ધુમાડા નજરે પડી રહ્યા હતા.

સદ્‌નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ઓશિવરામાં ન્યુ લિંક રોડ પર આદર્શ નગરમાં કપડાંનું ગોડાઉન આવેલું છે, જેમાં સવારના ૧૦ વાગ્યાની આસપાસ આ ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી.

આગની જાણ થતા જ ફાયરબ્રિગેડની છ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ અહીંથી શૂટિંગ માટે ભાડા પર કપડા આપવામાં આવતા હતા. ગોડાઉનમાં મોટા પ્રમાણમાં કપડાં, લાકડાનું ફર્નિચર, વાયરિંગ સહિત જ્વલનશિલ પદાર્થનો મોટો જથ્થો હોવાથી આગ ઝડપભેર ફેલાઈ ગઈ હતી અને દૂર દૂર સુધી કાળા ધુમાડા દેખાઈ રહ્યા હતા.

આગને આજુબાજુની દુકાનમાં ફેલાતી રોકવા માટે ફાયરબ્રિગેડે ઝડપભેર કામગીરી હાથ ધરી હતી અને ભારે જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં એસીમાં થયેલા શોર્ટસર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

# રાજકારણમાં આગળ વધવા નારાયણ રાણે 'હત્યા'માં સામેલ થયા, જેલમાં ગયા? : ભરત ગોગાવલે

સિંધુદુર્ગઃ મહારાષ્ટ્ર શિવસેનાના પ્રધાન ભરત ગોગાવલેએ એક વિવાદાસ્પદ દાવો કર્યો છે કે ભાજપના સાંસદ અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી નારાયણ રાણે તેમના વર્તમાન કદ સુધી એટલી સરળતાથી પહોંચ્યા નથી. તેમણે અનેક ફોજદારી કેસોનો સામનો કર્યો, જેલમાં ગયા, તથા અનેક ઝઘડા અને 'હત્યા' માં સામેલ થયા.

આ ટિપ્પણીનો જવાબ આપતા, નારાયણ રાણેના પુત્ર અને રાજ્યના ભાજપ પ્રધાન નિતેશ રાણેએ રવિવારે કહ્યું કે તેમના પિતા સામે કોઈપણ હત્યા સંબંધિત કોઈ પોલીસ રેકોર્ડ નથી અને તેઓ ગોગાવલેને મળશે અને ચોક્કસ તથ્યોની 'તેમની સમજણ' વિસ્તૃત કરશે.

શનિવારે સિંધુદુર્ગમાં એક કાર્યક્રમમાં એક સભાને સંબોધતા, ગોગાવલેએ કહ્યું, ''આજે જિલ્લામાં નિલેશ રાણેના રૂપમાં આપણને શક્તિ મળી છે. અમારા (શિવસેનાના સાવંતવાડીના ધારાસભ્ય) દીપક કેસરકર સાહેબ ઝઘડામાં માનતા નથી. જો કોઈ શિવસૈનિક હંગામો ન કરે, તો તે શિવસૈનિક નથી.'' તેમણે આગળ ઉમેર્યું હતું કે, એક સમયે મહારાષ્ટ્રમાં, રાણે અને અન્ય ઘણા નેતાઓ આ સ્તરે પહોંચવા પોતાના પર કેસનો સામનો કર્યો, હંગામા કર્યા, જેલમાં ગયા, ઝઘડા કર્યા, હત્યા કરી... બધું જ થયું.

નારાયણ રાણે હાલમાં રત્નાગિરિ-સિંધુદુર્ગ મતવિસ્તારથી લોકસભા સભ્ય છે. તેમણે રાજ્યના માલવણ અને કુડાળ વિધાનસભા મતવિસ્તારનું પણ પ્રતિનિધિત્વ કર્યું હતું. ૧૯૯૧માં સિંધુદુર્ગ કૉંગ્રેસના કાર્યકર્તા શ્રીધર નાઈકની હત્યાના કેસમાં તેમના પર કેસ દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં તેમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

(જુઓ પાનું ૪) ▸▸



**જય જગન્નાથઃ** મહારાષ્ટ્રના પુણેમાં ઈસ્કોન દ્વારા જગન્નાથ રથયાત્રાનું રવિવારે આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. (એજન્સી)

# 'ડિજિટલ અરેસ્ટ'ને નામે વૃદ્ધા પાસેથી ₹ ૩ કરોડ પડાવ્યાઃ ૩ વેપારીની ધરપકડ

થાણેઃ 'ડિજિટલ અરેસ્ટ'માં રાખીને થાણેની વૃદ્ધા પાસેથી ત્રણ કરોડથી વધુ રૂપિયા પડાવવાના કેસમાં પોલીસે ઈન્ટરનૅશનલ ફ્રોડ સિન્ડિકેટ સાથે કથિત રીતે સંકળાયેલા ત્રણ વેપારીની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીઓની ઓળખ કિશોર બંસીલાલ જૈન (૬૩), મહેશ પવન કોઠારી (૩૬) અને ધવલ સંતોષ ભાલેરાવ (૨૬) તરીકે થઈ હતી. આરોપી જૈન એક કો-ઑપરેટિવ ક્રેડિટ સોસાયટીનો ચૅરમૅન છે તો કોઠારી ગાર્મેન્ટ અને ઈમિટેશન જ્વેલરીના વ્યવસાય સાથે સંકળાયેલો છે, જ્યારે ભાલેરાવ કૉસ્મેટિક્સના વ્યવસાયમાં હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ ફરિયાદ અનુસાર આરોપીએ કુરિયર કંપનીના કર્મચારીના સ્વાંગમાં થાણેની ૬૧ વર્ષની ફરિયાદીને ૧૩ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ કૉલ કર્યો હતો. ફરિયાદીના નામના પાર્સલમાંથી લૅપટોપ, ૧૪૦ ગ્રામ એમડી ડ્રગ્સ, થાઈ પાસપોર્ટ, ત્રણ ક્રેડિટ કાર્ડ અને ચાર કિલો વજનનાં કપડાં જપ્ત કરવામાં આવ્યાં હોવાનું શખસે કહ્યું હતું. બાદમાં સીબીઆઈ અધિકારીને નામે બીજા નંબર પરથી ફરિયાદીને કૉલ આવ્યો હતો. બનાવટી દસ્તાવેજો બતાવીને આરોપીએ ડિજિટલ અરેસ્ટને નામે ફરિયાદી પાસેથી નાણાં પડાવ્યાં હતાં. (પીટીઆઈ) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સેક્ટરલ સ્ટ્રેટેજીમાં થીમેટિક એફઓએફે સ્ટેન્ડઅલોન ફંડને ૯૦૦ પોઇન્ટથી માત કર્યા

મુંબઇઃ શેરબજારમાં તાજેતરમાં ઇરાન અને ઇઝરાયલના યુદ્ધ તેમ જ ઇરાન પર યુએસના હુમલા પછી થીમેટિક ઇન્વેસ્ટમેન્ટની ચર્ચા ચગડોળે ચઢી છે. હાલ તો શેરબજારની ગાડી પાટે દેખાય છે, પરંતુ સવાલ એ છે કે શું એક જ થીમ પર કેન્દ્રિત દાવ વિવિધ ક્ષેત્રીય થીમ્સની તુલનામાં વધુ વળતર આપે તેવી શક્યતા છે? આ સંદર્ભેના અભ્યાસમાં એવું જાણવા મળ્યું છે કે, થીમેટિક અથવા ક્ષેત્રીય ફંડ્સનો સમાવેશ કરતી ફંડ-ઓફ-ફન્ડ્સ સ્કીમ ઘણીવાર સ્ટેન્ડઅલોન ક્ષેત્રીય વ્યૂહરચનાઓ કરતાં વધુ સારી કામગીરી બજાવે છે. પાછલા પાંચ વર્ષોમાં, આવા ઓફઓએફે ઘણા શુદ્ધ સેક્ટરલ ઇન્ડેક્સને લગભગ ૧૦૦થી ૯૦૦ બેસિસ પોઈન્ટ્સથી માત આપી છે. એક થીમેટિક એફઓએફ વિવિધ ક્ષેત્રલક્ષી ભંડોળમાં રોકાણ કરે છે, પ્રવર્તમાન મેક્રો-આર્થિક વલણોના આધારે દરેકને અલગ અલગ વેઇટેજ આપે છે. આ રોકાણકારોને બહુવિધ થીમ્સમાં ઉભરતી તકો માટે વૈવિધ્યસભર એક્સપોઝર હાંસલ કરવાનો અવકાશ આપે છે, જેમાં નાણાકીય સેવાઓ, ફાર્માસ્યુટિકલ્સ, કન્ઝમ્પશન, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી અથવા એફએમસીજી જેવા સેક્ટરનો સમાવેશ હોઇ શકે છે.

ફંડ મેનેજરો જીડીપી વૃદ્ધિ, રાજકોષીય અને ચાલુ ખાતાની ખાધ અને વ્યાપક બજાર સંકેતો જેવા મુખ્ય મેક્રો-આર્થિક સૂચકાંકોના આધારે યોગ્ય ફાળવણી નક્કી કરે છે, એવી માહિતી આપતાં વેજાની એન્ડ કંપનીના એકતા ચિરાગ વેજાની ઉદાહરણ ટાંકતા કહે છે કે, અર્થતંત્રના વિસ્તરણ તબક્કા દરમિયાન, ફંડ નાણાકીય સેવાઓમાં તેના સંપર્કમાં વધારો કરી શકે છે. નિર્ણાયક રીતે ક્ષેત્ર ફાળવણી પણ મૂલ્યાંકન મેટ્રિક્સ દ્વારા સંચાલિત થાય છે. લાંબા ગાળાના સરેરાશ અને વ્યાપક બજારના સંબંધિત મૂલ્યાંકન બંને દ્રષ્ટિએ - સંતુલિત અને શિસ્તબદ્ધ અભિગમ સુનિશ્ચિત કરે છે.

# લાર્જકેપ શેરોમાં રોકાણકારો કમાયા, નાના શેરોમાં પૈસા ગુમાવ્યા

મુંબઇઃ ૨૦૨૫ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં સ્મોલ અને મિડકેપ ઇન્ડેક્સ તેમના અગ્રણી સમકક્ષો કરતાં નબળું પ્રદર્શન કર્યું છે. સુચિત સમય દરમિયાન બીએસઈ સ્મોલકેપમાં ૧.૭ ટકા અને બીએસઈ મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૨ ટકાનો ઘટાડો થયો છે. તેની તુલનામાં, આ સમયગાળા દરમિયાન સેન્સેક્સ અને નિફ્ટીમાં ૮-૮ ટકાનો વધારો થયો છે.

વિશ્લેષકો કહે છે કે ડિસેમ્બર ૨૦૨૪ના ત્રિમાસિક ગાળામાં યુએસ ટેરિફ ડર, ભૂ-રાજકીય ચિંતાઓ અને નબળી કોર્પોરેટ કમાણીને કારણે પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં સ્મોલ અને મિડકેપ્સનું પ્રદર્શન નબળું રહ્યું હતું. આના કારણે રોકાણકારો લાર્જકેપ તરફ વળ્યા હતા, જેને સલામત માનવામાં આવે છે. અસ્થિર બજારોમાં પણ મોટાભાગે લાર્જકેપ્સને સલામત શેર માનવામાં આવે છે. બજારના વિશ્લેષકોએ જણાવ્યું હતું કે માર્ચ ક્વાર્ટરના કમાણી અને ત્યારબાદની ટિપ્પણીઓએ થોડો વિશ્વાસ જગાડયો છે અને રોકાણકારો આગામી કેટલાક મહિનાઓ માટે સ્મોલ અને મિડકેપ્સ શેરો પર નજર રાખશે. નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં, બીએસઈ મિડકેપ, બીએસઈ સ્મોલકેપ, નિફ્ટી મિડકેપ ૧૦૦ અને સ્મોલકેપ ૧૦૦ સૂચકાંકોએ ૧૨થી ૧૮ ટકાની રેન્જમાં પ્રભાવશાળી દ્વીઅંકીના વળતર સાથે બજાર કરતાં વધુ સારો દેખાવ કર્યો હતો. તેની તુલનામાં, સેન્સેક્સ અને નિફ્ટી ૫૦ સૂચકાંક અનુક્રમે ૮.૬ અને ૯ ટકા વધ્યા હતા. માર્ચ ૨૦૨૫ ક્વાર્ટરની કમાણીની સીઝન અને ટિપ્પણીઓ મોટાભાગના મિડ-એન્ડ સ્મોલકેપ્સ માટે સારી હતી. આનું કારણ એ છે કે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ પણ આ સેગમેન્ટના શેરોમાં રોકાણ કર્યું હતું. જો કે, હવે શેરોની પસંદગી પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન મિડ અને સ્મોલકેપ ઇન્ડેક્સના ૫૦૧ શેરોના બજાર મૂલ્યમાં ૧૮ ટકાથી વધુનો વધારો થયો છે. તેમાંથી ૭૫ શેરોમાં ૫૦ ટકાથી વધુનો વધારો થયો છે.

# રેપો રેટમાં ઘટાડા છતાં બેન્કો ધિરાણ વધારવામાં નિષ્ફળ

મુંબઈ : ૧૩ જૂને પૂરા થયેલા પખવાડિયામાં દેશના બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિની સરખામણીએ થાપણ વૃદ્ધિ વધુ જોવા મળી છે. રેપો રેટમાં કરાયેલા ઘટાડા છતાં ધિરાણમાં વધારો નહીં થયો હોવાનું ધ્યાનમાં રાખી નાણાં પ્રધાન નિર્મલા સીતારામને ધિરાણ વધારવા બેન્કોને સૂચન કર્યું છે.

ઉક્ત પખવાડિયામાં થાપણ વૃદ્ધિનો દર વાર્ષિક ધોરણે ૧૦.૪૦ ટકા રહ્યો હતો જ્યારે થાપણ વૃદ્ધિનો દર ૯.૬૦ ટકા રહ્યો હતો. વર્તમાન વર્ષના મે મહિનાથી ધિરાણમાં એક અંકી વૃદ્ધિ જોવા મળી રહી છે. ધિરાણ કરતા થાપણ વૃદ્ધિ ઊંચી રહેતા થાપણથી ધિરાણનું પ્રમાણ ઘટી ૭૭.૮૦ ટકા રહ્યું હતું જે એક વર્ષ અગાઉ ૭૯.૪૦ ટકા રહ્યું હતું.

દરમિયાન રિઝર્વ બેન્કે રેપો રેટમાં કરેલા ઘટાડાને ધ્યાનમાં રાખી નાણાં પ્રધાન નિર્મલા સીતારામને બેન્કોને ધિરાણ વધારવા પ્રયાસો કરવા સૂચના આપી હતી. જાહેર ક્ષેત્રની બેન્કોની કામગીરીની શુક્રવારે યોજાયેલી સમીક્ષા બેઠક વખતે નાણાં પ્રધાન તરફથી આ સૂચના અપાઈ હોવાનું નાણાં મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું.

૩૦મી મેના પખવાડિયામાં બેન્કોની ધિરાણ વૃદ્ધિ ૮.૯૭ ટકા સાથે ત્રણ વર્ષની નીચી સપાટીએ રહ્યા બાદ તે સતત એક અંકમાં જ જોવા મળી રહી છે. વર્તમાન વર્ષના ફેબ્રુઆરીથી રિઝર્વ બેન્કે રેપો રેટમાં એકંદરે એક ટકો ઘટાડો કર્યો છે. એટલું જ નહીં નાણાં વ્યવસ્થામાં ભરપૂર લિક્વિડિટી પણ પૂરી પાડવામાં આવી છે. ઊભરી રહેલા વ્યવસાયીક ક્ષેત્રોને ઓળખી કાઢવા તથા ઉત્પાદન ક્ષેત્રમાં કોર્પોરેટ ધિરાણ વધારવા પર નાણાં પ્રધાને ભાર મૂક્યો હતો. હાલમાં રેપો રેટ ૫.૫૦ ટકા છે અને વર્તમાન સપ્તાહમાં નાણાં વ્યવસ્થામાં રૂ. ૨.૭૧ ટ્રિલિયનની વધારાની લિક્વિડિટી રહી હતી.

# ભારતીય શૅરબજારમાં વિદેશી ફંડોએ પાંચ દિવસમાં ઠાલવ્યું ₹ ૧૩,000 કરોડથી વધુ ભંડોળ

મુંબઈ : વિદેશી ફંડો ફરી ભારત માટે બુલીશ બની રહ્યા છે. સમાપ્ત થયેલા સપ્તાહમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)એ ભારતીય ઈક્વિટીસમાં નેટ રૂપિયા ૧૩૧૦૭.૫૪ કરોડ ઠાલવ્યા હોવાનું ઉપલબ્ધ ડેટામાં જણાવાયું છે.

બજારના સાધનો અનુસાર જંગી ઈન્ફ્લોસને જોતા ભારતીય બજારમાં રોકાણકારોનો વિશ્વાસ વધી રહ્યાનું કહી શકાય એમ છે. સંપૂર્ણ જૂન મહિનામાં એફપીઆઈનું કુલ નેટ ઈન્વેસ્ટમેન્ટ રૂપિયા ૮૯૧૫ કરોડ રહ્યું છે. વૈશ્વિક ભૌગોલિકરાજકીય તાણમાં ઘટાડો તથા ભારતની સાનુકૂળ આર્થિક સ્થિતિ વિદેશી રોકાણકારોને આકર્ષી રહી છે એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું. આ ઉપરાંત માર્કેટ રેગ્યુલેટર સેબી પણ એફઆઇઆઇ માટેના નિયમો સરળ બનાવી રહી છે.

દેશના અર્થતંત્રને વધુ ગતિ આપવા રિઝર્વ બેન્કે વર્તમાન મહિનાના પ્રારંભમાં વ્યાજ દરમાં અડધા ટકાનો ઘટાડો કર્યો છે. આ ઉપરાંત ઘરઆંગણે ફુગાવો નબળો પડી રહ્યો છે. વૈશ્વિક સ્થિરતા, નીતિવિષયક ટેકા અને મજબૂત બૃહદઆર્થિક ઈન્ડીકેટર્સે વિદેશી રોકાણકારો માટે ભારતને પસંદગીનું મથક બનાવ્યું છે.

# ૨૪ આઇપીઓ દ્વારા ₹ ૯૫૦૦ કરોડની ઉઘરાણી

મુંબઇઃ ચાલુ મહિનામાં અત્યાર સુધીમાં ૨૪ કંપનીઓએ ભારતીય શેરબજારમાંથી સફળતાપૂર્વક રૂ. ૯,૫૨૫ કરોડ એકત્ર કર્યા છે. સેકન્ડરી માર્કેટમાં અફાતફડી છતાં પ્રાઇમરી માર્કેટમાં લોકોનો રસ જળવાયો હતો. નવા ઇશ્યૂમાં એસએમઇ સેગમેન્ટનું પ્રભુત્વ રહ્યું હતું, જે કુલ ઇશ્યૂના ૭૫ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે બાકીના ૨૫ ટકા મેઇનબોર્ડ સેગમેન્ટમાંથી આવ્યા હતા. આ સપ્તાહે સાતનવા આઇપીઓ આવી રહ્યા છે જ્યારે ૧૯ કંપનીઓ લિસ્ટિંગ મેળવશે.

ભારતના પ્રાથમિક બજારમાં જૂનમાં વધુ એક વ્યસ્ત મહિનો જોવા મળ્યો અને ૨૦૨૫ની શરૂઆતમાં જોવા મળેલી તેજી પાછી ફરી હોવાનું ચિત્ર ઊભું થયું છે. ફેબ્રુઆરી પછી શાંત રહેલી પ્રવૃત્તિએ મે મહિનામાં વેગ પકડ્યો હતો. શેરબજાર અને મૂડીબજાર પર અમેરિકાની ટેરિફ વોરને કારણે સર્જાયેલા તણાવ અને તેની તીવ્રતા હળવી થયા બાદ વિશ્વબજારના સેન્ટિમેન્ટ પર પડેલી અસરનું પ્રતિબિંબ જોવા મળ્યું હતું. પાછલા અઠવાડિયે પ્રાથમિક બજારમાં પ્રવૃત્તિનો ધસારો જોવા મળ્યો, જેમાં બહુવિધ મેઇનબોર્ડ અને એસએમઇ આઇપીઓ બજારમાં આવ્યા.

રિફાઇન્ડ કેસ્ટર ઓઇલ અને કેસ્ટર ડી-ઓઇલ કેકની મેન્યુફેક્ચરર, વંદન ફૂડ્સ લિમિટેડ ૩૦ જૂને ઈનિશિયલ પબ્લિક ઓફર લાવી રહી છે. શેરદીઠ કિમત રૂ. ૧૧૫ છે. આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી રકમનો ઉપયોગ ચોક્કસ કરજ ચુકવણી, ધિણોજ પ્લાન્ટના વિસ્તરણ માટે જરૂરી મૂડી ખર્ચને ભંડોળ પૂરૂં પાડવા, કાર્યકારી મૂડી જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુ માટે થશે. ભરણું બીજી જુલાઇએ બંધ થશે. એનએસડીએલ, જેએસડબલ્યુ સિમેન્ટ સહિત ૭૪ કંપનીઓને આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી છે.

# અમેરિકાની ટોચની સંસ્થા જીઆઇએનો જ્વેલરી ગ્રેડિંગમાં પ્રવેશ

મુંબઇઃ જેમોલોજિકલ ઇન્સ્ટિટયૂટ ઓફ અમેરિકા (જીઆઇએ) વર્ષના અંત સુધીમાં લેબગ્રોન ડાયમંડ માટેની ડિસ્ક્રિપ્શન સિસ્ટમ બંધ કરી રહી છે, ત્યારે બીજી તરફ જ્વેલરી ગ્રેડિંગ અને સર્ટિફિકેશન સર્વિસિસ સેગમેન્ટમાં પ્રવેશ કરી રહી છે. જીઆઇએ દ્વારા ટ્રેડર્સ અને ગ્રાહકોનો વિશ્વાસ વધારવા માટે ફિનિશ્ડ જ્વેલરી રિપોર્ટ અને કલર સ્ટોન રિપોર્ટ સર્વિસ પણ લાવી રહી છે.

જીઆઇએના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ પ્રિતેશ પટેલે જણાવ્યુ કે ભારત બીજી સૌથી મોટી કન્ઝ્યુમર માર્કેટ છે અને ગ્રાહકોની સુરક્ષા માટે આ કવાયત છે. જીઆઇએ ઇન્ડિયાએ તેની ફિનિશ્ડ જ્વેલરી રિપોર્ટ અને કલર સ્ટોન રિપોર્ટ સેવા શરૂ કરી છે, જેથી દાગીનાના ઘટકો વિશે માહિતી આપી શકાય, જેમાં ધાતુ, રત્ન, લાક્ષણિકતાઓ અને હાલની કોતરણીનો સમાવેશ થાય છે. આ પરીક્ષાઓ તેની રત્ન ઓળખ અને મોતી સેવાઓનો ભાગ છે અને દાગીનાના ટુકડાઓમાં રત્નોની રત્નોશાસ્ત્રીય તપાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ફિનિશ્ડ જ્વેલરી રિપોર્ટમાં વર્ણનમાં મેટલ વેરિફિકેશન અને ડી ટુ ઝેડ હીરાની ઓળખ, રંગ અને અંદાજિત કેરેટ વજન માટે રેન્જનો સમાવેશ થશે, જેમાં પહેલાથી જ અનમાઉન્ટેડ હીરા માટે જીઆઇએ રિપોર્ટ નથી. જ્વેલરી માટે ચોક્કસ ગ્રેડ રિપોર્ટ પર વિગતવાર દર્શાવવામાં આવશે.

અગાઉ જણાવ્યા અનુસાર આ વર્ષના અંતથી, જીઆઇએ લેબગ્રોન ડાયમંડ્ઝની ગુણવત્તા દર્શાવવા માટે વર્ણનાત્મક શબ્દોનો ઉપયોગ કરવાનું શરૂ કરશે અને જીઆઇએ દ્વારા કુદરતી હીરા માટે વિકસાવવામાં આવેલા રંગ અને સ્પષ્ટતા નામકરણનો ઉપયોગ કરશે નહીં.

જેમોલોજી તેમ જ હીરા તથા રત્નોના ગ્રેડિંગ અને વિશ્લેષણ, શિક્ષણ અને સંશોધનમાં વૈશ્વિક અગ્રણી સંસ્થાએ ઝડપથી વિકસતા વિશાળ ભારતીય રત્ન અને ઝવેરાત બજારમાં વિશાળ તકોનો લાભ લેવા માટે શ્રેણીબદ્ધ આયોજનો શરૂ કર્યા છે. સંસ્થાના ગ્લોબલ સીઇઓ અને પ્રેસિડેન્ટ સુઝેન જેક્સએ જણાવ્યું હતું કે ભારત સદીઓથી આ ક્ષેત્રે અગ્રેસર છે.

# એમએસએમઇના વિકાસ માટે 30 લાખ સીએને એઆઇ તાલીમ અપાશે

મુંબઇઃ લઘુ અને મધ્યમ કદના એકોમ (એમએસએમઇ)ના વિકાસને ટેકો આપવા માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઇન્સ્ટિટયૂટ ૨૦૪૭ સુધીમાં ૩૦ લાખ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ તાલીમ આપવાની યોજના હોવાનું એસીએઆઇના પ્રમુખ ચરણજોત સિંહ નંદાએ એમએસએમઇ અને સ્ટાર્ટઅપ કોન્ક્લેવ ૨૦૨૫માં જણાવ્યું હતું.

ભારતની ૧૪૦ કરોડ વસ્તીને સેવા આપતા ફક્ત પાંચ લાખ સીએ સાથેની વર્તમાન અછત અંગે તેમણે કહ્યું હતું કે, આપણે ૨૦૪૭ સુધીમાં ૩૦ લાખ સીએની જરૂર છે. આ માટે એક સમર્પિત એઆઇ સમિતિની સ્થાપી છે અને જુલાઈ ૨૦૨૪થી ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન એઆઇ એપ્લિકેશનમાં ૧૬,૦૦૦થી વધુ સીએને તાલીમ આપી છે.

ભારતનું એમએસએમઇ ક્ષેત્ર જીડીપીમાં આશરે ૩૦ ટકા યોગદાન આપે છે અને કુલ પ્રોડક્ટ ઉત્પાદનમાં ૪૫ ટકા હિસ્સો ધરાવે છે. એમએસએમઇ લગભગ પંદર કરોડ લોકોને રોજગારી આપે છે અને ભારતના લગભગ અડધી નિકાસ માટે આ ક્ષેત્ર ઉત્પાદન કરે છે, છતાં કુલ બેંક ક્રેડિટના માત્ર ૧૬ ટકા હિસ્સો મેળવે છે.

## સ્પોર્ટ્સ

# ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલ અમદાવાદમાં રાખો, એક લાખનું ક્રાઉડ મળશેઃ રવિ શાસ્ત્રી

નવી દિલ્હીઃ જેમ વન-ડેના પહેલા ત્રણેય વર્લ્ડ કપ (૧૯૭૫, ૧૯૭૯ અને ૧૯૮૩)ની ફાઇનલ ઇંગ્લૅન્ડમાં ક્રિકેટના મક્કા ગણાતા લૉર્ડ્સમાં રમાઈ હતી, પરંતુ ૧૯૮૩માં વર્લ્ડ ચૅમ્પિયન બનેલા ભારતમાંથી અવાજ ઊઠ્યો હતો અને ૧૯૮૭થી વિશ્વ કપના આયોજનને ઇંગ્લૅન્ડની બહાર લાવવાની માગણીમાં સફળતા મળી હતી એમ હવે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલની બાબતમાં બનવા જઈ રહ્યું છે અને એમાં રવિ શાસ્ત્રીએ પહેલ કરી છે. તેમણે હવે પછીની ડબ્લ્યૂટીસીની ફાઇનલ માટે અમદાવાદનું નામ સૂચવ્યું છે.

૧૯૮૩માં કપિલ દેવના સુકાનમાં ભારત વિશ્વ વિજેતા બન્યું ત્યાર બાદ ભારતીય ક્રિકેટ બોર્ડ, એ સમયના રાજકીય નેતા એનકેપી સાળવે વગેરેના સંનિષ્ઠ પ્રયાસોથી ૧૯૮૭નો વિશ્વ કપ ભારતમાં (પાકિસ્તાન પણ સંયુક્ત યજમાન હતું) યોજાયો હતો જે રિલાયન્સ વર્લ્ડ કપ તરીકે ઓળખાયો હતો જેમાં કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતેની ફાઇનલમાં ઇંગ્લૅન્ડને સાત રનથી હરાવીને ઑસ્ટ્રેલિયા પહેલી જ વાર વિશ્વ વિજેતા બન્યું હતું.

ઉલ્લેખનીય છે કે ડબ્લ્યૂટીસીની ૨૦૨૧ની સાલની પ્રથમ સીઝનની ફાઇનલ ઇંગ્લૅન્ડના ઓવલમાં, ૨૦૨૩ની બીજી સીઝનની ફાઇનલ ઇંગ્લૅન્ડના જ સાઉધમ્પ્ટનમાં અને ૨૦૨૫ની ત્રીજી સીઝનની ફાઇનલ ઇંગ્લૅન્ડના જ લૉર્ડ્સમાં રમાઈ હતી. કહેવાય છે ને કે 'ઇતિહાસનું હંમેશાં એક યા બીજી રીતે પુનરાવર્તન થતું જ હોય છે.' વન-ડેના પહેલા ત્રણેય વર્લ્ડ કપની ફાઇનલ ઇંગ્લૅન્ડમાં (લૉર્ડ્સમાં) રમાયા બાદ હવે છેલ્લા છ વર્ષ દરમ્યાન ડબ્લ્યૂટીસીની પહેલી ત્રણેય સીઝનની ફાઇનલ પણ ઇંગ્લૅન્ડમાં જ રમાઈ. જોકે ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન અને ભૂતપૂર્વ હેડ-કોચ રવિ શાસ્ત્રીનું એવું કહેવું છે કે 'ઇંગ્લૅન્ડમાં કોઈ પણ મોટી સ્પર્ધાની ફાઇનલ રાખવામાં આવે તો ક્રિકેટના વિકાસમાં ઘણી મદદ મળે એ વાતનો કોઈ ઇનકાર ન કરી શકે, પણ હવે પછીની (૨૦૨૭ની સાલની) ડબ્લ્યૂટીસીની ફાઇનલ ભારતમાં કે ઑસ્ટ્રેલિયામાં યોજી શકાય.

રવિ શાસ્ત્રીનું એવું પણ કહેવું છે કે 'લૉર્ડ્સ આઇકૉનિક સ્ટેડિયમ ખરું અને ખૂબ લોકપ્રિય પણ છે, પરંતુ ત્યાં કંઈ ૧,૦૦,૦૦૦ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ નથી. જોકે અમદાવાદમાં ૧,૦૦,૦૦૦થી પણ વધુ પ્રેક્ષકો બેસી શકે એટલી જગ્યા છે. હવે પછીની ડબ્લ્યૂટીસીની ફાઇનલ અમદાવાદમાં રાખવી જોઈએ. ત્યાં આઇસીસીને આ ફાઇનલ માટે બહુ મોટું ક્રાઉડ મળશે. ઑસ્ટ્રેલિયાનું મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી) પણ સારું છે, ત્યાં પણ ફાઇનલ રાખી શકાય.'

ખાસ ઉલ્લેખનીય છે કે આઇસીસીએ ૨૦૨૭ની ડબ્લ્યૂટીસીની ફાઇનલનું સ્થળ થોડા મહિના પહેલાં જ નક્કી કરી લીધું હતું. ૨૦૨૭ની ફાઇનલ પણ લૉર્ડસમાં રાખવાની આઇસીસીની યોજના છે. બીસીસીઆઇએ આ ફાઇનલનું યજમાનપદ લેવા માટે પ્રયાસ કર્યો હતો, પણ તટસ્થ ટેસ્ટ મૅચોને સતત સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને એ માટે જ ઇંગ્લૅન્ડની તરફેણ કરવામાં આવી રહી છે. રવિ શાસ્ત્રીનું કહેવું છે કે ભવિષ્યની ડબ્લ્યૂટીસીની કોઈ ફાઇનલ માટે પણ અમદાવાદને અગ્રતા આપી શકાશે.

# પંત સારું સમરસૉલ્ટ કરે છે, પણ એવું કરવાની જરૂર નથીઃ ડૉ. પારડીવાલા



મુંબઈઃ ડિસેમ્બર, ૨૦૨૨માં વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંતને ગંભીર કાર-અકસ્માત નડ્યો ત્યાર બાદ તેનો જાન બચી ગયા પછી તેના ઘૂંટણની સફળ સર્જરી કરીને તેને ક્રિકેટ-કરીઅર સજીવન કરાવી આપવામાં મોટી ભૂમિકા ભજવનાર મુંબઈના જાણીતા ઑર્થોપેડિક સર્જ્યન ડૉ. દિનશા પારડીવાલાનું માનવું છે કે સેન્ચુરી પછીનું પંતનું સમરસૉલ્ટ સેલિબ્રેશન પરફેક્ટ હોય છે, પણ એવું કરવાની કંઈ જ જરૂર નથી. ૨૦૨૨માં ડૉ. પારડીવાલાએ તેના જમણા ઘૂંટણમાં ઑપરેશન કર્યું હતું.

તાજેતરમાં તેણે ઇંગ્લૅન્ડ સામેની એક જ ટેસ્ટમાં બે સેન્ચુરી ફટકારી જે ભારતના વિકેટકીપરોમાં નવો વિક્રમ છે. પંતે ૨૦૨૫ની આઇપીએલમાં અને ત્યાર બાદ તાજેતરમાં લીડ્સમાં ટેસ્ટની પ્રથમ સદી પછી પણ સમરસૉલ્ટથી સૌને ચોંકાવી દીધા હતા.

ડૉ. પારડીવાલાએ એક જાણીતા અંગ્રેજી દૈનિકને જણાવ્યું છે કે ' રિષભે જિમ્નૅસ્ટ તરીકેની તાલીમ લીધી છે. તે ખૂબ જ સ્ફૂર્તિલો છે અને તેનામાં ઍથ્લીટ જેવી ચપળતા છે એટલે જ થોડા સમયથી તે સમરસૉલ્ટથી સેલિબ્રેશન કરતો જોવા મળી રહ્યો છે. તેના મૂવ પરફેક્ટ હોય છે, પણ મને નથી લાગતું કે તેણે આવું બધું કરવાની કોઈ જરૂર છે. રિષભ એ પણ સારી રીતે જાણે છે કે નસીબથી તે જીવતો છે. આવા ગંભીર અકસ્માતમાં બચી જવું એ બહુ મોટી વાત કહેવાય. તે ખૂબ લકી છે. તેની કાર ઊલટી થઈ ગઈ હતી અને આગમાં લપેટાઈ ગઈ હતી. આવા કિસ્સામાં મૃત્યુ થવાની વધુ સંભાવના હોય છે, પરંતુ નસીબજોગે રિષભ બચી ગયો હતો. જેમ કોઈ પણ વ્યક્તિ મોતના મુખમાંથી પાછી આવે ત્યારે જીવન પ્રત્યેનો તેનો દૃષ્ટિકોણ બદલાઈ જાય એવું રિષભની બાબતમાં પણ બન્યું છે. તે જીવનને હવે વધુ સારી રીતે જુએ છે અને અગાઉ કરતાં વધુ સારી રીતે માણે છે. તેના અભિગમમાં અગાઉ કરતાં વધુ ફિલસૂફી જોવા મળી રહી છે એવું તેની નજીકના કેટલાક લોકોનું માનવું છે. ક્રિકેટર તરીકે પણ તે અગાઉ કરતાં વધુ મૉટિવેટેડ છે.'

# રૉબો રમ્યા ફૂટબૉલઃ માનવી વિરુદ્ધ રૉબો વચ્ચેના મુકાબલાની યોજના



બીજિંગઃ ફૂટબૉલમાં ચીનના પુરુષો થોડાં વર્ષોથી ખાસ કંઈ રોમાંચ નથી જગાવી શક્યા, પરંતુ માનવ ખેલાડી જેવા જ લાગતા ચીની રૉબોએ એઆઇ (આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ) ટેક્નોલૉજીની મદદથી સૉકરપ્રેમીઓમાં મોટું એક્સાઇટમેન્ટ લાવી દીધું છે. માનવી જેવું જ ફૂટબૉલ રમતા આ રૉબો પ્લેયર્સની ચાર ટીમ વચ્ચે શનિવારે રાત્રે બીજિંગમાં કેટલીક મૅચ રમાઈ હતી જે દિલધડક રહી હતી અને પ્રેક્ષકોએ ખૂબ માણી હતી. બીજિંગમાં થોડા જ સમયમાં વર્લ્ડ હ્યુમનોઇડ રૉબો ગેમ્સ યોજાવાની છે અને એની પૂર્વતૈયારી તરીકે આ મૅચનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજકોના જણાવ્યા મુજબ આ મૅચમાં તમામ રૉબો ખેલાડીઓ એઆઇ ટેક્નોલૉજીને આધારે સ્વયં સંચાલિત હતા અને એમાં કોઈ પણ રીતે તેમને માનવીની મદદ નહોતી મળી કે તેમના રમવા પર દેખરેખ પણ નહોતી રાખવી પડી.

આ સૉકર રૉબો સાથે અત્યાધુનિક વિઝ્યૂઅલ સેન્સર જોડાયેલા હતા. દરેક રૉબોએ બૉલને શોધીને વાસ્તવિક ખેલાડીની માફક સ્ફૂર્તિપૂર્વક બૉલને પોતાના કબજામાં લેવાની કોશિશ કરી હતી. જે રૉબો પડી જતો તે આપમેળે પાછો ઊભો થઈને રમવા લાગતો હતો. જોકે કેટલાક 'ઈજાગ્રસ્ત' રૉબોને સ્ટાફ દ્વારા સ્ટ્રેચરમાં લઈ જવા પડ્યા હતા. આ દૃશ્ય વાસ્તવિક ફૂટબૉલ મૅચ જેવું જ લાગતું હતું. એપી/પીટીઆઇના અહેવાલ મુજબ ચીનમાં મૅરથન અને બૉક્સિંગમાં પણ રૉબોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રૉબો ખેલાડીઓ સપ્લાય કરનાર બૂસ્ટર રૉબોટિક્સ નામની કંપનીના સ્થાપક ચેન્ગ હાઓના જણાવ્યા મુજબ માનવ જેવું જ વર્તન કરી શકતા રૉબોની મૂવમેન્ટની ચકાસણી માટે ખેલકૂદની હરીફાઈઓ આદર્શ માધ્યમ છે. બની શકે કે ભવિષ્યમાં અમે રૉબોને ફૂટબૉલના મેદાન પર માનવી સામે ઉતારીશું. જોકે એ માટે અમારે સૌથી પહેલાં તો એ ચકાસવું પડશે કે રૉબો પૂર્ણપણે સુરક્ષિત છે કે નહીં. મારો કહેવાનો અર્થ એ છે કે માનવી અને રૉબો વચ્ચેની મૅચમાં પરિણામનું કોઈ મહત્ત્વ નહીં હોય, પણ જેમ માનવીઓની ફૂટબૉલ મૅચમાં સામસામી ટક્કર થતી હોય છે અને હરીફ પ્લેયરને નીચે પાડવામાં આવતા હોય છે એવા અફેન્સિસમાં રૉબા સલામત રહે એની તકેદારી રાખવી પડશે.'

ચાર યુનિવર્સિટીની રૉબો ટીમ વચ્ચે જે મૅચ રમાઈ હતી એમાં સિન્ઘુઆ યુનિવર્સિટીની ટીમે ચાઇના ઍગ્રિકલ્ચરલ યુનિવર્સિટીની ટીમને ૫-૩થી હરાવીને ચૅમ્પિયનશિપ જીતી લીધી હતી. ઉલ્લેખનીય છે કે ચીનના પુરુષો અત્યાર સુધીમાં એક જ વખત ફિફા વર્લ્ડ કપમાં રમી શક્યા છે.

# મહિલા ટી-૨૦માં ભારતનો વર્લ્ડ રેકૉર્ડઃ ઇંગ્લૅન્ડનો સૌથી ખરાબ પરાજય

નૉટિંગમઃ શનિવારે ભારતની મહિલા ટીમે ઇંગ્લૅન્ડની વિમેન્સ ટીમને સિરીઝની જે પ્રથમ ટી-૨૦ મૅચમાં ૯૭ રનથી પરાજિત કરી એમાં સ્મૃતિ મંધાના (૧૧૨ રન, ૬૨ બૉલ, ત્રણ સિક્સર, પંદર ફોર) છવાઈ ગઈ હતી. સ્મૃતિ મહિલા ક્રિકેટના ત્રણેય ફૉર્મેટ (ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦)માં સેન્ચુરી ફટકારનારી ભારતની પહેલી ખેલાડી બની છે. ટેસ્ટ ક્રિકેટમાં તે બે સેન્ચુરી અને વન-ડે ક્રિકેટમાં ૧૧ સદી કરી ચૂકી છે. આ મૅચમાં ભારતે એક વિશ્વ વિક્રમ પણ રચ્યો હતો.

ઇન્ડોનેશિયા અને આર્જેન્ટિના જેવા નાના ક્રિકેટ દેશોને બાજુ પર રાખીએ તો મહિલા ટી-૨૦ ક્રિકેટના મુખ્ય દેશોમાં ભારતે વર્લ્ડ રેકોર્ડ રચ્યો છે. ઉપરાઉપરી બે ટી-૨૦ મૅચમાં ૨૦૦-પ્લસ રન કરનાર ભારત પહેલો દેશ બન્યો છે.

૯૭ રનના માર્જિનની ગણતરીએ ઇંગ્લિશ મહિલા ટીમની આ સૌથી ખરાબ હાર છે. ઇંગ્લૅન્ડની ૨૦૧૯માં ઑસ્ટ્રેલિયા સામે ૯૩ રનથી હાર થઈ હતી જે રેકૉર્ડ હવે ભારતીય ટીમે તોડી નાખ્યો છે.

શનિવારની જીતમાં બૅટિંગમાં ભારત વતી નવો ઈતિહાસ સર્જનાર કૅપ્ટન અને પ્લેયર ઑફ ધ મૅચ સ્મૃતિ મંધાનાનો અને બોલિંગમાં શ્રી ચરની (૩.૫-૦-૧૨-૪)નો સર્વોત્તમ દેખાવ હતો.

૨૦ વર્ષીય લેફ્ટ-આર્મ સ્પિનર ચરનીની આ પહેલી જ ટી-૨૦ મૅચ હતી. મુખ્ય કૅપ્ટન હરમનપ્રીત કૌર પ્રૅક્ટિસમાં માથામાં ઈજા થતાં આ મૅચમાં નહોતી રમી. ઇંગ્લૅન્ડની ટીમ ૨૧૧ રનના ટાર્ગેટ સામે ૧૪.૫ ઓવરમાં માત્ર ૧૧૩ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. શ્રી ચરનીની ચાર વિકેટ ઉપરાંત દીપ્તિ શર્મા અને રાધા યાદવે બે-બે વિકેટ લીધી હતી.ઇંગ્લૅન્ડે ૨૧૧ રનના તોતિંગ લક્ષ્યાંક સામે ધબડકા સાથે શરૂઆત કરી હતી. નવ રનમાં એણે બે વિકેટ ગુમાવી હતી. જો કે પછીથી કેપ્ટન નેટ સિવર-બ્રન્ટે (૬૬ રન, ૪૨ બૉલ, દસ ફોર) એક છેડો સાચવી રાખ્યો હતો, પરંતુ સામા છેડે તેને કોઈનો સાથ નહોતો મળ્યો અને ભારતીય બોલર્સે એક પછી એક વિકેટ સસ્તામાં લીધી હતી.

એ પહેલાં, ભારતે બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૧૦ રન કર્યા હતા જેમાં કાર્યવાહક કૅપ્ટન મંધાના અને હર્લીન દેઓલ (૪૩ રન, ૨૩ બૉલ, સાત ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૯૪ રનની ભાગીદારી સામેલ હતી.

# આજથી વિમ્બલ્ડનઃ અલ્કારાઝ-સિનર અને કૉકો-સબાલેન્કા પર સૌની નજર

લંડનઃ અહીં આજે (સોમવાર, ૩૦મી જૂને) ટેનિસની ગ્રૅન્ડ સ્લૅમ સ્પર્ધાઓમાં સર્વોત્તમ ગણાતી વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપનો આરંભ અસહ્ય ગરમી વચ્ચે થવાની પાકી સંભાવના છે, કારણકે લંડનની વેધશાળા મુજબ દિવસ દરમ્યાન તાપમાન ૩૪ ડિગ્રી જેટલું રહેશે અને એમાં ખેલાડીઓ પ્રથમ રાઉન્ડમાં પસીને રેબઝેબ થઈને બીજા રાઉન્ડમાં પહોંચવા કમર કસશે. પુરુષોમાં વર્લ્ડ નંબર-વન યાનિક સિનર તાજેતરમાં ફ્રેન્ચ ઓપનમાં પરાજિત થયા બાદ હવે ગ્રાસ કોર્ટની વિમ્બલ્ડનમાં ટાઇટલ જીતવા મક્કમ છે.

## જૉકોવિચ પચીસમાં ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલની તલાશમાં

જોકે વર્લ્ડ નંબર-ટૂ સ્પેનના કાર્લોસ અલ્કારાઝને સતત ત્રીજું વિમ્બલ્ડન સિંગલ્સ ટાઇટલ જીતનાર બ્યૉન બોર્ગ, પીટ સૅમ્પ્રસ, રોજર ફેડરર અને નોવાક જૉકોવિચ પછીનો પાંચમો ખેલાડી બનવાનો મોકો છે. અલ્કારાઝે તાજેતરમાં જ સિનરને ક્લે કોર્ટ પરની ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં હારવ્યો હતો. મહિલાઓમાં વર્લ્ડ નંબર-વન એરીના સબાલેન્કા ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં વર્લ્ડ નંબર-ટૂ કૉકો ગૉફ સામે પરાજિત થઈ હતી અને હવે તેઓ પહેલી વાર વિમ્બલ્ડન જીતવા કોઈ કસર બાકી નહીં રાખે. કૉકો અને સબાલેન્કાએ ત્રીજા ક્રમની જેસિકા પેગુલા, જાસ્મિન પાઓલિની તેમ જ ભૂતપૂર્વ નંબર-વન ઇગા સ્વૉન્ટેકના પડકાર માટે પણ તૈયાર રહેવું પડશે.

પુરુષોમાં નોવાક જૉકોવિચ વિક્રમજનક સાત વખત વિમ્બલ્ડન જીતવાની સાથે કુલ ૨૪ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીત્યો છે અને પચીસમા ટાઇટલની તલાશમાં છે.

# મનસુખ માંડવિયા પાલિતાણામાં સ્વચ્છતા સેનાનીઓ સાથે 'સંડે ઓન સાયકલ' માં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ કેન્દ્રીય પ્રધાન ડો. મનસુખ માંડવિયાએ રવિવારે ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાની મુલાકાત લીધી હતી. તેમણે સવારે ૭ વાગ્યે પાલિતાણામાં સ્વચ્છતા કર્મચારીઓ, એનએસએસ (નેશનલ સર્વિસ સ્કીમ) અને માય ભારતના યુવાનો સાથે મળીને 'ફાઈટ ઓબેસિટી' (સ્થૂળતા સામે લડત)નાં સંદેશ સાથે ૨૭મા 'સંડે ઓન સાયકલ' કાર્યક્રમમાં જોડાયા હતા. આ સાયકલ યાત્રા પાલિતાણા શહેરમાં બજરંગદાસ બાપા ચોકથી શરૂ થઈને સરવૈયા ફાર્મ ખાતે પૂર્ણ થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સ્વચ્છતા કર્મચારીઓ, એનએસએસ અને માય ભારતનાં સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.


(તસવીર – વિપુલ હિરાણી, ભાવનગર)

આ પ્રસંગે સંબોધન કરતા મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, સંડે ઓન સાઇકલ સ્વચ્છતા સેનાનીઓ સાથે યોજી અમે સંદેશ આપવા માગીએ છીએ કે, સાયકલ એ નાના માણસનું વ્હીકલ ન રહેતા આપણા સ્વાસ્થ્યના રક્ષક તરીકે તેને જોવી જોઈએ. આપણી ફિટનેસ તરીકે તેને જોઈએ.

વિશ્વમાં કોઈ નાની હોય કે મોટી વ્યક્તિ હોય તે સાઇકલ પર જ પોતાના કામે જાય અને પોતાની જાતને ફિટ રાખવાનો પ્રયાસ કરે. ચાલો આજે સનડે ઓન સાઇકલમાં જોડાઈને ફિટ રહીએ, સ્વસ્થ રહીએ, દેશને સમૃદ્ધ બનાવીએ અને મોદીજીની ફિટ ઈન્ડિયા મુવમેન્ટને સફળ કરીએ.

સાઇકલ યાત્રા બાદ, ડો. માંડવિયાએ પાલિતાણાના નોંઘણવદર, નેસડી, હણોલ, આંકોલાળી, લોઈચડા અને સેંજળીયા ગામોમાં વૃક્ષારોપણ કર્યું હતું.

નોંઘણવદર ગામે વૃક્ષારોપણ પહેલા ગામનાં સૈનિક જવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. સ્થાનિક લોકોએ ઠેર ઠેર ડો. માંડવિયાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ■

# રાજકોટની ૨૨ માળની બિલ્ડિંગમાં મેગા ફાયર મોક ડ્રિલ કરી બેનું દિલધડક રેસ્ક્યૂ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ ફાયર બ્રિગેડ દ્વારા આજે શહેરના નાનામવા મેઈન રોડ પર આવેલી ૨૨ માળની સિલ્વર હાઇટ્સ બિલ્ડિંગમાં એક મોક ડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલ દરમિયાન આઠમા માળે આગ લાગવાના દ્રશ્યો સર્જી, બે વ્યક્તિઓનું દિલધડક રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું, અને લોકોને આગ સમયે શું કરવું તેની વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી.

મોક ડ્રિલની શરૂઆત એક વાસ્તવિક ઘટનાની જેમ થઈ હતી, જ્યાં બિલ્ડિંગમાં રહેતી એક મહિલાએ ફાયરબ્રિગેડને આગ લાગી હોવાની જાણ કરી હતી. ફોન કર્યાના માત્ર ૧૦ મિનિટમાં જ ફાયરબ્રિગેડનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. હાઇડ્રોલિક પ્લેટફોર્મની મદદથી ફાયર જવાનો આઠમા માળ સુધી પહોંચ્યા અને ગણતરીની મિનિટોમાં જ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

આ દરમિયાન, આગમાં ઇજાગ્રસ્ત થયેલા દર્શાવવામાં આવેલા બે વ્યક્તિનું હાઇડ્રોલિક પ્લેટફોર્મની મદદથી સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું અને તેમને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. જોકે, થોડીવાર બાદ જ આ સમગ્ર ઘટના એક મોક ડ્રિલ હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

રાજકોટના ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરે માહિતી આપતા કહ્યું હતું કે, ''શહેરના નાનામવા મેઈન રોડ પર આવેલી ૧૫૦ ફૂટ રિંગ રોડ પરની સિલ્વર હાઇટ્સ બિલ્ડિંગમાં આઠમા માળે આગ લાગવાના સમાચાર મળતા ફાયરબ્રિગેડનો સ્ટાફ ફાયર ફાઈટર, હાઇડ્રોલિક પ્લેટફોર્મ સહિતના તમામ સાધનો સાથે ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. જોકે આ એક મોક ડ્રિલ હતી.'' તેમણે ઉમેર્યું કે, ફાયરબ્રિગેડ પાસે ૮૧ મીટરનું હાઇડ્રોલિક પ્લેટફોર્મ છે, જે ૨૫ માળ સુધીના લોકોને બચાવી શકે છે. ■

# ભાવનગરના દિવ્યાંગ ખેલાડી અલ્પેશ સુતરિયાને તાઈવાનમાં યોજાયેલ ઈન્ટરનેશનલ પેરા ટેબલ ટેનિસમાં બ્રોન્ઝ જીત્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં ડિપાર્ટમેન્ટ ઑફ પોસ્ટમાં પોસ્ટલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા દિવ્યાંગ ખેલાડી અલ્પેશ સુતરિયાએ પેરા ટેબલ ટેનિસ ઇન્ટરનેશનલ સ્તરે તાઈવાનમાં ત્રીજી વખત દેશનું પ્રતિનિધિત્વ કરીને પેરા ટેબલ ટેનિસમાં બ્રોન્ઝ વિજેતા થયા હતા.

૧૪ દેશના ખેલાડીઓએ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં ક્લાસ વન કેટેગરીમાં ઇન્ડિયાનું પ્રતિનિધિત્વ કરી રહેલા અલ્પેશ સુતરિયાએ ઇન્ટરનેશનલ પેરા ટેબલ ટેનિસ વર્લ્ડ પેરા ફ્યુચર તાઈપાઈ ૨૦૨૫માં ભાગ લઈને તાઈપાઈ શહેરમાં યોજાયેલી આ ટૂર્નામેન્ટમાં સિંગલ ઇવેન્ટમાં બ્રાન્ઝ મેડલ પ્રાપ્ત કરીને દેશ અને ગુજરાતનું નામ રોશન કર્યુ છે.

ક્લાસ વન કેટેગરીમાં અલ્પેશ સુતરીયાએ સેમિફાઇનલમાં હૅંગકૉંગના કીમ કાર્યા વર્લ્ડ નંબર ૨૦ ને હરાવીને સેમિફાઇનલમાં જીત મેળવેલી અને જે. ડી. મેદાન સામે ૦-૩ થી ખૂબ ટફ ફાઈટ આપી બ્રોન્ઝ મેડલ ભારતના નામે કર્યો હતો. જેથી તેઓને વર્લ્ડ રેંકિંગમાં ખૂબ જ ફાયદો થશે. આ સિદ્ધિ પ્રાપ્ત કરીને ભારત અને ગુજરાતનુ નામ રોશન કર્યુ છે. અલ્પેશ સુતરિયાને પૉલિયો હોવા છતાં હિંમત ન હાર્યા અને પેરા ટેબલ ટેનિસ ઇન્ટરનેશનલ સ્તરે તાઈવાનમા ત્રીજી વખત દેશનું પ્રતિનિધિત્વ કરીને આ સિદ્ધિ હાંસલ કરી છે. ■


(તસવીર – વિપુલ હિરાણી, ભાવનગર)

# ભાવનગર શહેર અને જિલ્લાના કૉંગ્રેસના નવનિયુક્ત પ્રમુખનો પદગ્રહણ સમારોહ યોજાયો



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં શક્તિસિંહ ગોહિલની અધ્યક્ષતામાં ભાવનગર જિલ્લા પ્રમુખ તેમજ ભાવનગર શહેર પ્રમુખનો પદ ગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. ભાવનગર ખાતે ભાવનગર શહેર અને જિલ્લા કૉંગ્રેસ સમિતિના નવનિયુક્ત પ્રમુખ લાલભા ગોહિલ અને જિલ્લા પ્રમુખ પ્રવીણભાઈ રાઠોડનો પદગ્રહણ સમારંભ સવારના ૧૦:૩૦ કલાકે ક્રેસન્ટ સર્કલ શિવ શક્તિ હોલ ખાતે રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ અને પૂર્વ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભાવનગર શહેર અને જિલ્લાના પૂર્વ ધારાસભ્યઓ તથા તાલુકાના પ્રમુખો તથા જિલ્લા પંચાયતના સભ્યો તથા હોદ્દેદારઓ વિવિધ સેલ ચેરમેનો અને દરેક વિભાગના અગ્રણીઓ એન.એસ.યુ.આઇ, યુવક કૉંગ્રેસ, સેવાદળ, મહિલા કૅંગ્રેસ સહિત તમામો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના સરધારમાં અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહી કરવાની માગ સાથે વેપારીઓનો બંધ પાળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ નજીકના સરધાર ગામમાં છેલ્લા કેટલાક સમયથી અસામાજિક તત્ત્વોનો ત્રાસ અસહ્ય વધી રહ્યો છે. કાયદો અને વ્યવસ્થાની કથળતી સ્થિતિને કારણે ગામલોકોમાં ભયનો માહોલ છે. આથી રવિવારે સરધાર ગામના તમામ વેપારીઓ અને દુકાનદારોએ પોતાના ધંધા-રોજગાર બંધ રાખીને ગ્રામજનોના આંદોલનને સમર્થન આપ્યું હતું. સવારથી જ ગામમાં સજ્જડ બંધ પાળવામાં આવ્યું હતું.


(તસવીર – પ્રવીણ સેદાણી, રાજકોટ)

ઘટનાની મળતી વિગતો અનુસાર, એક વેપારી પોતાની ટાયરની દુકાને હતા ત્યારે સિકંદર સિંધી અને અન્ય બે અજાણ્યા શખ્સો તેમની દુકાનમાં ઘસી આવ્યા હતા. સિકંદર સિંધીએ ટાયર બદલવાની વાત કરી હતી, પરંતુ તેણે શરૂઆતમાં રૂપિયા ચૂકવ્યા નહોતા. વેપારીએ રૂપિયા માટે પૂછતાં, સિકંદર સિંધીએ ગૂગલ પે દ્વારા ચુકવણી કરી હતી. જોકે, વેપારી પાસે કંપનીનું ચોક્કસ ટાયર ઉપલબ્ધ ન હોવાથી આ શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા.

આ બોલાચાલી ઝઘડામાં પરિણમી હતી અને શખ્સોએ વેપારીને માર માર્યો હતો. આટલું જ નહીં, સિકંદર સિંધી સાથે રહેલા એક વ્યક્તિએ પોતાની કારમાંથી છરી કાઢીને વેપારીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટનાને પગલે સરધાર ગામમાં ભય અને તણાવનો માહોલ છવાયો હતો. સ્થાનિક ગ્રામજનો અને વેપારીઓ દ્વારા આ મામલે વહેલી તકે કડક કાર્યવાહી કરવાની અને દોષિતોને પકડવાની તાત્કાલિક માગ કરવામાં આવી હતી, જેથી ગામમાં કાયદો અને વ્યવસ્થા પુનઃસ્થાપિત થઈ શકે. ■

# રાજકોટની દાણાપીઠ બજારમાં તસ્કરોએ એક રાતમાં છ દુકાનોને નિશાન બનાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની સૌથી જૂની અને વ્યસ્ત બજાર ગણાતી દાણાપીઠમાં ફરી એકવાર ચોર ગેંગ ત્રાટકી હતી. તસ્કરોએ ૬ દુકાનોના તાળા તોડવાનો પ્રયાસ કર્યો હતો, જેમાંથી બે દુકાનોમાં ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. આ ચોરીમાં રૂપિયા ૫,૦૦૦ની રોકડ અને એક મોબાઈલ ગાયબ થયા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા, જેમાં બે તસ્કરો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

આ અંગે વિગતો આપતા રાજકોટની દાણાપીઠ વેપારી એસોસિએશનના પ્રેસિડેન્ટે જણાવ્યું હતું કે, ''રાત્રે બેથી અઢી વાગ્યાના સુમારે અજાણ્યા શખસો દ્વારા દુકાનોના નકૂચા અને તાળા તોડી નાખવામાં આવ્યા હતા. બે દુકાનમાંથી રૂ.૫,૦૦૦ રોકડ અને એક મોબાઈલની ચોરી થઈ હતી, જ્યારે અન્ય દુકાનોમાં ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.'' ચોંકાવનારી વાત એ છે કે, બંને ચોરને જાણે પોલીસનો ડર ન હોય તેમ મોઢા પર કોઈ પણ પ્રકારનું કપડું બાંધ્યા વિના ખુલ્લેઆમ ચોરીને અંજામ આપી ફરાર થઈ ગયા હતા.

ચોરીનો ભોગ બનેલી દુકાનોમાં હિરાજન ધનજી, પીતાંબરદાસ ભવનભાઈ, જગદીશ ટ્રેડિંગ કંપની, લક્ષ્મણ ટ્રેડિંગ, અંકુર ટ્રેડર્સ અને જયેન્દ્ર કુમાર છોટાલાલનો સમાવેશ થાય છે. દાણાપીઠમાં મોટાભાગે રોકડ રકમની ચોરી કરવા માટે જ તસ્કરો આવતા હોય છે, જ્યારે વસ્તુઓ કે અનાજની ચોરી થતી નથી.

આ ઘટના બાદ એ ડિવિઝન પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. જોકે, વેપારીઓમાં પોલીસની કામગીરી સામે રોષ જોવા મળી રહ્યો છે. વેપારીઓનું કહેવું છે કે, દાણાપીઠમાં અગાઉ પણ ચોરીની ઘટનાઓ બની છે. ત્યારે પોલીસ દ્વારા પેટ્રોલિંગ વધારવામાં આવે છે, પરંતુ જેવું નાઈટ પેટ્રોલિંગ ઓછું કરવામાં આવે છે કે તરત જ ફરી ચોરીની ઘટનાઓ બને છે. ■

# અમદાવાદની વિમાન દુર્ઘટનામાં મરણ પામેલા દહીંસરાના યુવકના ડીએનએ આખરે મેચ થયા :

## ૧૬મા દિવસે ગામમાં અંતિમવિધિ પૂર્ણ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગત ૧૨મી જૂનના રોજ અમદાવાદમાં તૂટી પડેલા એર ઇન્ડિયાના ડ્રિમલાઈનર પ્લેનમાં સવાર ભુજ તાલુકાના દાહીસરા ગામના ૩૨ વર્ષીય યુવક અનિલ શાતાજી ખીમાલીના નશ્વર દેહના દુર્ઘટનાના ૧૬મા દિવસે માદરે વતનમાં અંતિમ સંસ્કાર કરાયા હતા.

અષાઢી બીજના સપરમા દિવસે અનિલના ડીએનએ મેચ થઈ જતાં પરિવારને મૃતદેહ સુપરત કરી દેવાયો હતો. વરસાદી વાતાવરણ વચ્ચે સંધ્યાકાળે જ્યારે શબવાહિનીમાં અનિલનો મૃતદેહ કચ્છના દહીસરા ખાતે લવાયો ત્યારે આખું ગામ હીંબકે ચઢ્યું હતું. પરિવારના એક સભ્યે ભીની આંખે જણાવ્યું હતું કે, અનિલનો મૃતદેહ ૯૦ ટકા જેટલો દાઝી ગયો હોઈ, મૃતદેહમાંથી ડીએનએ મેળવવામાં તબીબોને જહેમત ઉઠાવવી પડી હતી. ડીએનએ મેચિંગના મલ્ટિપલ રાઉન્ડ બાદ આખરે ડીએનએ મેચ થયો હતો.

ત્રણ ભાઇઓમાંનો એક અનિલ અગાઉ સેશલ્સમાં કામ કરી આવ્યો હતો. એક દૂરના સંબંધીએ તેને છ માસ માટે લંડન બોલાવતાં તે પહેલીવાર લંડન જતો હતો. એર ઈન્ડિયાની એ કમનસીબ ફલાઈટમાં ૨૧-૯ નંબરની સીટ પર તે બેઠો હતો. ■

# સૂરજબારી પુલ પાસે ચાલતી કાર પર પવનચક્કીનું તોતિંગ પાંખડું પડતાં એકનું કમકમાટીભર્યું મોત, ચાર ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના પ્રવેશદ્વાર એવા સામખિયાળીના સૂરજબારી પુલ પાસે ભારે માલવાહક વાહનમાંથી પવનચક્કીનું તોતિંગ પાંખડું નજીક જઈ રહેલી કાર પર ખાબકતાં ચાર લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી જેમાં પારૂલબા શકિતસિંહ જાડેજા (ઉ.વ.૪૦) તત્કાળ મુત્યુ થયુ હતું.

આ ગોઝારી ઘટના સાંજે પાંચ વાગ્યાના અરસામાં બની હતી જેમાં માંડવીનો પરિવાર કારમાં અમદાવાદ તરફ જઈ રહ્યો હતો.


(તસવીર – ઉત્સવ વૈદ્ય, ભુજ)

તેઓ સુરજબારી પૂલ પાસે પહોંચ્યા ત્યારે બાજુમાંથી પસાર થઇ રહેલાં ટ્રેઇલરની પાછળ બાંધવામાં આવેલો પવનચક્કીનો તોતીંગ ભાગ કાર પર પડ્યો હતો. વજનથી દબાઈ ગયેલી કારમાં બેઠેલા પાંચ મુસાફરો ગંભીર રીતે ઘવાયા હતા.

સ્થાનિક લોકો અને વાહન ચાલકો ધ્વારા ઈજાગ્રસ્તોને કચ્ચરઘાણ થઇ ગયેલી કારમાંથી ભારે જહેમત બાદ બહાર કઢાયા હતા અને સૂરજબારી ટોલ પ્લાઝાની એમ્બ્યુલન્સ મારફતે સામખિયાળીની ખાનગી હૉસ્પિટલ ખાતે મોકલાયા હતા.

આ બનાવમાં માંડવીના પારૂલબા શકિતસિંહ જાડેજા (ઉ.વ.૪૦)નું મોત થયું હતું જયારે ઈન્દ્રસિંહ રૂપસિંહ જાડેજા (ઉ.વ.૧૭), દિવ્યાબા શકિતસિંહ જાડેજા (ઉ.વ.૨૨), સહદેવસિંહ શકિતસિંહ જાડેજા (ઉ.વ.૨૩) તથા અમદાવાદના રૂદ્રદતસિંહ ગજેન્દ્રસિંહ ચૌહાણા (ઉ.વ.૨૩)ને ઈજાઓ પહોંચી હોવાનુ પોલીસે જણાવ્યુ હતું. કાર પર ખાબકેલા પવનચક્કીના પુર્જાને હટાવવા માટે મોરબીથી ખાસ ક્રેન મગવવામાં આવી હતી. ટ્રાફિકથી સતત ધમધમતા આ ધોરીમાર્ગ પર અંદાજિત ૧૦ કિલોમીટર સુધી જટીલ ટ્રાફિક જામ સર્જાયો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# કચ્છના શિણાય નજીક અપહ્યત કિશોરી ઉપર દુષ્કર્મ આચરનારા બે નરાધમ પકડાયા

ભુજઃ કચ્છના આદિપુરના શિણાય ગામ નજીક ઓટલા પર બેઠેલા કિશોર-કિશોરીને પોલીસનો ડર બતાવી, નિર્જન જગ્યાએ કિશોરી ઉપર દુષ્કર્મ આચરવાના ભારે ચર્ચાસ્પદ બનેલા મામલામાં પોલીસે ગણતરીના કલાકોમાં બે નરાધમોની ધરપકડ કરી હતી.

અંજાર-આદિપુર માર્ગ ઉપર શનિદેવ મંદિરથી શિણાય તરફ જતા માર્ગ ઉપર ગત તા ૨૬-૬ના સમી સાંજે આ બનાવ બનવા પામ્યો હતો જેમાં એકાંત માણી રહેલા કિશોર-કિશોરીને પોલીસ મથકે લઈ જવાનું કહી, બે શખ્સોએ કિશોરીનું અપહરણ કર્યું હતું. નિર્જન જગ્યાએ લઇ જઈ, જાનથી મારીને જમીનમાં દાટી દેવાની ધમકી આપી તેના ઉપર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો.

રાજ્યભરમાં ચકચાર જગવનારા આ બનાવને પગલે પોલીસે જુદી-જુદી ટુકડીઓ બનાવી તપાસનો ધમધમાટ આરંભ્યો હતો. પૂર્વ કચ્છ સ્થાનિક ગુન્હાશોધક શાખા અને આદિપુર પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આ ગુનામાં સામેલ મહેશ ઉર્ફે ડાભલો મોતી કોળી (રહે.વિજય નગર,કોળીવાસ, અંજાર), સંદિપગર ઘનશ્યામગર ગુંસાઈ (રહે.નવકાર હોમ્સ, મેઘપર કુંભારડી, તા.અંજાર)ની ધરપકડ કરી હતી. હિનકૃત્ય કરનારા આરોપીઓ પાસેથી કાળા રંગનું મોટરસાઈકલ કિં.રૂ.૭૦ હજાર, એક ૫૦૦૦૦ રૂપિયાનો મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૧.૨૦ લાખનો મુદ્દામાલ હસ્તગત કરાયો હતો. તહોમતદારોને રિમાન્ડની માગ સાથે નામદાર અદાલત સમક્ષ રજૂ કરવામાં આવશે તેવું જાણવા મળી રહ્યું છે. ■

# કચ્છના ગોધરામાંથી ૫૫.૬૫ ગ્રામ અફઘાની ગાંજા સાથે પરપ્રાંતીય શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના માંડવી તાલુકાના ગોધરામાં સ્થિત જૈન કન્યા છાત્રાલયની ઓરડીમાંથી સ્થાનિક પોલીસે એક પરપ્રાંતીય શખ્સને ૫૫.૬૫ ગ્રામ અફઘાની ગાંજા સાથે દબોચી લીધો હતો. એક વાયરલ વીડિયોમાં ખુલ્લેઆમ એક શખ્સ ગાંજો વેંચતો હોવાનું ધ્યાને આવ્યા બાદ પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહી અંગે પ્રાપ્ત વિગતો મુજબ, વાયરલ વીડિયોમાં દેખાતો આરોપી કેટરિંગના કામ અર્થે ગોધરા આવ્યો હોવાનું અને જૈન કન્યા છાત્રાલયની ઓરડીમાં રોકાયેલો હોવાનું જાણવા મળ્યા બાદ ધસી ગયેલી માંડવી પોલીસે મૂળ પશ્ચિમ બંગાળના તપન મહીતોશ ચક્રવર્તીને અટકમાં લીધો હતો. ■

# મગફળીનો પાક નિષ્ફળ જતાં રાજકોટ જિલ્લાના જામદાદર ગામના ખેડૂતે જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં વધુ એક ખેડૂતે આત્મહત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. રાજકોટ જિલ્લાના જામદાદર ગામના માધાભાઈ સામતભાઈ રાઠોડ (ઉંમર ૫૦) નામના ખેડૂતે પાક નિષ્ફળ જવાની ચિંતામાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ખેડૂતના આઘાતજનક પગલાથી તેના પરિવાર અને સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

મળતી વિગતો અનુસાર રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના જામદાદર ગામના ખેડૂત માધાભાઈ રાઠોડે ચાલુ વર્ષે પોતાની વાડીમાં આશા સાથે ૬ થી ૮ વીઘામાં મગફળીનું વાવેતર કર્યું હતું. આ વાવેતર માટે તેમણે માથે દેવું કર્યું હતું, જો કે આ મગફળીનો પાક નિષ્ફળ જતાં તેમને પારાવાર નુકસાન થયું હતું. પાક નિષ્ફળ જતાં હવે તેમણે કરેલા દેવાની ચુકવણી કેવી રીતે કરવી તે બાબતની ચિંતા માધાભાઈને સતાવી રહી હતી.

આર્થિક સંકડામણ અને દેવાના બોજને કારણે ચિંતામાં સરી પડેલા માધાભાઈ છેલ્લા કેટલાક દિવસથી માનસિક તણાવમાં રહેતા હતા. આ ચિંતાએ જ માધાભાઈને અંતિમ પગલું ભરવા મજબૂર કર્યા અને તેમણે પોતાના ખેતરમાં આવેલી ઓરડીમાં ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતા જામકંડોરણા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહનો કબજો લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ગોધરાની પરિચારિકાની ઘાતકી હત્યા કરનાર કોડાય ગામના ઝનૂની પ્રેમીની ચાર્જશીટ બાદની જામીન અરજી રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના માંડવી તાલુકાના ગોધરા ગામમાં ગૌરી તુલસીભાઈ ગરવા નામની ૨૮ વર્ષીય યુવતી પર સરાજાહેર ગુપ્તી અને તલવાર વડે ઘાતકી હુમલો કરીને સ્થળ પર કરપીણ હત્યા નિપજાવનારા એકતરફી ઝનૂની પ્રેમીએ દાખલ કરેલી જામીન અરજી નામદાર અદાલતે ફગાવી દીધી હતી.

રાષ્ટ્રીયસ્તરે ચકચાર જગાવનારો આ હત્યાકાંડ ૩૦-૧૨-૨૦૨૪ના રોજ વહેલી પરોઢે સાડા પાંચના અરસામાં ગૌરીના ઘર નજીક બન્યો હતો, જેમાં તુબડીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કેન્દ્રમાં પરિચારિકા તરીકે ફરજ બજાવનારી હતભાગી યુવતી ગામના બસ સ્ટોપ પાસે ઊભી હતી ત્યારે મોટરસાઇકલ પર આવેલા કોડાયના સાગર રવજી સંપાર (સુઈયા) નામના યુવકે ઘાતક હથિયાર વડે ગૌરી પર હુમલો કર્યો હતો જેમાં તેણીનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું. ગૌરીનું ઢીમ ઢાળી દીધા બાદ સાગરે ઝેર પી લીધું હતું અને માંડવીની સરકારી હૉસ્પિટલમાં દાખલ થઈ ગયો હતો.

મામલતદાર સમક્ષ મરણોન્મુખ નિવેદનમાં તેણે ગૌરી સાથે તેને પ્રેમ સંબંધ હતો, પરંતુ ગૌરીએ તેની સાથે બોલવાનું બંધ કરી દેતાં હત્યા કરી હોવાનું જણાવ્યા બાદ પોલીસે તેની ધરપકડ કરી હતી. ચાર્જશીટ બાદ આરોપીએ ભુજ સેશન્સ કોર્ટમાં નિયમિત જામીન અરજી દાખલ કરી હતી. બંને પક્ષની દલીલો સાભળ્યા બાદ આઠમાં અધિક સેશન્સ જજ અને ખાસ એટ્રોસિટી કોર્ટના વિશેષ જજ તુષાર ખાધડીયાએ અરજી ફગાવી દીધી હતી.

જજે અવલોકનમાં જણાવ્યું હતું કે, આ પ્રકારના ગુનાઓ વધી રહ્યા છે અને તેની ગંભીર અસરો સમાજ પર પડી રહી છે. ગુનામાં આરોપીની પ્રથમ દર્શનીય સંડોવણી અને ગુનાની ગંભીરતાને અનુલક્ષીને જજે તેને જામીન આપવા ઈન્કાર કર્યો હતો. ■

# મુંદરાના ટુંડાની નદીમાં માછીમારી કરવા ગયેલો ઉત્તર પ્રદેશનો યુવક ડૂબ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મુંદરાના ટુંડા ગામની નદીમાં માછીમારી કરવા ગયેલો મૂળ ઉત્તરપ્રદેશનો ૩૬ વર્ષીય હરિન્દરકુમાર લાલ બચનરામનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લાનો અને હાલે મુંદરાના ટુંડા ખાતેની લેબર કોલોનીમાં રહેતો હરિન્દરકુમાર, ગામના પાદરે આવેલી નદીમાં માછીમારી કરવા ગયો હતો અને સાંજે પાણીમાં ગરક થઇ ગયો હતો.

નદીમાં યુવક ડૂબ્યાની સૂચના ભુજની ફાયર ટીમને મળતાં રેસ્ક્યૂ ટીમ, અંડર વોટર રોબોટ, રેસ્ક્યૂ બોટ તથા સાધનો-વ્હીકલ સાથે ઘટના સ્થળે જઇ ત્રણ કલાકની જહેમત બાદ ડૂબેલા મૂળ ઉત્તર પ્રદેશના ૩૬ વર્ષીય હરિન્દરકુમાર લાલ બચનરામના મૃતદેહને પાણીમાંથી બહાર કઢાયો હતો. મુંદરા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તજવીજ હાથ ધરી છે. ■